૧૩ વર્ષની વોરંટી
ઉધઇ પેસ્ટ કંટ્રોલ
પાણી પહેલા પાળ બાંધો
નેનો ટેકનોલોજી દ્વારા
વોટર પ્રુફીંગ
ભક્તિ એન્ટરપ્રાઈઝ
વિરાણી ચોક, રાજકોટ.
Mo. 74051 50005

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૯ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૭-૫-૨૦૨૪ - શુક્રવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૨૭ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

jai ganga SOLAR WATER HEATER
JAI GANGA SOLAR ENERGY PVT. LTD.-RAJKOT
Call : 99093 23239, 80009 23239

વિદ્યા ભારતી સંલગ્ન
સરસ્વતી શિશુ મંદિર
પ્રવીણકાકા મણીઆર કેમ્પસ, ૧-મારૂતિનગર, એરપોર્ટ રોડ, રાજકોટ.
LKG, ધોરણ-૧ થી ધોરણ-૧૨માં
પ્રવેશ ચાલુ છે.
87800 00251 / 87802 68780
સાયન્સ તથા કોમર્સ
• ગુજરાતી મીડિયમ
• ઈંગ્લીશ મીડિયમ
• અદ્યતન વિશાળ ભવન
• આધુનિક સુવિધાપુર્ણ બાલવાટિકા વિભાગ
• વિશાળ મેદાન
MANISH ADS

### મે મહિનાનો પ્રકોપ: રાજયના તમામ શહેરો ધગધગ્યા

# આકાશી અગનવર્ષા: રાજકોટનું તાપમાન ૪૩.૪ ડીગ્રી

## ચામડી દઝાડતા આકરા તાપ વચ્ચે લૂની થપાટ: માર્ગો સુમસામ: હજુ હીટવેવ જેવી હાલત જારી રહેવાની ચેતવણી

રાજકોટ તા.૧૭

રાજકોટ શહેરમાં આજરોજ સતત ચોથા દિવસે બપોરે આંશિક વાદળછાયા વાતાવરણ વચ્ચે અંગ દઝાડતી ગરમીનો અનુભવ થયો હતો.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં બપોરનાં ભાગે ૪૨થી૪૩ ડીગ્રી તાપમાન નોંધાય છે.

ત્યારે, આજરોજ પણ રાજકોટવાસીઓ સૂર્યદેવનાં પ્રકોપથી અકળાઈ ગયા હતા. વાદળો અને સૂર્યદેવતા વચ્ચે સંતાકુકડીની રમત દરમ્યાન નગરજનો આકરાતાપ અને બફારામાં પરસેવે ન્હાયા હતા.

આજરોજ સવારે ૮.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૩૧ ડીગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૭ ડીગ્રી નોંધાયુ હતું.

દરમ્યાન બપોરે ૨.૩૦ કલાકે ફરી એક વાર રાજકોટનું તાપમાન ૪૩.૪

**બપોરે ૨.૩૦ કલાકે**

ડીગ્રી સુધી પહોંચી જતા રાજકોટમાં ચાલુ માસનું સૌથી ઉંચુ તાપમાન નોંધાવા પામ્યુ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે બપોરે અઢી કલાકે હવામાં ભેજ માત્ર ૨૧ ટકા હતો અને પવનની ઝડપ પણ ૮ કી.મી. સુધીની મંદ રહી હતી. આથી રાજકોટમાં આજે મધ્ય બપોરે સંભવત:


(અનુસંધાન છઠ્ઠા પાને)





રાજકોટમાં આજે બપોરે ફરી એકવાર ચાલુ સીઝનનું હાઈએસ્ટ તાપમાન નોંધાતા મનુષ્યની સાથોસાથ અબોલ જીવો પણ અકળાઈ ગયા હતા. સખ્ત તાપ અને બફારાનાં પગલે રાજમાર્ગો તથા બજારો સુમસામ થઈ ગયા હતા. (તસ્વીર: દેવેન અમરેલીયા)

# ટી-૨૦ વર્લ્ડકપ: ભારત-પાક મહામુકાબલો થવાનો છે તે મુંબઈના વાનખેડે જેવુ ન્યુયોર્કનું મેદાન તૈયાર



## ૬ માસમાં જ તૈયાર થયેલા સ્ટેડિયમમાં ૩૪૦૦૦ દર્શકોની ક્ષમતા

મુંબઈ તા.૧૭

આગામી જૂનમાં યોજનારા ટી૨૦ વર્લ્ડકપ માટે દુનિયાભરના ક્રિકેટરસિયાઓમાં ઉતેજના પ્રવર્તી રહી જ છે અને તેમાં સૌથી વધુ ફોકસ ભારત-પાકિસ્તાન વચ્ચેના મહામુકાબલા પર છે. આ જંગ ન્યુયોર્કના નવનિર્મિત મેદાન પર રમાવાનો છે અને આ મેદાન મુંબઈના વાનખેડે જેવુ જ છે.

ટી૨૦ વર્લ્ડકપ અમેરિકા તથા વિન્ડીઝમાં રમાવાનો છે. અમેરિકામાં પ્રથમવાર યોજાતી આ ટુર્નામેન્ટમાં રિસ્પોન્સ કેવો મળે છે તેના પર નજર રાખવામાં આવી જ રહી છે જયારે ૯ જૂને ન્યુયોર્કના નાસાઉ કાઉન્ટી સ્ટેડીયમમાં યોજનારા મહામુકાબલા પર દુનિયાભરના ક્રિકેટ ફેન્સની નજર રહેવાનું સ્પષ્ટ છે.

ભારત-પાકિસ્તાનનો મહામુકાબલો જયાં યોજાવાનો છે તે સ્ટેડીયમ મેનહટ્ટનથી ૩૫ કિલોમીટર દુર છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલ તથા યુનાઈટેડ સ્ટેટ ક્રિકેટે તે માત્ર ૬ મહિનામાં તૈયાર કર્યુ છે તેમાં ૩૪૦૦૦ દશકોની ક્ષમતા છે. સ્ટેડીયમ બનાવવામાં કોઈ કસર રાખવામાં આવી નથી. આ મેદાન પર ૮ મેચ રમાવાના છે તેમાં ભારતના ત્રણ મેચ હશે.

(અનુસંધાન છઠ્ઠા પાને)

### એક પછી એક એજન્સીઓના ભારતીય અર્થતંત્ર પર જોરદાર રીપોર્ટ

# ભારતીય અર્થતંત્ર ટનાટન; ૭ ટકાની નજીકના દરે વિકાસ પામશે: હવે 'યુનો'એ લક્ષ્યાંક વધાર્યો

ન્યુયોર્ક (અમેરિકા), તા.૧૭

સંયુક્ત રાષ્ટ્રે તેના રિપોર્ટમાં ભારતમાં શ્રમ બજાર સૂચક બહેતર થયું હોવાનું અને અર્થ વ્યવસ્થા લગભગ ૭ ટકાના દરે વધવાનું અનુમાન વ્યકત કર્યું છે.

સંયુક્ત રાષ્ટ્ર ભારતીય અર્થ વ્યવસ્થાના વિકાસ દરના પૂર્વાનુમાનમાં સંશોધન કરીને જણાવ્યું છે કે ભારતીય અર્થ વ્યવસ્થા વર્ષ ૨૦૨૪માં લગભગ ૭ ટકાના દરે વધશે. સંયુક્ત રાષ્ટ્રે વધુમાં જણાવ્યું હતું કે મજબૂત સાર્વજનિક રોકાણ અને



લચીલા અંગત ઉપભોગને લઇને ભારતીય અર્થ વ્યવસ્થામાં તેજી જળવાઇ રહેશે.

સંયુક્ત રાષ્ટ્રના પૂર્વાનુમાન અનુસાર ભારતીય અર્થ વ્યવસ્થા માટે પૂર્વાનુમાન છે કે તે વર્ષ ૨૦૨૪માં ૬.૯ ટકાના વિકાસ દરથી વધશે અને ૨૦૨૫માં આ વિકાસ દર ૬.૬ ટકા રહેશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મજબૂત ઘરેલું માંગ અને મેન્યુફેક્ચરીંગ અને સર્વિસ

(અનુસંધાન છઠ્ઠા પાને)

# હવે નેપાળે એમડીએચ અને એવરેસ્ટ મસાલા પર પ્રતિબંધ મૂકયો

## સિંગાપોર-હોંગકોંગ બાદ ભારતીય મસાલા પર પ્રતિબંધ મુકનાર નેપાળ ત્રીજો દેશ બન્યો : ચકાસણી રીપોર્ટ ન આવે ત્યાં સુધી આયાત-વેંચાણ નહીં થઇ શકે

નવી દિલ્હી, તા. ૧૭

સિંગાપોર અને હોંગકોંગ બાદ હવે ભારતના પાડોશી દેશ નેપાળે પણ એમડીએચ અને એવરેસ્ટના મસાલા પર પ્રતિબંધ મુકવાનો આદેશ જારી કર્યો છે. ભારતની આ બંને મસાલા કંપનીઓની પ્રોડકટનું વેચાણ, વપરાશ કે આયાત કરવા પર મનાઇ ફરમાવી દેવામાં આવી છે.

નેપાળના ફૂડ વિભાગના પ્રવકતા મોહનકૃષ્ણ મહારાજે જણાવ્યું હતું કે ભારતના એમડીએચ અને એવરેસ્ટ મસાલાની આયાત પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. માર્કેટમાં પણ તેનું વેચાણ રોકી દેવાની સૂચના આપી દેવામાં આવી




છે. આ બંને બ્રાન્ડના મસાલામાં ખતરનાક કેમીકલ હોવાના મુદ્દે તપાસ કરવામાં આવી રહી છે અને તેનો રીપોર્ટ આવતા સુધી પ્રતિબંધ ચાલુ રહેશે.

ભારતની ટોચની મસાલા બ્રાન્ડ એમડીએચ અને એવરેસ્ટ મામલે કેટલાક વખતથી વિશ્વના અનેક દેશોમાં વિવાદ ચાલી રહ્યો છે આ બંને કંપનીના મસાલામાં કેન્સરજન્ય ઈથીલીન ઓકસાઇડ નામનુ કેમીકલ હોવાના દાવા બાદ સિંગાપોર અને હોંગકોંગે પ્રતિબંધ મુકયા બાદ અમેરિકા, બ્રિટન, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા સહિતના દેશોમાં તપાસ શરૂ કરવામાં આવી છે.

બ્રિટને તો તમામ ભારતીય મસાલાની વિશેષ ચકાસણી કરવાનો અત્યંત કડક નિયમ લાગુ કર્યો છે તેવા સમયે નેપાળે પણ આ બંને બ્રાન્ડના મસાલા પર પ્રતિબંધ લાગુ કર્યો છે. ભારતીય મસાલા પર પ્રતિબંધ મુકનાર નેપાળ વિશ્વનો ત્રીજો દેશ બન્યો છે. ભારતની આ બંને કંપનીઓએ એવો બચાવ કર્યો છે કે મસાલામાં કોઇ હાનિકારક તત્વ નથી અને વપરાશમાં સંપૂર્ણ સુરક્ષીત છે.

જન્મજાત બહેરા, મૂંગા બાળકો માટે અને મોટી ઉંમરે આવતી બહેરાશ માટે
ફ્રી નિદાન કેમ્પ
ન સાંભળવા માટેનું સંપૂર્ણ નિદાન
શું તમારૂં કાનનું મશીન કામ નથી કરી રહ્યું ?
બે શ્રવણ યંત્રો ની જગ્યા એ કોકિલયર ઈમ્પલાન્ટ કરવાના ફાયદાઓ :
• વાક્ય સમજવાની 7 ગણી ક્ષમતા
• ફોન પર સાંભળવાની 11 ગણી ક્ષમતા
ડૉ. ડેનિસ આરદેશણા | એમ.એસ., ઈ.એન.ટી. કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જન
ડૉ. કલ્પના અંટાળા | રાજકોટના નિષ્ણાંત ઓડિયોલોજિસ્ટ
ડૉ. રાજેશ વિશ્વકર્મા
સમગ્ર ભારતના કોકિલયર ઈમ્પલાન્ટ સર્જરીના પાયોનીયર સર્જન
CI કેન્ડીડેટ જે દર્દી હસે તેને રાજકોટ માં જ સોમવારે બપારે પોતાનું માર્ગદર્શન આપશે.
તા. : ૧૮ મે, ૨૦૨૪ સમય : બપોરે ૩.૦૦ થી સાંજે ૬.૦૦
VATSALYA વાત્સલ્ય સ્પીચ એન્ડ હીયરીંગ કિલનિક
૧૦૪, પહેલો માળ, ટ્વીન સ્ટાર કોમ્પલેક્ષ, સાઉથ બ્લોક, ૧૫૦ ફીટ રીંગરોડ, નાના માવા સર્કલ પાસે, મિરેકલ ડોકટર હાઉસની બાજુમાં, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૫
રજીસ્ટ્રેશન નંબર : ૯૬૦૧૦ ૨૦૦૦૨

The Sunshine School, Rajkot
'Rava Vilas', A Royal Heritage Building, Opp. District Library, Malavia Chowk, Rajkot. Website : sunshineschoolrajkot.org
SUNSHINE SCHOOL TOPPERS OF 12th
GUJ. BOARD - March 2024 - 100% RESULT
JOY-1st 96.64 PR (603/750) 97.46 PR (666/750) PRINCE-2nd LAXMIKANT-3rd PREM-4th
SHIVAM-5th RUSHI-6th MAHER-7th BUDDHADEV-8th HEMAKSH-9th DHRUMIL-10th
Admissions open for 11th Commerce with Attractive Scholarship up to 40%
No Donation, No Hidden Charges, Personal Care, Experienced and Qualified Teachers.
Amit Sir Math & Accounts
For Admission from Nursery to 12th (Eng./Guj. Med.) GSEB
Contact : +91 99134 13198, +91 99797 13198
ADEX



# એક્સપોર્ટરોની હાલત ખરાબઃ MSME નિકાસકારોને વ્યાજરાહતનો ઉઠતો અવાજ

## રાતા સમુદ્રના સંકટના કારણે અન્ય રૂટસ પર માલના પરિવહનનું ભાડુ ખૂબ જ વધી ગયું છેઃ એફઆઈઈઓના પ્રેસીડેન્ટ અશ્વિનીકુમાર

નવી દિલ્હી તા.૧૭

એપ્રિલમાં એન્જીનીયરીંગ, જેમ્સ એન્ડ જવેલરી અને ગાર્મેન્ટ જેવા સેગ્મેન્ટસની નિકાસ ઘટયા બાદ નિકાસકારોનું સંગઠન એફઆઈઈઓએ નિકાસ કરનાર માઈક્રો, સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ (એમએસએમઈ) સહિત બધા નિકાસકારો માટે લોન પર વ્યાજના મામલામાં જરૂરિયાત પર જોર દીધું હતું.



એફઆઈઈઓના પ્રેસીડેન્ટ અશ્વિનીકુમારે કહ્યું હતું કે રાતા સમુદ્ર સંકટને લઈને બીજા રૂટ પર પરિવહનનું ભાડુ ઘણુ વધી ગયુ છે. ભારતથી યુરોપ જેવા કેટલાક રૂટસ પર એર કાર્ગો કોસ્ટ ૩૦૦ ટકા સુધી વધી ગઈ છે. ઈન્ડીયન એકસપોર્ટ વિદેશી ખરીદનારાઓ માટે વધી મોંઘુ થઈ ગયું છે.

એપ્રિલમાં ગુડસ એકસપોર્ટ વર્ષભર પહેલાની તુલનામાં ૧ ટકો વધીને ૩૪.૯૯ બિલિયન ડોલરનું રહ્યું હતું. પણ એન્જીનીયરીંગ ગુડસની નિકાસ ૩.૨ ટકા ઘટી ગઈ. કુલ નિકાસમાં એન્જીનીયરીંગ ગુડસની ભાગીદારી ૨૫ ટકા રહે છે. જેમ્સ એન્ડ જવેલરીમાં ૬.૯ ટકા રેડીમેડ ગાર્મેન્ટમાં ૧ ટકો અને સિરેમીક પ્રોડકટસ એન્ડ ગ્લાસવેરમાં ૬.૫ ટકાની કમી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં ગુડસ એકસપોર્ટ ૪૩૭ અબજ ડોલર પર આવી ગઈ હતી જે નાણાકીય વર્ષ ૨૦૨૩માં ૪૫૭ અબજ ડોલર હતી.


કુમારે જણાવ્યું હતું કે લેબર ઈન્ટેન્સીવ સેકટરોને લઈને આપણે વધુ ચિંતીત છીએ. એમએસએમઈને સપોર્ટ આપનારી સ્કીમોનું બજેટ અપૂરતું છે. ઈન્ટરેસ્ટ ઈકવાલાઈઝેશન સ્કીમ અંતર્ગત એમએસએમઈ એકસપોર્ટસને ઈન્ટરેસ્ટ બેનીફીટ માર્ચ ૨૦૨૨માં ૫ ટકાથી ઘટાડીને ૩ ટકા કરી દેવામાં આવ્યો હતો પણ ત્યાર બાદથી રેપોરેટ ૨ ટકા પોઈન્ટથી વધુ વધીને ૬.૫ ટકા થઈ ગયો છે જેને લઈને ઓવર ઓલ ઈન્ટરેસ્ટ રેટ ૩-૪ ટકા વધી ચૂકયો છે, એટલે એમએસએમઈ નિકાસકારો માટે ઈન્ટરેસ્ટ બેનીફીટ ૩ ટકાના બદલે ફરીથી ૫ ટકા હોવો જોઈએ. બાકીઓ માટે પણ તેને ૨ ટકાથી વધારીને ૩ ટકા કરી નાખવો જોઈએ.

# યુદ્ધમાં મદદરૂપ ચીનને રશિયાએ કહ્યું ‘થેંક યુ’

# પુતિન રાષ્ટ્રપતિ બન્યાના ૯ દિવસમાં ચીન પહોંચ્યાઃ જિનપિંગને મળ્યાઃ અમેરિકાની ટીકા કરી, બંને દેશો વચ્ચે સંરક્ષણ ભાગીદારી વધશે

## ચીની રાષ્ટ્રપતિએ કહ્યું– અમારી મિત્રતા વિશ્વમાં સ્થિરતા લાવે છે





બીજિંગ, ચાઈનાઃ પાંચમી વખત રશિયાના રાષ્ટ્રપતિ બન્યા બાદ વ્લાદિમીર પુતિન ગુરુવારે ચીન પહોંચ્યા હતા. પાંચમી વખત રશિયાના રાષ્ટ્રપતિ બન્યા બાદ વ્લાદિમીર પુતિન ગુરુવારે ચીન પહોંચ્યા હતા. તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળ્યા હતા.

દ્વિપક્ષીય બેઠક બાદ પત્રકાર પરિષદ દરમિયાન બંને નેતાઓએ અમેરિકાની ટીકા કરી હતી. તેમણે અમેરિકા પર પરમાણુ સંતુલન ખોરવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. આ સિવાય બંને નેતાઓ રશિયા અને ચીન વચ્ચે સંરક્ષણ ભાગીદારી વધારવા પર સહમત થયા હતા.

જિનપિંગે કહ્યું કે યુક્રેન યુદ્ધનો ઉકેલ રાજકીય સમજૂતીથી થવો જોઈએ. વિશ્વમાં સર્વોપરિતા માટે ચાલી રહેલી લડાઈ વચ્ચે રશિયા અને ચીન વચ્ચેની મિત્રતા સ્થિરતા લાવવાનું કામ કરે છે. તે જ સમયે, પુતિને યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસો માટે ચીનનો આભાર માન્યો. તેણે ચીનને રશિયામાં તેની કાર બનાવવાનું આમંત્રણ આપ્યું.

પુતિન રાષ્ટ્રપતિ બન્યાના ૯ દિવસની અંદર આ મુલાકાત કરી રહ્યા છે, તે પણ એવા સમયે જ્યારે રશિયન સેના યુક્રેનના ખાર્કિવ શહેરમાં પ્રવેશી રહી છે. પુતિન ચીનમાં ૨ દિવસ રોકાશે. ચીન પહોંચ્યા બાદ રાષ્ટ્રપતિ શી જિનપિંગે પુતિનનું રેડ કાર્પેટ સ્વાગત કર્યું હતું. આ દરમિયાન સોવિયેત યુગની ધૂન વગાડવામાં આવી હતી.

કતારની ન્યૂઝ ચેનલ અલજઝીરા અનુસાર, પુતિન તેમની મુલાકાત દરમિયાન યુક્રેન યુદ્ધમાં ચીનના સતત સમર્થનની માંગ કરશે. આ પહેલા તેઓ ઓક્ટોબર ૨૦૨૩માં ચીન ગયા હતા. રશિયા-યુક્રેન યુદ્ધના શરૂઆતના દિવસોમાં પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું હતું કે તેમની પરસ્પર ભાગીદારીની કોઈ સીમા નથી. માર્ચ ૨૦૨૩માં જ્યારે જિનપિંગ મોસ્કોની મુલાકાતે ગયા ત્યારે તેમણે કહ્યું હતું કે આ બંને દેશો વચ્ચે નવા યુગની શરૂઆત છે.

પુતિન જિનપિંગ પાસેથી લાંબા અંતરના ડ્રોન ખરીદશે

જિનપિંગ રશિયાથી સસ્તા ભાવે ગેસ આયાત કરવા અને પાવર ઓફ સાઈબિરીયા પાઇપલાઇન અંગે ચર્ચા કરશે. આ પાઈપલાઈન દ્વારા રશિયા સાઈબેરિયાથી મોંગોલિયા થઈને ચીનને ગેસ સપ્લાય કરે છે. તે જ સમયે, આ મુલાકાત દરમિયાન, પુતિન યુક્રેન સામે આધુનિક હથિયારો અને લાંબા અંતરના ડ્રોન માટે સોદો કરવાનો પ્રયાસ કરશે. જો કે બંને દેશોએ આવી કોઈ વાતનો ઈન્કાર કર્યો છે.

ચીનના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને નેતાઓ દ્વિપક્ષીય સંબંધો, વિવિધ ક્ષેત્રોમાં સહયોગ અને લોકોથી સંબંધિત આંતરરાષ્ટ્રીય અને ક્ષેત્રીય મુદ્દાઓ પર ચર્ચા કરશે. રશિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર બંને નેતાઓ વાતચીત બાદ સંયુકત ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરશે. બંને નેતાઓ રશિયા-ચીન મિત્રતાના ૭૫ વર્ષની ઉજવણીમાં શાહી ભોજન સમારંભમાં પણ હાજરી આપશે.

પુતિને યુક્રેન યુદ્ધમાં મદદ કરવા બદલ ચીનની પ્રશંસા કરી

હતી. પુતિન ચીનના વડાપ્રધાન લી કિઆંગને પણ મળશે. તેઓ વેપાર અને રોકાણ પ્રદર્શન માટે ઉત્તર-પૂર્વીય શહેર હાર્બિનની પણ મુલાકાત લેશે.

ચીનના કસ્ટમ ડેટા અનુસાર, યુક્રેન પર હુમલા બાદ ચીન-રશિયન વેપારમાં તેજી આવી છે. ૨૦૨૩માં વેપાર રૂ. ૨૦ લાખ કરોડ સુધી પહોંચવાની ધારણા છે, પરંતુ માર્ચ અને એપ્રિલ દરમિયાન રશિયામાં ખાંડની નિકાસમાં ઘટાડો થયો છે. તેનું કારણ અમેરિકાને જવાબદાર ગણવામાં આવ્યું છે. આ પછી, ચીનની બેંકોએ રશિયન ગ્રાહકો સાથેના વ્યવહારો બંધ અથવા ઘટાડી દીધા છે.

# દિલ્હી પોલીસ એન્કાઉન્ટરમાં શૂટર ‘ગોલી’ ઠાર, પોર્ટુગલના ગેંગ લીડર હિમાંશુ ભાઉ માટે કામ કરતો હતો



નવી દિલ્હી , તા ૧૭

વિદેશ સ્થિત ગેંગસ્ટર હિમાંશુ ભાઉ ગેંગનો શૂટર અજય સિંગરોહા ઉર્ફે ગોલી ગુરુવારે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ સાથેના એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો. હિમાંશુ ભાઉ ગેંગ પોર્ટુગલથી ગેંગ ચલાવે છે.આરોપીએ પોલીસ પર ગોળીબાર કર્યો, જેના જવાબમાં પોલીસે પણ ગોળીબાર કર્યો અને તે ઘાયલ થયો હતો. ઈજાગ્રસ્ત હાલતમાં તાત્કાલિક તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. જ્યારે આત્મસમર્પણ કરવાનું કહેવામાં આવ્યું તો તેઓએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી હતી.

આ પછી પોલીસ એ તેને આત્મસમર્પણ કરવાનું કહ્યું, પરંતુ પોતાને ઘેરાયેલા જોઈને આરોપીએ પોલીસ પર અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું અને જવાબી કાર્યવાહીમાં પોલીસે પણ ગોળીબાર કર્યો જેમાં તે ઘાયલ થયો.પોલીસ તેને ઝડપથી પીસીઆર વાહનમાં હોસ્પિટલ લઈ ગઈ, જ્યાં ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો. ગોલી હરિયાણાના રોહતક જિલ્લાના રિટોલી ગામનો રહેવાસી હતો.

# યુકેમાં સેંકડો ગુજરાતીઓ પર ડિપોર્ટેશનની લટકતી તલવારઃ સ્પોન્સર કરનાર અનેક કંપનીઓના ઉઠમણા



અમદાવાદ,તા.૧૭

છેલ્લા બે -ત્રણ વર્ષમાં ગુજરાતીઓ સહિતના હજારો ઈન્ડિયન્સ કેટર વિઝી પર યુકે ગયા છે.પરંતુ મોટાભાગના છેતરપીંડીનો ભોગ બન્યા છે. તેમાં પણ જે લોકો પાસે યુકેમાં નોકરી નથી તેઓની હાલત વધુ કફોળી બની છે. ભારતીયોને સ્પોન્સર કરનારી..કંપનીઓ ફ્રોડ નીકળી હોવાથી આ ઈન્ડિયન્સને ડિપોર્ટ કરવામાં આવે તેવી શકયતા સર્જાઈ છે.હાલ નેશનલ કાઉન્સીલ ઓફ ગુજરાતી ઓર્ગેનાઈઝેશન છેતરપિંડીનો ભોગ બનેલ પાચ પિડિતોના કેસને રિપ્રેઝેન્ટ કરી રહી છે. સંસ્થાનું માનવું છે કે આવા બીજા પણ અનેક કેસમાં હોઈ શકે છે કેરર વિઝા પર યુકે પહોંચી ગયેલા મોટાભાગના ભારતીયોએ એજન્ટોને લાખો રૂપિયા ચૂકવીને વિઝા મેળવ્યા છે. પરંતુ જે કંપનીઓએ તેમને સ્પોન્સર કર્યા તેમાની અનેક કંપનીઓના ઉઠમણા થઈ ગયા છે.ઈન્ડિયાથી આવેલ લોકોને આ કંપનીઓ તરફથી કોઈ જવાબ મળતો નથી કેરટ વિઝા પર આવેલા ઘણા લોકોની હાલત એવી થઈ છે કે તેમની પારે ન તો નોકરી છે. કે ન તો પૈસા.

# એપ્રીલમાં ગુજરાતની જીએસટીની આવક રૂા.૧૩,૩૦૧ કરોડે પહોંચી

## ગત માસમાં ગુજરાત જીએસટીની આવકમાં દેશમાં ત્રીજા સ્થાને




ગાંધીનગર તા.૧૭

ગુજરાતમાં કોરોનાના સમયથી મંદ રહેલી ઔદ્યોગિક-વાણિજિયક પ્રવૃતિઓ ૨૦૨૪માં પૂર્ણ રીતે ધમધમતી થતા રાજય સરકારને જીએસટીની ભરપુર આવક થઈ રહી છે. એપ્રીલ-૨૦૨૪માં ગુજરાત સરકારને થયેલી જીએસટીની આવક રૂા.૧૩,૩૦૧ કરોડ રહી હતી. જે દેશમાં ત્રીજા નંબરે હતી. ૨૦૨૩ના વર્ષ કરતા પણ ગુજરાતની આવકમાં વધારો થવા પામ્યો હતો. જોકે, મહારાષ્ટ્રની આવક ગુજરાત કરતા બમણાંથી પણ વધુ રહી હતી. તો બીજા નંબરે કર્ણાટકની આવક ૧૫,૯૭૮ કરોડ રહી હતી. કેટલાક રાજયનો જીએસટીની આવકનો ગ્રોથ વધુ હતો પરંતુ આવક ઓછી રહી હતી.

ગુજરાતમાં ધંધાકીય ગતિવિધિ વધતા તેની અસર સીધી રાજય સરકારને ગુડ્ઝ સર્વિસ ટેકસ (જીએસટી) થકી થતી આવક પર પડી છે. એપ્રિલ-૨૦૨૩માં ગુજરાતને જીએસટી પેટે આવક ૧૧,૭૨૧ કરોડની થઈ હતી તેમાં ૧૩ ટકા જેટલા વધારા સાથે એપ્રિલ-૨૦૨૪માં તે ૧૩,૩૦૧ કરોડ થઈ હતી. મહારાષ્ટ્રની આવક એપ્રિલ-૨૦૨૪માં ૩૭,૬૭૧ કરોડ અને કર્ણાટકની આવક ૧૫,૯૭૮ કરોડ રહી હતી. મહારાષ્ટ્રની આવક વધુ હતી પણ ગત વર્ષની સરખામણીએ આવકનો ગ્રોથ ગુજરાત જેટલો ૧૩ ટકાનો જ રહ્યો હતો. જયારે કર્ણાટકની આવક વધી હતી પણ ગ્રોથ ૯ ટકા હતો. ગુજરાત જેવા રાજયના મહત્વના ફાળાના કારણે સમગ્ર દેશની જીએસટીની આવક પણ વિક્રમજનક ૨.૧૦ લાખ રોડ (એપ્રિલ-૨૦૨૪)ની રહી હતી.



## આજનું ચિંતન

### છેલ્લું એ પહેલું

**તમે પેટમાં શરૂઆતમાં ભલેને ગુલાબજાંબુ પધરાવ્યા છે, પણ છેલ્લે તમે જે ખાધુ છે, ઓડકાર એનો જ આવે છે.**

**બહારગામ જતા બેગમાં શરૂઆતમાં તમે ભલે ને પેન્ટ અને ખમીસ, રૂમાલ અને ટુવાલ મુકયા છે. પણ જયારે બેગ ખોલશો ત્યારે પહેલી ચીજ તમને એ જ દેખાવાની છે કે જે બેગ બંધ કરતી વખતે તમે છેલ્લે મુકી હશે.**

**જીવનભર તમે સારૂ કે નરસુ જે પણ કર્યુ હશે કે વિચાર્યુ હશે એ પણ આગલા ભવમાં શરૂઆતમાં તમારી લેશ્યા-વિચારધારા એ જ બની રહેવાની છે જે તમે આ જીવનના અંત સમયે ધબકતી રાખી હશે.**

## ખુશીઓના હોર્મોસ(રસાયણ) બને કેવી રીતે?

સ્વયં માટે ચેક કરીએ- હું સદા ખુશ રહી કેવી રીતે શકું? સ્વયંમાં ખુશીના હોર્મોસ બને કેવી રીતે? આપના દુશ્મન પણ આપને ખુશ જોઈને પોતાની દુશ્મની ઘડીવાર માટે ભુલી આપની સાથે ગુપ્ત હસી પડે, ખુશ થઈ જાય એવી કાંપારી દિલખુશ ખુશી માટે શું કરીએ? તે માટે શું ધ્યાન રાખીશું?

૧. યુક્તિ બહુ જ સહજ પરમાત્મા આપણને બતાવે છેકે બીજાની ફરિયાદો કરવાનું બંધ કરીએ. મનથી, દિલથી, વાણીથી અને વ્યવહારથી જયારે કોઈની ફરિયાદ નહી હોય ત્યારે ખુશીઓના હોર્મોસ આપમેળે બનતા હોય છે. કારણ કે મનને પરેશાન કરનાર, તનાવમાં લાવનાર એવું કોઈ કારણ બનતુ નથી. એક શુભચિંતક આત્મા

**મૂલ્યોની મહેક**

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

કદી કોઈની ફરિયાદ કરશે નહી ઉલ્ટુ સામેવાળાની કમી-કમજોરીને સુધારવાના ભાવથી તેમના પર રહમભાવ રાખશે. જે ફરિયાદ કરતા રહે છેતે ભલા ખુશ કેવી રીતે રહી શકે? તે અસંતુષ્ટ રહેતા હોવાથી સદા નાખુશ રહે છે, સાચી ખુશીથી વંચિત રહે છે.

જે કાંઈ આપણને પ્રાપ્ત થયેલુ છે તે તો ઈશ્વર કૃપા છે. આપણા જ કર્મોના ફળના હિસાબથી મળ્યુ છેતેથી તૃપ્તિ છે. ફરિયાદો બંધ થઈ જાય છેકે મારી પાસે આ છે, આ નથી. વાસ્તવમાં ગરીબી ધનના અભાવથી નથી હોતી પરંતુ જે છે, તેમાં અસંતુષ્ટતા જ ગરીબી છે. વધુની ઈચ્છા સારી વાત છે પરંતુ આવશ્યક છે તેનાથી વધુની ઈચ્છાઓ ક્યારેય સારા બનવા નથી દેતી. પરમાત્મા હમેશા મનની સ્થિતિને જોવે છે નહી કે વર્તમાન મનુષ્ય કેટલો ઉચો, ધનવાન, સત્તા પર છે. કારણ કે તે તો અલ્પકાળનું વિનાશી સુખ છે જે સમયાંતરે ખત્મ થઈ જશે પછી ફરિયાદો પાછી ચાલુ થશે. પરંતુ અવિનાશી ખુશી, સંતુષ્ટતા, શાંતિની પ્રાપ્તિ આપણા મનની વાસ્તવિક સ્થિતિ પર છે.

૨. મેડિટેશન દ્વારા મનને શાંત કરી ખુશીઓના હોર્મોસને વધારી શકાય છે. કહેવાય છે- ચિંતા ચિતા સમાન છે અર્થાત ચિંતા બેજાન બનાવી દે છે. સ્વયંની રચનાત્મક ક્રિયાઓને અટકાવી દે છે. વ્યક્તિ જે તે બનેલી ઘટનાને ન ભૂલી શકવાથી ભારે રહે છે. કોઈ સાથે અણબનાવ બને છે ત્યારે ઉંઘ પણ જતી રહે છે. આવા સમયે પરમાત્મા યુક્તિ બતાવે છેકે -એ સર્વ ચિંતા મને સોંપી દો. ત્યા સુધી પરમાત્મા આથહ આપે છેકે સ્વયંના પરિવર્તનની ચિંતા પણ મને સોંપી દો અને નિશ્ચિંત બની જાઓ. માત્ર મને યાદ કરો, મારી મહિમા ગાતા રહો. અર્થાત જયા સુધી બુધ્ધિમાં ખોટી વાતો ભરી પડી હશે ત્યા સુધી આગળ વધી શકાશે નહી. આથી સ્વયંના કર્તવ્ય અને ચિંતાઓને ઓળખીએ અને તે રીતે ચિંતાઓને પરમાત્માને સોંપીએ. સ્વયંના કર્તવ્ય, જવાબદારીઓ અને પોતાના શરીરનો નિર્વાહની ચિંતા રાખી આગળ પ્રગતિ પર ધ્યાન આપીએ.

૩. વિચારો હલ્કા અને તેની સંખ્યા ઓછી હશે તો મનને અન્ય બાબતો પર કેન્દ્રિત કરી શકાય છે. જયારે કે ચિંતિત વ્યક્તિના વિચારોની સંખ્યા વધુ અને વ્યર્થ, ફાલતુ હોય છે જે તેને બોઝિલ કરી દે છે. આમ વધુ વિચારવું એ પણ કુટેવ છે, તેને આજથી બદલીએ. તો ખુશી સદાને માટે બની રહેશે.

## દર્દીના પેટમાં કાતર ભુલી જતા વિવાદમાં રહેલી હોસ્પીટલનો વધુ એક કિસ્સો

# તબીબી બેદરકારીઃ આંગળીના બદલે જીભની સર્જરી

### કેરળની ઘટનાઃ તબીબે માત્ર માફી માંગીઃ તપાસના આદેશ




કોઝિકોડઃ કેરળની કોઝીકોડ મેડીકલ કોલેજ હોસ્પિટલમાં બેદરકારીની વધુ એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. ચાર વર્ષની બાળકી ગંભીર તબીબી બેદરકારીનો શિકાર બની હતી. બાળકીના પરિવારજનોના જણાવ્યા અનુસાર તેના એક હાથમાં છ આંગળીઓ હતી. પરિવારના સભ્યો તેની વધારાની આંગળી કઢાવા માટે હોસ્પિટલ લઈ ગયા હતા. પરંતુ ડોકટરોએ તેની જીભનું ઓપરેશન કરી નાખ્યું હતું.

મીડીયા રિપોર્ટસ અનુસાર, છોકરીના એક સંબંધીએ જણાવ્યું હતું કે અમને કહેવામાં આવ્યું હતું કે છોકરીની છમાંથી વધારાની એક આંગળી નાની સર્જરી દ્વારા દુર કરી દેવાશે. આ વાતને લઈને અમે સૌ સંમત હતા. દવાખાનામાં થોડા સમય પછી, જયારે છોકરીને પાછી લાવવામાં આવી તો તેને જોઈને સૌ કોઈ ચોંકી ગયા હતા. છોકરીનું મોં પર પાટાપિંડી કરેલી હતી. અમને ખબર જ ના પડી કે શું થઈ ગયુ છે. જયારે અમે તેના હાથ તરફ જોયું તો જણાયું કે છઠ્ઠી આંગળી તો હજુ જેમની તેમ જ હતી. બાળકીના વાલીએ જણાવ્યું કે જયારે અમે આ બાબતે નર્સને જાણ કરી તો તે સાંભળીને હસવા લાગી. તેણે કહ્યું કે અમને કહેવામાં આવ્યું હતું કે તેની જીભમાં પણ સમસ્યા હતી, જે અમે તેને ઠીક કરી દીધી છે. જયારે ડોકટર આવ્યા તો તેમણે આ ભુલ બદલ માફી માંગી અને કહ્યું કે છઠ્ઠી આંગળી પછીથી દુર કરી દેવાશે. આ આશ્વાસન પછી તેઓ બાળકીને ઘરે લઈ ગયા હતા.

આ સમાચાર સામે આવ્યા બાદ સંબંધીત અધિકારીઓએ આ મામલે તપાસના આદેશ આપ્યા છે. આ ઘટના એવા સમયે સામે આવી છે જયારે આ હોસ્પિટલ પહેલાથી જ ચર્ચામાં છે. હકીકતમાં, ૩૦ વર્ષની મહિલા હર્ષિના લાંબા સમયથી તેની ફરિયાદને લઈને વિરોધ કરી રહી છે. હર્ષિનાની સી-સેકશન સર્જરી દરમિયાન ડોકટરો તેના પેટમાં કાતર ભુલી ગયા હતા અને આ હકીકત ફરિયાદમાં સાચી નીકળી હતી.

## તબીબના બદલે કમ્પાઉન્ડરે સર્જરી કરીઃ દર્દીનું મોત

બિહારનાં પુનિયા જીલ્લામાં પણ તબીબી બેદરકારીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જયાં ડોકટરને બદલે કમ્પાઉન્ડરે સર્જરી કરી આવતા ૬૨ વર્ષનાં વૃદ્ધનું મોત નિપજયુ હતું.વૃદ્ધ વ્યકિત પડી જતાં પગનુ હાડકુ ભાંગી ગયુ હતું. ખાનગી હોસ્પીટલમાં દાખલ થયા હતા. ત્યારે તબીબ હાજર ન હતા અને કમ્પાઉન્ડરે ઓપરેશન કરી નાખ્યુ હતું. દવાનો ઓવરડોઝ આપી દેવાતા દર્દીનું મૃત્યુ થયુ હોવાનો આક્ષેપ છે. વૃદ્ધના પરિવારે હોસ્પીટલ બહાર જ મૃતદેહ રાખીને વિરોધ કરતા જબરો હોબાળો થયો હતો. દર્દીની તબીયત બગડતા કમ્પાઉન્ડરે તેમને વેન્ટીલેટર પર રાખી દીધા હતા.

# પ્રસુતાના પેટમાંથી ૩ ફુટ લાંબુ કપડુ નિકળ્યુઃ તબીબ ભુલી ગયા હતા



કર્ણાટકના કોલારમાં તબીબી બેદરકારીના કિસ્સામાં ડોકટર પ્રભુતાના પેટમાં ત્રણ ફુટ લાંબુ કપડુ ભુલી ગયા હતા. ૫ મે ના રોજ તેની પ્રસુતિ થઈ હતી તેના ચાર દિવસ બાદ પેટમાં જોરદાર દુખાવો ઉપડયો હતો. તબીબે દુખાવાની દવા આપી હતી ત્યારે શરીરમાંથી કપડુ હોવાનુ દેખાતા પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. યુવતીના પતિએ એવો આક્ષેપ કર્યો હતો કે પ્રસુતિ દરમ્યાન બ્લીડીંગ રોકવા માટે રાખવામાં આવતુ કપડુ તબીબો બહાર કાઢતા ભુલી ગયા હતા. પેટમાંથી નિકળેલુ આ કપડુ ૩ ફુટ લાંબુ હતું.

## સુવિચાર

**પાણી તો દરેકને એક જેવું જ અપાય છે છતાં શેરડી મીઠી, દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચુ તીખુ ઉગે છે. એનું કારણ પાણી નહીં પણ બીજ છે આપણે આપણા મનમાં જેવા વિચારોનું વાવેતર કરીશુ એવું જ ઉગશે**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
વૈશાખ સુદ-૧૦, તા.૧૮/૫/૨૪, શનિવાર

સૂર્યોદય : ૬-૦૮, સૂર્યાસ્ત : ૭-૧૮, જૈન નવકારશી : ૬.૫૬
રાશિ : કન્યા (પ.ઠ.ણ.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-વૃષભ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-સિંહ


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** સ્વાસ્થ્ય બાબત થોડુ વધારે ધ્યાન દેવું પડશે, પરિવારમાં માંગલિક પ્રસંગો ઉભા થાય, જોખમી કાર્યોથી દુર રહેજો.
**વૃષભ :** તમારા નિર્ણયો ચોકકસ લાભ આપશે ઉત્સાહમાં વધારો થવાનો, તમો ખુબ જ મહેનતુ છો, જેનો લાભ તો મળવાનો જ છે.
**મિથુન :** પ્રભાવશાળી વ્યકિતનો લાભ તમારા વ્યવસાયમાં સફળતા અપાવશે, જુના કર્જના પ્રશ્નોથી ટેન્શન રહે, પ્રવાસ થાય.
**કર્ક :** તમારા વ્યવસાયમાં ટોચનું સ્થાન મેળવી શકો તેવી તમારી મહેનત છે, મહત્વની વ્યકિતની મુલાકાતથી લાભ રહેવાનો.
**સિંહ :** વધુ પડતા વિચારોથી દુર રહેજો, પરિવારના સભ્યો સાથે યાત્રા પ્રવાસનું આયોજન થાય, સામાજિક કાર્યોમાં સફળતા.
**કન્યા :** બીજાની તકલીફોને સમજવાની કોશિષ કરજો, સ્થળાંતરની ઈચ્છા ફળવાની, ઉધારી ધંધાને લઈને તનાવ રહે, સ્વાસ્થ્ય જાળવવું.
**તુલા :** દિવસ દરમ્યાન નોકરીમાં કાર્યભાર રહે, સાઈડ બીઝનેસથી લાભ, મિલ્કતના વેચાણથી દુર રહેજો.
**વૃશ્ચિક :** સામાજિક પ્રતિષ્ઠા વધવાની, આવકનું પ્રમાણ વધવાનું, આત્મવિશ્વાસ વધારવો, કર્જ ન કરવું, વિજાતીય સંબંધો ગાઢ બને.
**ધન :** ચોકકસ ધ્યેયને વળગી રહેજો, રહેણાકના મકાન લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની, પ્રવાસ થાય.
**મકર :** પિતાશ્રીનો સહકાર રહે, ધાર્મિક યાત્રા પ્રવાસનું આયોજન સફળ થાય, વિદેશથી લાભ મળવાનો, કર્જમાં રાહત.
**કુંભ :** અટકતા કાર્યોને વેગ મળવાનો, ગુસ્સાને કાબુમાં રાખજો, ભૌતિક સુખની ઈચ્છા ફળે, રોમાન્સમાં સફળતા.
**મીન :** સાહસિકોને અનુકુળતા રહેવાની, રાજકીય લાભ રહે, નોકરીમાં બદલીના ચાન્સ રહેવાના, પગાર વધે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. ‘નિકાહ’ ફિલ્મની હિરોઇન (૫)
૫. નાટક : આપણો ... નો સંબંધ (૨)
૭. કસરતની તાલીમ આપનાર (૫)
૧૦. કિંમત (૨)
૧૧. એક માર્ગીય (૩)
૧૩. રાજકોટ નજીકનું ગામ (૪)
૧૫. શાહરૂખ ખાનની ફલોપ ફિલ્મ (૩)
૧૭. વર્તુળાકાર મીઠાઇ (૩)
૧૯. એક સ્ટ્રીટ ફૂડ (૩)
૨૧. પસીનો (૪)
૨૩. અટપટુ નહીં તેવું (૩)
૨૪. ...રાજા, અણ ..., ... દાન (૨)
૨૫. પગાર-ઉંધુ લખો (૩)
૨૮. જૈનોના ત્રણ દિવસના ઉપવાસ (૩)
૩૦. એક અટક (૪)
૩૨. એવરત-જીવરતનું શું હોય ? (૪)
૩૩. એક અટક (૩)

### ઉભી ચાવી

૧. ચોરસ-લંબચોરસ આકારનું ફરસાણ (૫)
૨. લાઇફ લોંગ (૪)
૩. વિલેજ (૨)
૪. ...લીલુ જોયુ ને તમે યાદ આવ્યા (૨)
૬. ચર્કટ -નો તળપદો ઉચ્ચાર (૪)
૮. ષડયંત્ર, કાવત્રુ (૨)
૯. એકધારી, એક જ વાત (૩)
૧૦. ભાવેણુ (૫)
૧૨. નોનવેજનું વિરોધી (૨)
૧૩. આધ્યાત્મની ઉંચાઇએ પહોંચેલા વણકર (૩)
૧૪. ઠંડી લડાઇ, શીતયુધ્ધ (૪)
૧૬. એનીવર્સરી (૫)
૧૮. સાથે રાખી શકાતું કોમ્પ્યુટર (૪)
૨૦. અમેરિકન ચલણ (૩)
૨૨. હળવો નાસ્તો (૫)
૨૬. ...માં સાગર (૩)
૨૭. કોમ્પ્યુટરનો એક પ્રોગ્રામ (૩)
૨૮. અનાજ (૨)
૨૯. આનંદપ્રમોદ (૨)
૩૧. પકડ ... પેરા (૩)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શં | ક | ર | જ | ય | કિ | શ | ન | | ક |
| કા | | રા | | | સ્મ | | | | બા |
| શી | ર | દ | ઈ | | ત | | હિ | સા | બ |
| લ | ત | | | હા | | | રા | ગ | |
| | લા | ભ | શં | ક | ર | ઠા | ક | ર | |
| પા | મ | ર | | લ | જા | મ | ણી | | જા |
| ટ | | ચ | લ | | | | | હ | જ |
| લી | | ક | લ | બ | લા | ટ | | મ | મ |
| પુ | જા | | કા | | લા | | વા | દ | |
| ત્ર | ણ | | ર | ણ | જી | ત | રા | મ | |

# બહુમાળી ભવનમાં પ્રાંત અધિકારી ત્રાટકયાઃ દાખલા માટે વધુ ત્રણ ટેબલ-કોમ્પ્યુટર મૂકાયા

### ૨૦૦ જેટલા ફોર્મની સ્કૂટીનીઃ સમાજ કલ્યાણ અધિકારી સાથે તાબડતોબ બેઠકઃ વિદ્યાર્થીઓને દાખલા કઢાવવામાં કોઈ મુશ્કેલી ન પડે તે જોવા તાકીદ





રાજકોટ તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાના જાહેર કરાયેલા પરીણામ બાદ નોન ક્રિમીનલ દાખલાઓ કઢાવવા માટે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની બહુમાળી ભવન ખાતે લાંબી કતારો લાગી રહી છે.

જેમાં વિદ્યાર્થીઓને અને વાલીઓને દાખલા કઢાવવામાં ભારે મુશ્કેલી પડી રહ્યાની અને અહીં યોગ્ય વ્યવસ્થાનો અભાવ રહેલો હોવાની ઉઠેલી થોકબંધ ફરીયાદો બાદ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આ બાબતની નોંધ લઈ રૂરલ પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તીને તપાસ કરવા અને દાખલા કઢાવવામાં વિદ્યાર્થીઓને કોઈપણ જાતની મુશ્કેલી ન પડે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે આદેશ કર્યો હતો.

જે બાદ આજે ઉઘડતી કચેરીએ જ રાજકોટ ગ્રામ્યના પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તીએ બહુમાળી ભવનમાં ત્રાટકી અને નોન ક્રિમીનલ સહિતના દાખલા કાઢવાની કામગીરીમાં ઝડપ લાવવા સમાજ કલ્યાણ અધિકારીને સુચના આપી હતી.આ ઉપરાંત બહુમાળી ભવનમાં હાલ જે નોન ક્રિમીનલ સહિતના દાખલાઓ માટે જે બારીઓ કાર્યરત છે તેમાં વધુ ત્રણ ટેબલ અને કોમ્પ્યુટર મુકી વ્યવસ્થામાં વધારો કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને દાખલાઓ તાકીદના ધોરણે મળી રહે તે માટે ૨૦૦ જેટલા ફોર્મની સ્કૂટીની કરવામાં આવી હતી. આ ઉપરાંત પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તીએ આ તકે સમાજ કલ્યાણ અધિકારી સાથે બેઠક યોજી જરૂરી સૂચના આપી વિદ્યાર્થીઓને દાખલા કઢાવવામાં કોઈ મુશ્કેલી ન પડે તે જોવા માટે તાકીદ કરી હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે ધો.૧૦ અને ૧૨ના પરીણામ બાદ નોન ક્રિમીનલ સહિતના દાખલા કઢાવવા માટે બહુમાળી ભવન ખાતે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની કતારો લાગી રહી છે જેમાં પીવાના પાણી સહિતની વ્યવસ્થાનો અભાવ રહેલો હોય મોટો દેકારો બોલી જવા પામેલ છે. આ અંગેની ફરીયાદો જીલ્લા કલેકટર પ્રભવ જોશી સુધી પહોંચતા તેઓએ બહુમાળી ભવન ખાતે તાબડતોબ પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તીને દોડાવી દાખલા માટે વધુ ત્રણ ટેબલ અને કોમ્પ્યુટરની વ્યવસ્થા કરાવી છે.

# અમદાવાદમાં એક વર્ષમાં પ્રોપર્ટીના ભાવ ૧૩ ટકા વધ્યા

### દેશના ટોચના આઠ શહેરોમાં ચોથા ક્રમેઃ હજુ તેજી જારી રહેવાની સંભાવના



અમદાવાદ:

અમદાવાદના રિયલ એસ્ટેટ માર્કેટમાં ધમધોકાર કામ થઈ રહ્યું છે અને મકાનોની ડિમાન્ડ તથા ભાવમાં પણ વધારો થયો છે. વર્ષ ૨૦૨૪ના પ્રથમ ક્વાર્ટરમાં અમદાવાદમાં મકાનોના ભાવ ગયા વર્ષની તુલનામાં ૧૩ ટકા વધ્યા છે તેવું ક્રેડાઈના એક રિપોર્ટમાં જણાવાયું છે. અમદાવાદમાં રેસિડેન્શિયલ પ્રોપર્ટીનો ભાવ પ્રથમ ક્વાર્ટરમાં વધીને ૭૧૭૬ રૂપિયા પ્રતિ સ્કવેર ફૂટ સુધી પહોંચ્યો હતો. વર્ષ ૨૦૨૩ના પ્રથમ ક્વાર્ટરની તુલનામાં આ ભાવ ૧૩ ટકા વધુ છે.

૨૦૧૯થી અત્યાર સુધીનો ડેટા જોવામાં આવે તો અમદાવાદમાં હાઉસિંગ પ્રોપર્ટીના ભાવમાં ૩૪ ટકાનો વધારો થયો છે. પરંતુ દેશના સૌથી મોટા ૮ પ્રોપર્ટી માર્કેટને જોવામાં આવે તો અમદાવાદ ઘણું સસ્તું છે અને બીજા શહેરોમાં મકાનના ભાવ અત્યંત વધારે છે. મકાનના ભાવમાં ટકાવારીમાં વધારો જોવામાં આવે તો ટોચના ૮ શહેરોમાં અમદાવાદ ચોથા ક્રમ પર છે. બેંગલુરુ સૌથી આગળ છે જ્યાં સરેરાશ ભાવ ૧૯ ટકા વધીને ૧૦,૩૭૭ પ્રતિ ચોરસ ફૂટ થયો છે જ્યારે દિલ્હી એનસીઆરમાં ભાવ ૧૬ ટકા વધ્યો છે અને ૯૭૫૭ પ્રતિ ચોરસ ફૂટ પર પહોંચ્યો છે.

એક્સપર્ટનું કહેવું છે કે છેલ્લા એક દાયકામાં અમદાવાદ એજ્યુકેશન અને રોજગારીની હબ તરીકે ઉભરી આવ્યું છે જેથી રિયલ એસ્ટેટની ડિમાન્ડ વધી છે. અમદાવાદમાં હવે ઓલિમ્પિક્સ ગેમ્સ યોજાય તે માટે પ્રયાસ ચાલુ છે જેથી તે મુજબ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવામાં આવશે. આ ઉપરાંત આખા દેશમાંથી લોકો અમદાવાદ અને ગિફ્ટ સિટીમાં મકાનો ખરીદી રહ્યા છે.

હાઈસિંગ પ્રાઈસ ટ્રેકર રિપોર્ટ પ્રમાણે રેસિડેન્શિયલ પ્રોપર્ટીની વધતી ડિમાન્ડના કારણે અમદાવાદમાં ભાવમાં ૧૩ ટકા વધારો થયો છે. આગામી સમયમાં અમદાવાદ મેટ્રોનો ફેઝ ૨ શરૂ થશે તેથી ગાંધીનગર આસપાસ રેસિડેન્શિયલ એક્ટિવિટી વધવાની છે. સિટી સેન્ટ્રલ વેસ્ટમાં ભાવ એક વર્ષમાં ૨૬ ટકા વધ્યો છે અને ઈસ્ટર્ન માઈક્રોમાર્કેટમાં ભાવમાં ૧૨ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત અમદાવાદમાં વેચાયા વગરના મકાનોની ઈન્વેન્ટરીમાં ૮ ટકાનો ઘટાડો થયો છે. રિપોર્ટમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૨૪ના પ્રથમ ક્વાર્ટરના ડેટા પ્રમાણે વેચાયા વગરના મકાનોમાંથી મોટા ભાગના એફોર્ડેબલ અને મિડ સેગમેન્ટમાં આવે છે.

ક્રેડાઈ, અમદાવાદના પ્રેસિડન્ટ ધ્રુવ પટેલે કહ્યું કે અમદાવાદમાં સતત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ડેવલપમેન્ટ ચાલુ છે અને તેના કારણે લોકોના જીવનધોરણમાં સુધારો થયો છે. અમદાવાદ અત્યારે રાજ્યમાં સૌથી વધુ રોજગારી પેદા કરતા હબ તરીકે ઉભરી આવ્યું છે. આખા રાજ્યમાંથી લોકો કામધંધા માટે અમદાવાદ આવી રહ્યા છે. આ ઉપરાંત ગિફ્ટ સિટીના ડેવલપમેન્ટ અને ઓલિમ્પિકસની શકયતાના કારણે પણ લોકો અમદાવાદમાં પ્રોપર્ટી ખરીદી રહ્યા છે. ટોચના ૮ પ્રોપર્ટી માર્કેટ સાથે તુલના કરવામાં આવે તો અમદાવાદ હજુ પણ ઘણું સસ્તું છે.

### ક્રિકેટ તથા અંગત જીવનની કોમેન્ટ કરતો વીડીયો વાયરલ

# વિરાટ કોહલી નિવૃત્તિ બાદ બ્રિટનમાં સ્થાયી થશે? મુલાકાતમાં 'સૂચક' વિધાન

### પુત્રી વામિકા પણ બેટ ઘુમાવવા લાગી છે, પુત્ર અકાય એકદમ સ્વસ્થ





### કેરિયરમાં એક દિવસ વિરામ આવે જ છે, નિવૃતિ લઇશ પછી તમે જોઇ નહીં શકો

મુંબઇ, તા.૧૬

ભારતીય ક્રિકેટમાં અનેક રેકોર્ડ પોતાના નામે કરનારા મહાન બેટસમેન વિરાટ કોહલી નિવૃત્તિ લેશે અને કાયમ માટે પરિવાર સાથે બ્રિટનમાં સ્થાયી થવાની અટકળો વ્હેતી થઇ છે.

સોશ્યલ મીડિયામાં વાઇરલ થયેલા વીડિયોમાં કોહલી રીટાયરમેન્ટ વિશે વાતચીત કરી રહ્યો છે. કોહલીએ કહ્યું કે ક્રિકેટર તરીકે કારકિર્દીનો અંત આવતો જ હોય છે. મને કોઇ અફસોસ નથી. હું જ્યાં સુધી ક્રિકેટ રમીશ ત્યાં સુધી ક્રિકેટ રમીશ ત્યાં સુધી સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતો રહીશ પરંતુ જ્યારે કારકિર્દી ખત્મ કરીશ ત્યારે જતો રહીશ અને હાસ્ય વેરતા એમ કહ્યું કે તમે મને નિહાળી નહીં શકો.

કોહલીનો આ કોમેન્ટ બાદ એવી અટકળોએ જોર પકડયું છે કે નિવૃત્તિ બાદ તે પત્ની અનુષ્કા તથા સંતાનો વામિકા અને અકાય સાથે વિદેશમાં સ્થાયી થઇ જશે. આ વર્ષનાં પ્રારંભે પણ એવી અફવા ચાલી જ હતી કે બન્ને સંતાનોના સારા ઉછેર તથા મીડીયાની સ્પોટલાઇટથી બચવા કોહલી વિદેશમાં સ્થાયી થશે. નાના બાળક અકાઇનો જન્મ બ્રિટનમાં થયો છે અને અનુષ્કાએ બ્રિટનમાં પ્રસુતિ કરી તે પણ સૂચક ગણાય છે.

વિરાટ અને અનુષ્કા પોતાના સંતાનોના ફોટા 'પાપારાઝી' ન ખેંચી શકે તે માટે ખાસ કાળજી રાખે જ છે. થોડા દિવસો પૂર્વે જ સંતાનોના ફોટા ન પાડવા વિનંતિ કરીને પાપારાઝીને ગીફટ પણ મોકલી હતી.

વાઇરલ વીડીયોમાં કોહલીએ અંગત જીવન તથા ક્રિકેટમાં વર્તમાન પરફોર્મન્સ વિશે પણ વાતચીત કરી હતી. પુત્ર અકાય વિશે કોહલીએ કહ્યું કે તે તદ્દન સ્વસ્થ છે. જ્યારે પુત્રી વામિકા ક્રિકેટમાં ઘણો રસ ધરાવે છે. વામિકાએ પણ બેટ હાથમાં લઇ લીધું છે અને બેટ ફેરવતી રહે છે. જો કે તે ક્રિકેટર બનશે કે કેમ તે કહી ન શકું કારણ કે કારર્કિદી પસંદ કરવાની તેને સ્વતંત્રતા હશે.

આઇપીએલના વર્તમાન પરફોર્મન્સ વિશે કોહલીએ સંતોષ દર્શાવ્યો હતો. અન્ય ટીમનું પ્રદર્શન સારૂ જ રહ્યું છે. એપ્રિલમાં નબળો દેખાવ રહ્યા બાદ મે મહિનામાં સૂરજ વધુ તપે તેમ ટીમનું પરફોર્મન્સ સુધર્યું છે. ક્રિકેટ ફેન્સ ફરી ખુશ થયા તેનો સંતોષ છે.

# જીપીએસસી દ્વારા લેવાયેલી ૨૦ જેટલી પરીક્ષામાં ૧૦૭ પ્રશ્નો ખોટા પૂછાયા

### પરીક્ષામાં વિકલ્પ બદલવાની અને સવાલ કેન્સલ કરવાના કુલ ૨૮૦ સુધારા : ૧૭૩ વિકલ્પો આન્સર કીમાં બદલાયા

અમદાવાદ, તા. ૧૭

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC) દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં ખાસ તો પ્રાથમિક એટલે કે પ્રિલિમ પરીક્ષામાં વારંવાર ભૂલો સાથેના પ્રશ્નો કે પ્રશ્નોના વિકલ્પો પૂછવામાં આવે છે. ત્યારે હવે જીપીએસસી દ્વારા લેવામાં આવેલી પરીક્ષામાં જાણવા મળ્યું કે ૨૦ જેટલી પરીક્ષામાં સવાલો અને તેના જવાબ સંદર્ભની ભૂલો કરવામાં આવી હતી. જેના પરિણામે સવાલ કેન્સલ તેમજ વિકલ્પો બદલવામાં આવ્યા હતા.

જીપીએસસી દ્વારા આ ૨૦ જેટલી પરીક્ષામાં વિકલ્પ બદલવાની અને સવાલ કેન્સલ કરવાના કુલ ૨૮૦ સુધારા કરવામાં આવ્યા હતા. જેમાં ૧૦૭ સવાલો કેન્સલ કરવામાં આવ્યા જ્યારે ૧૭૩ વિકલ્પો ફાઇનલ આન્સર કીમાં બદલવામાં આવ્યા હતા. સૌથી વધુ ભૂલો કરવામાં આવી હોય એવી પરીક્ષામાં ખાસ તો, જીપીએસસી દ્વારા જાહેર કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક ૪૭/૨૦૨૩-૨૪ની ફાઇનલ આન્સર કીમાં સુધારો કરવામાં આવ્યો.

જીપીએસસીની વર્ગ ૧ અને ૨ની પરીક્ષામાં ૯ સવાલો રદ કરવામાં આવ્યા અને ૧ અને ૨ પેપરમાં મળીને કુલ ૨૨ સવાલોના જવાબમાં સુધારા કરવામાં આવ્યા હતા. હવે આ પરીક્ષા પાસ કરનારા ઉમેદવારો ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧, ગુજરાત નાગરિક સેવાઓ, વર્ગ-૧ અને વર્ગ-૨ અને ગુજરાત મ્યુનિસિપલ મુખ્ય અધિકારી સેવા, વર્ગ-૨માં પસંદગી પામી રાજ્યનું પ્રશાસન ચલાવવાના હોય છતાં જીપીએસસીને ગંભીરતા લાગતી નથી.

આ ઉપરાંત, ડેપ્યુટી સેકશન ઓફિસર અને મામલતદાર માટેની જાહેરાત ક્રમાંક ૪૨/ ૨૦૨૩-૨૪માં ૮ સવાલો રદ્દ કરવામાં આવ્યા અને ૧૮ જવાબ ફાઇનલ આન્સર કીમાં સુધારી દેવામાં આવ્યા હતા. જીપીએસસીના નિયમ પ્રમાણે પ્રથમ જાહેરાત બહાર પાડવામાં આવે છે ત્યારબાદ પ્રિલિમ પરીક્ષા લેવામાં આવે છે. તે પછી જ વર્ગ ૧ અને ૨ માટે મુખ્ય પરીક્ષા લેવામાં આવે છે અને ફાઇનલ ઇન્ટરવ્યૂ બાદ પરિણામ જાહેર કરવામાં આવે છે. પ્રિલિમ પરીક્ષા પછી આન્સર કી જાહેર કરવામાં આવે છે અને ત્યારબાદ દરેક પેટર્ન ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવે છે જેમાં રદ થયેલા સવાલ કે બદલાયેલા જવાબહોય તો તે પણ જાહેર કરવામાં આવે છે.

હવે જ્યારે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન જેવું અગત્યનું સરકારનું એક તંત્ર પરીક્ષા લેતું હોય ત્યારે તેમાં પૂછવામાં આવતા સવાલો કેટલા સચોટ રીતે પૂછવા તેની ગંભીરતા અને જવાબદારી ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનની હોય છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા છેલ્લે લેવામાં આવેલી વર્ષ ૨૦૨૧-૨૨ વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન લેવામાં આવેલી પરીક્ષાઓમાંથી ૨૦ જેટલી પરીક્ષાઓના પ્રિલિમના પ્રશ્નની આન્સર કી ચેક કરવામાં આવી હતી. આ ફાઇનલ આન્સર કી એટલે કે ચકાસેલ ઉત્તરો અને બદલાવેલા સવાલો કે કેન્સલ થયેલા સવાલો વિશેના અભ્યાસ પછી જાણવા મળ્યું કે જીપીએસસી દ્વારા લેવામાં આવતી પરીક્ષામાં મોટાભાગે વારંવાર ભૂલો સામે આવી રહી છે.

# ચોરની હિંમત તો જુઓઃ ડિફેન્સ એકસોમાં મુકાયેલું ૬૫૦૦ કિલોનું હેલિકોપ્ટર ગાયબ



લખનઉ: તા ૧૭

ડિફેન્સ રિઝર્વ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) માં બનેલું એક કોમ્બેટ હેલિકોપ્ટર (ચિનૂક) વૃંદાવન સ્કીમ ખાતે ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ યોજાયેલા ડિફેન્સ એક્સપોમાં પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. આ હેલિકોપ્ટર ગાયબ થઈ ગયું છે. આ ઘટના બાદ ચકચાર મચી ગયેલ છે. મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ પાસે આનો જવાબ નથી. ચાર વર્ષ પહેલા લખનૌની વૃંદાવન યોજનામાં ડિફેન્સ એક્સપોનું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૦૨૦ માં ડિફેન્સ એક્સ્પો દરમિયાન, DRDO એ એન્ટ્રી ગેટ પાસે સ્ક્રેપમાંથી બનાવેલ ચિનૂક હેલિકોપ્ટરનું ચોક્કસ મૉડેલ પ્રદર્શિત કર્યું હતું. એક્સપોમાં પહોંચેલા લોકોએ હેલિકોપ્ટરના આ મોડલ સાથે સેલ્ફી પણ લીધી હતી.

એક્સ્પો પૂરો થયા પછી પણ, હેલિકોપ્ટર લોખંડના મજબૂત પ્લેટફોર્મ પર અહીં ઊભું હતું. તેની દેખરેખની જવાબદારી મહાનગરપાલિકાની હતી.ફેબ્રુઆરી ૨૦૨૩માં આયોજિત જી-૨૦ સમિટના કાર્યક્રમ આ મેદાન પર કરવાની વાત આવી ત્યારે કોર્પોરેશને હેલિકોપ્ટર નબળા પિપિલર પર અને આ વિસ્તારમાં VIP મૂવમેન્ટને ટાંકીને તેને હટાવી દીધુ હતુ. આ પછી હેલિકોપ્ટરનું શું થયું તે કોઈને ખબર નથી. ગુમ થયેલ હેલિકોપ્ટર અંગેની લેખિત ફરિયાદ એપ્રિલ ૨૦૨૩માં શહેરી વિકાસ વિભાગના સંયુક્ત સચિવ કલ્યાણ બેનર્જીને કરવામાં આવી હતી.

ફરિયાદ બાદ કલ્યાણે લખનૌ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓને પૂછ્યું હતું કે હેલિકોપ્ટર ક્યાં ગયું? ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશન ઝોન-૮ના ઝોનલ સેનેટરી ઓફિસર રાજેશ ઝાએ લેખિત જવાબ આપ્યો હતોકેગોમતી નગર સ્થિત કોર્પોરેશનના રબિશ એન્ડ રિમૂવેબલ (આરઆર) વર્કશોપમાં સમારકામ માટે હેલિકોપ્ટર મોકલવામાં આવ્યું છે. જોકે, વર્તમાન આરઆર ચીફ મનોજ પ્રભાતનું કહેવું છે કે વર્કશોપમાં આવું કોઈ હેલિકોપ્ટર આવ્યું નથી કે ભૂતકાળમાં તેની કોઈ એન્ટ્રી થઈ નથી. ૬૫ કિલો વજનના આ હેલિકોપ્ટરને બનાવવાનો ખર્ચ ૪૫ લાખ રૂપિયા હતો.

# એસ.ટી. બસપોર્ટનાં પહેલા માળની લિફટમાં યુવક ફસાયો

### ફાયર બ્રિગેડે અર્ધો કલાકની જહેમત ઉઠાવી વાણીયાવાડીનાં યુવકને હેમખેમ બચાવી લીધો





રાજકોટ બસપોર્ટનાં પહેલા માળે ગઈકાલે સાંજે સાડા છ વાગ્યા આસપાસ અચાનક લિફ્ટમાં ક્ષતિ સર્જાતા એક યુવક ફસાઈ ગયો હતો અને આ અંગે ફાયરબ્રિગેડને જાણ કરતા તુરંત જ ફાયરબ્રિગેડનાં જવાનો સંજય મકવાણા, હરીશ ચંદ્રસિંહ, સામતભાઈ, અર્જુનસિંહ અને અજયસિંહ ઘટના સ્થળે દોડી ગયા હતા અને અર્ધો કલાકની સખ્ત જહેમત બાદ લિફ્ટમાંથી વાણીયાવાડી-૭ વિસ્તારમાં રહેતા યુવકને હેમખેમ બચાવી અને સફળતાપૂર્વક રેસ્કયુ કર્યુ હતું ત્યારની તસ્વીરો.

(તસ્વીરઃ દેવેન અમરેલીયા)



# તિરૂપતિનગરમાં થયેલ વાયર ચોરીનો ભેદ ઉકેલાયોઃ લોહાનગરનો શની ગામેતી ઝડપાયોઃ બે સકંજામાં

## ગોડાઉનમાં વંડી ઠેકી ત્રાટકેલા તસ્કરો રૂા.૩.૧૯ લાખનો મુદ્દામાલ ઉસેડી નાસી છૂટતાં પોલીસે ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો

## રૂા.૨.૨૮ લાખનો મુદ્દામાલ જપ્તઃ એલસીબી ઝોન-૧ ના પીએસઆઈ આર.એચ.ઝાલા અને ટીમને મળી સફળતા

રાજકોટ. તા.૧૭

તિરૂપતિનગરમાં આવેલ ઈલેક્ટ્રીક સામાનના ગોડાઉનમાં એક દિવસ પહેલાં ત્રાટકેલા તસ્કરોએ ચોરીને અંજામ આપી રૂ.૩.૧૯ લાખનો વાયર ચોરી નાસી છૂટતાં પોલીસ દોડતી થઈ હતી અને ગણતરીની કલાકોમાં એલસીબી ઝોન-૨ ની ટીમે હનુમાન મઢી પાસેથી લોહાનગરનો સની ગામેતી પકડી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી રૂ.૨.૨૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે અન્ય બે શખ્સોને પણ સકંજામાં લઈ પૂછતાછ આદરી હતી. બનાવ અંગે નિર્મલા રોડ પાસે લીંબુડી વાડી મેઈન રોડ પર રહેતાં વિવેકભાઈ મણીલાલ દેથરીયા (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓનું તિરુપતિનગર મેઈન રોડ જુની પોસ્ટ ઓફીસની બાજુમાં ઓફીસ/ગોડાઉનમા આવેલ છે. જેમા ઈલેક્ટ્રીકને લગતો સામાન રાખી વેપાર કરે છે. ગઈ તા. ૧૪/૦૫/૨૦૨૪ ના સાંજના સમયે તેઓ ઓફીસ/ગોડાઉન બંધ કરી ઘરે જતાં રહેલ હતાં. ગઈકાલે સવારના દશેક વાગ્યાની આસપાસ ઓફીસ/ગોડાઉન ગયેલા અને ઓફીસ/ગોડાઉનનો મેઈન દરવાજો ખોલતા અંદરના ભાગે દરવાજાના લોક તોડેલ હતા અને સામાન અસ્ત-વ્યસ્ત પડેલ હતો. તપાસ કરતા ઓફીસ/ગોડાઉનમા રાખેલ માલમાથી ૧.૦ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૨૨ રૂ. ૪૧૨૫૦, ૧.૫ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૧૨ રૂ. ૨૬૫૦૦, ૨.૫ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૦૮ રૂ. ૪૩૬૧૩, ૪.૦ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૦૫ રૂ. ૪૨૨૭૫, ૧.૭૫ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૨૯ રૂ. ૨૫૬૦૦, ૨.૫ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૧૩ રૂ. ૩૮ હજાર, ૬.૦ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૦૩ રૂ.૧૮ હજાર સહિતના અલગ અલગ વાયરના બંડલ કોઈ અજાણ્યા શખ્સો ઓફીસ/ગોડાઉનની દિવાલ ઠેકી અંદર પ્રવેશ કરી દરવાજાના નકુચો તોડી પ્રવેશ કરી નીચેના રૂમના અને ઉપરના માળના દરવાજાના નકુચા તોડી ઈલેક્ટ્રીકનો અલગ-અલગ વાયરનો જથ્થો કુલ ૮૯ વાયરના બંડલ મળી કુલ રૂ. ૩,૧૯,૨૩૮ નો મુદ્દામાલ ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી એલસીબી ઝોન-૧ ના પીએસઆઈ આર.એચ.ઝાલા અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસનો ધમધમાટ આદર્યો હતો ત્યારે હેડ કોન્સ્ટેબલ રાહુલ ગોહેલ, કોન્સ્ટેબલ જયપાલસિંહ સરવૈયા, જેન્તીગીરી ગોસ્વામી અને મનીષ લોઢિયાને મળેલ ચોક્કસ બાતમીના આધારે ચોરી કરી નાસી છૂટવાની પેરવી કરતાં શની શંકર વરગોડિયા (ગામેતી) (ઉ.વ.૨૧),(રહે. લોહાનગર, મફતીયાપરા, રામાપીરના મંદિરની પાસે) ને ઝડપી પાડી એક ઓટો રીક્ષા, સલગાવેલા તાંબાના વાયરના બંડલો, એક તણી, કાતર, ડિસમીસ નં.૩ અને કોઈતો મળી કુલ રૂ.૨.૨૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીની પૂછતાછમાં તેની સાથે અન્ય બે શખ્સો જીતેષ રમેશ પાટડીયા અને મનસુખ ઉર્ફે દિકુ હરી પરમાર (રહે. બંને લોહાનગર, મફતિયાપરા) હોવાની કબૂલાત આપતાં સ્ટાફે અન્ય બંને પણ સકંજામાં લઈ પૂછતાછ હાથ ધરી વધું ઘરફોડ ચોરીના ભેદ ઉકેલવા પ્રયાસો હાથ ધર્યા હતાં. ઉલ્લેખનીય છે કે ત્રણેય શખ્સો વિરુદ્ધ અલગ અલગ પોલીસ મથકમાં ઘરફોડ ચોરીના અનેક ગુના નોંધાયેલ છે.







### રેકી કરી મોડી રાતે ગોડાઉનમાં ત્રાટકતાઃ વાયરના બંડલો સળગાવી તાંબું વેંચતા

રાજકોટ. તા.૧૭

તિરૂપતિનગરમાં ઇલેક્ટ્રીક સામાનના ગોડાઉનમાં થયેલ ચોરીના બનાવમાં પકડાયેલા આરોપી અગાઉ નાની મોટી વાયરની ચોરીમાં પકડાયેલ હોય જેથી ગોડાઉનની રેકી કરી પ્લાન બનાવી મોડી રાતે પોતાની પાસેના ઓજારોથી ગોડાઉનનું લોક તોડી તેમાં રહેલા ઇલેક્ટ્રીક વાયરના બંડલો ચોરી કરી મુદ્દામાલ કોઈ ઓળખી ન શકે તે માટે વાયરને સળગાવી તેમાંથી નીકળેલ તાંબાના વાયરના ગુછા બનાવી ભંગારના ડેલામાં વેંચી નાંખતા હતાં.

### તસ્કરોએ તિરૂપતિનગરમાંથી વાયર ચોરી ભક્તિનગર પ્લોટ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં વેંચી નાખ્યો

રાજકોટ. તા.૧૭

તિરૂપતિનગરમાંથી રૂ.૩.૧૯ લાખનો વાયર ચોરી કરી તસ્કરોએ ભક્તિનગર પ્લોટ ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં વેંચી નંખ્યાનો કબુલાત આપી હતી. જેથી પોલીસે ચોરીનો વાયર ખરીદનાર કારખાનેદાર સામે પણ કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી.

### ૨૧ વર્ષનો ફ્રુટનો ધંધાર્થી તસ્કર બની ગયો

ચોરીમાં પકડાયેલ લોહાનગરમાં રહેતો ૨૧ વર્ષીય શની તેના પિતા સાથે ફ્રુટનો ધંધો કરતો હતો અને સાથે સાથે કુમળીવયમાં જ જલ્દી રૂપીયા કમાઈ લેવાની લ્હાયમાં ચોરીના રવાડે પણ ચડી ગયો હતો. સનીએ વર્ષ ૨૦૨૩ માં જામનગર વિસ્તારમાં બે ચોરીને અંજામ આપ્યો હતો અને બાદમાં તિરૂપતિનગરમાં ચોરીને અંજામ આપ્યો હતો.

# બામણબોર જીઆઈડીસીમાં કારખાનામાંથી કાસ્ટીંગ બ્લોક ચોરી કરનાર કર્મચારી અને બે સગીર ઝડપાયા

## સીસીટીવી ફૂટેજ ચેક કરતાં કંપનીમાં જ કામ કરતાં નિતેષ ભાંડાફોડ થયોઃ એરપોર્ટ પોલીસે અરોપીની ધરપકડ કરી મુદ્દામાલ કબ્જે કર્યોઃ નિતેષ અગાઉ પોકસોના ગુનામાં સંડોવાયેલ હોવાનું ખુલ્યું

રાજકોટ. તા.૧૭

બામણબોર જીઆઈડીસીમાં કારખાનામાંથી કાસ્ટીંગ બ્લોક ચોરી કરનાર કર્મચારી અને બે સગીરને એરપોર્ટ પોલીસે દબોચી તમામ મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે સાધુ વાસવાણી મેઈન રોડ પર આદિત્ય એપાર્ટમેન્ટમાં રહેતાં ભાવેશભાઇ જયંતીભાઈ પાબારી (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નિતેષ રમેશ જેસાણી (રહે. નવાગામ) અને અજાણ્યાં બે શખ્સોના નામ આપતાં એરપોર્ટ પોલીસે આઈપીસી કલમ ૩૮૧,૧૧૪ હેઠળ ગુનો નોંધી આરોપી નિતેશની ધરપકડ કાર્યવાહી કરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ બામણબોર જી.આઇ.ડી.સી. આવેલ કોટેચા સ્ટીલ પ્રા.લી. નામની કંપની ચલાવે છે. કંપનીમાં ઉમેશભાઈ ઠાકરશીભાઈ શેખને મજુરોનો કોન્ટ્રાકટ આપેલ છે. તેની નીચે ૧૧ મજરો કામ કરે છે. જેમા નીતેષ જેસાણી પણ કામ કરે છે. ગઈ તા.૧૫ ના રોજ બુધવાર હોય જેથી ફેકટરીમાં રજાનો દીવસ હતો અને ગઈકાલે તેઓ સવારના કંપની પર આવેલ તો કંપનીના એચ.આર. સમીરસીંહ હરીસીંહ રાઠોડે વાત કરેલ કે, આપડી કંપનીના પેકીંગ ડીપાર્ટમેન્ટમા રહેલ કાસ્ટીંગના બ્લોકના સેમ્પલ ગોળ અને ચોરસ જોવામા આવતા નથી. તેઓ મેનેજર સાથે ત્યા ગયેલ અને તપાસ કરતાં કુલ ૧૬૭ કાસ્ટીંગ બ્લોક લોખંડના જેનુ આશરે વજન ૭૭૦ કી.ગ્રા. રૂ. ૨૭ હજારનો મુદ્દામાલ જોવામા આવેલ નહી જેથી કાસ્ટિંગ બ્લોકની ચોરી થયાનું જાણવા મળ્યું હતું.

બાદમાં ઓફીસમા જઈ સી.સી.ટી.વી. ફૂટેજ ચેક કરતાં તા. ૧૫/૦૫ ના બપોરના પોણા ત્રણથી ત્રણ વાગ્યા દરમ્યાન કારખાનામાં મજુરી કામે આવતો નીતેષ જેસાણી કંપનીમા રાખેલ ટ્રેકટરમા વેસ્ટેજ નાખવા જતા હોય તેની સાથે અન્ય બે છોકરાઓ જોવામા આવેલ અને તેઓ કાસ્ટીંગ બ્લોક ટ્રેકટરમાં નાખી કંપનીની બહાર ચોરી કરી લઈ જતાં જોવામા આવેલ હતાં.

બનાવ અંગેની ફરીયાદ પરથી એરપોર્ટ પોલીસે ગુનો નોંધી પીઆઈ જે. આર.ગામીતની રાહબરીમાં પીએસઆઈ એ.કે.રાઠોડ અને ટીમે તપાસ હાથ ધરી ગણતરીની કલાકોમાં આરોપી નિતેષ જેસાણી અને તેની સાથેના બે સગીર આરોપીને દબોચી લઈ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, આરોપી નિતેષ અગાઉ પોકસોના ગુનામાં પણ સંડોવાયેલ હોવાનું સામે આવ્યું હતું.

# મેટોડા અકસ્માતે માતા - પુત્રના મોતના બનાવમાં આરોપીની ઓળખ કરતી પોલીસ

રાજકોટ, તા.૧૭

ગઈકાલે રાત્રે પોણા આઠેક વાગ્યે મેટોડામાં મણી મંદિર પાસે રોડ ક્રોસ કરતા માતા પુત્ર સહિત ત્રણને કાર ચાલકે હડફેટે લેતા માતા શીલુદેવી ચંદનકુમાર શાહ (ઉ.વ.૨૧) અને તેના પુત્ર અંકુશ કુમાર (ઉ.વ.૨)નું મોત થયું હતું. જ્યારે શીલુદેવીના ભાઈ રાજા કૈલાસ પાસવાન (ઉ.વ.૧૩)ને ઇજા થતાં સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.



બનાવ બનતા જ મેટોડા જીઆઇડીસી પોલીસના પીએસઆઇ કે.એ. ગોહિલ સહિતના દોડી ગયા હતા. મૃતદેહો પીએમ માટે ખસેડી કાર ચાલક કાર મૂકીને જ ફરાર થઇ ગયો હોય, ગણતરીની કલાકમાં જ કારના નંબર પરથી માલિકની ઓળખ કર્યા બાદ ચાલક ચિરાગ ભીખાભાઈ વાગડીયા(રહે. ખીરસરા) હોવાની ઓળખ થઈ હતી. મૃતકનું પરિવાર અંતિમ ક્રિયા સહિતના કાર્યમાં હોય, તેઓ ફરિયાદ આપે તે પછી કાર ચાલકની ધરપકડ કરવામાં આવશે.

# શાપર અને કુચીયાદળમાંથી બેટરી ચોરી કરનાર જેતપુરનો વીજય સોલંકી ઝડપાયો

## ક્રાઈમ બ્રાંચની ટીમે આરોપીને બસપોર્ટમાંથી દબોચી લીધોઃ કુલ રૂા.૩.૨૦ લાખની બેટરી ચોરી ગુન્હામાં ફરાર હતો

રાજકોટ તા.૧૭

શાપર અને કુચીયાદળમાં આવેલ ટાટા કંપનીના સ્ટોક યાર્ડમાંથી લાખો રૂપિયાની બેટરી ચોરીના ગુન્હામાં ફરાર જેતપુરના વિજય સોલંકીને એસટી બસપોર્ટમાંથી ક્રાઈમ બ્રાંચે દબોચી લીધો હતો.



પ્રાપ્ત વિગત મુજબ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં બી.સી.સાકરીયા, એએસઆઈ અશોક કલાલ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હેડકોન્સ્ટેબલ વિજયરાજસિંહ જાડેજા, હરદેવસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજાને એરપોર્ટ પોલીસ મથકના રૂા.૧.૩૨ લાખની બેટરી ચોરી અને શાપર પોલીસ મથકના રૂા.૧.૮૫ લાખની બેટરી ચોરીના ગુન્હામાં ફરાર વિજય મુકેશ સોલંકી ઉ.વ.૨૧ રહે. જેતપુર સામાકાંઠે ને એસટી બસપોર્ટમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે આરોપીએ અન્ય શખ્સો સાથે મળી અમદાવાદ હાઈવે પર કુચીયાદળ પાસે આવેલ ટાટા કંપનીના ગોડાઉનમાંથી ટ્રકની ૧૨ બેટરી ચોરી કરી હતી તેમજ કાંગસીયાળી ગામની સીમ સૌરાષ્ટ્ર હોટલની બાજુમાં આવેલ ટાટા કંપનીના સ્ટોક યાર્ડમાંથી ૧૯ બેટરીની ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી.

# ૧.૧૮ કરોડ ચૂકવવા આપેલ બે ચેક રિટર્ન થયાના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

રાજકોટ, તા.૧૭

રાજકોટમાં રહેતા ફરિયાદી ગોપાલભાઈ ભુપેન્દ્રભાઈ ચુડાસમાએ રાજકોટની ચીફ જયુડીશ્યુલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં એવી ફરીયાદ કરેલ કે, આરોપી અમર કાનજીભાઈ પટેલને મિત્રતાના દાવે રૂ.૧ કરોડ ૧૮ લાખ ધંધાના વિકાસ માટે હાથ ઉછીના આપેલ. લેણી રકમ આરોપીએ એક વર્ષમાં પરત ન કરતા, રૂપિયાની માંગણી કરતા આરોપીએ રૂ.૫૯-૫૯ લાખના બે ચેક આપેલ. બંને ચેક રીટર્ન થતા લીગલ નોટીસ આપી જાણ કરેલ. છતાં રકમ નહીં ચૂકવતા કોર્ટમાં કેસ દાખલ થયેલ હતો. કેસ ચાલતા દરમિયાન ફરીયાદી અને આરોપી વચ્ચે રૂ.૮૮ લાખમાં સમાધાન થયેલ. કોર્ટ સમક્ષ સમાધાન પુરસીસ રજુ કરવામાં આવેલ. જોકે સમાધાન ભાંગી પડતા ફરીયાદ ગુણદોષ ઉપર આગળ ચાલેલ. કેસ ચાલતા આરોપીના એડવોકેટ નિલેશ પટેલે કરેલી દલીલો કરેલ કે, આરોપીએ ફરીયાદીની ઓમ ડેકોરા નાઈન સ્કવેર, નાનામવા રોડ ઉપર આવેલ બીલ્ડીંગમાં ઓફીસ બુક કરાવેલ અને તે વ્યવહારના વેચાણ દસ્તાવેજ અને મેઈનટેનન્સની રકમ ચુકવવા માટે બે કોરા સહીવાળા ચેક આપેલ. ફરીયાદીની પેઢી ઉપર ઈન્કમ ટેક્ષની રેડ પડેલ અને આ રેડમાં જપ્ત કરવામાં આવેલ રેકર્ડમાં પણ આરોપીએ ફરીયાદી પાસેથી ઓફીસ ખરીદવા રકમ ચુકવેલ હોવાનું અને ઓફીસ બુક કરાવેલ હોવાની રજુઆત કરેલ. આરોપીએ ફરીયાદીને આપેલ બન્ને ચેકોનો દુરુપયોગ કરેલ છે. પક્ષકારો વચ્ચેનું સમાધાન આરોપીનું એડમીશન માની શકાય નહીં. દલીલ, પુરાવા ધ્યાને લઈ કોર્ટે આરોપી અમર પટેલને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ નિલેશ જી. પટેલ, નિકુંજબેન સાકરીયા તેમજ સહાયક તરીકે રેખાબેન ઓડેદરા, રીધ્ધીબેન પીલોજપરા, દીપાલીબેન નકુમ રોકાયેલા હતા.

# શહેર પોલીસ બુટલેગરો પર તૂટી પડીઃ ચાર દરોડામાં ૪૨૧ બોટલ દારૂ અને બિયરનો જથ્થો પકડયો

## નવાગામમાં ગૌતમ ચાવડાને ૬૫ બોટલ સાથેઃ મોરબી રોડ પરથી સાગર માવલાને ૧૩૨ બોટલ અને બિયર સાથે, લોઠડા રોડ કારમાંથી ૧૩૨ બોટલ અને માંડાડુંગરમાંથી ૯૨ બોટલ સાથે કરન ખુમાણ ઝડપાયો

રાજકોટ. તા.૧૭

શહેર પોલીસે બુટલેગરો પર ધોંસ બોલાવી અલગ અલગ જગ્યાએ ચાર દરોડા પાડી ૪૨૧ બોટલ દારૂ અને બિયરના જથ્થા સાથે ચાર શખ્સોને રૂ.૬.૭૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પડયા હતા. જેમાં નવાગામમાં ગૌતમ ચાવડાને ૬૫ બોટલ સાથેઃ મોરબી રોડ પરથી સાગર માવલાને ૧૩૨ બોટલ અને બિયર સાથે, લોઠડા રોડ કારમાંથી ૧૩૨ બોટલ અને માંડાડુંગરમાંથી ૯૨ બોટલ સાથે કરન ખુમાણને પકડી પાડ્યો હતો. જે અંગે કુવાડવા રોડ, આજીડેમ અને બી. ડિવિઝન પોલીસે દરોડા પાડી કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન ખાનગી રાહે હકિકત મળેલ કે નવાગામ દિવેલીયાપરા સ્મશાનની સામેની શેરીમાં ખુલ્લા પ્લોટ પાસે સફેદ કલરની કારપ નં. જીજે-૦૩-એમએલ-૨૮૪૬ કારમાં દારૂનો જથ્થો હોવાની બાતમી મળી હતી. શંકાના આધારે તે સ્થળ પર દરોડો પાડી કારની તપાસ કરતા કારમાંથી દારુની ૬૫ બોટલ મળતા કાર ચાલક ગૌતમ મનસુખભાઈ ચાવડા (ઉ.વ.૨૪ રહે.નવાગામ રંગીલા સોસાયટી નવીન રેસીડેન્સી રઘુવીર ડેલાની પાછળ) ને દારૂ અને કાર મળી રૂ.૩.૩૫ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો. બાદમાં તેની પૂછતાછ હાથ ધરતાં તેને દારૂનો જથ્થો હીતેશ ધોરીયા (રહે.ચોટીલા) એ આપ્યાની કબુલાત આપતાં પોલીસે તેની શોધખોળ હાથ ધરી હતી. બીજાં દરોડામાં બી.ડિવિઝન પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ખાનગી રાહે બાતમી મળેલ કે, રીક્ષા નંબર જીજે-૦૩-એએક્ષ-૧૧૧૮ ગ્રીનલેન્ડ ચોકડીથી નીકળેલ છે અને જકાતનાકા થઈ જુનો મોરબી રોડ વાળા રસ્તે થઈ ભગવતીપરા વિસ્તારમાં જવાની છે, જે રીક્ષામાં માલસામાનની આડમાં વિદેશી દારૂના જથ્થો સંતાડેલ છે, તેવી ચોક્કસ હકિકત મળતા વોચમાં રહેલ સ્ટાફે રિક્ષા જકાતનાકા તરફથી આવતા તેને અટકાવી તેમાં તપાસ કરતા દારુની ૧૩૨, બિયરની ૭૨ બોટલ મળી આવતાં રિક્ષા ચાલાક સાગર બાબુભાઈ માવલા (ઉ.વ.-૩૨ રહે-ભગવતી પરા મેઈન રોડ બોરીચા સોસાયટી શેરી નં.-૦૧ રામજી મંદિર પાસે) અને સોમકુભાઈ ગભરૂભાઈ ખાચર (રહે-નાની મોલડી, ચોટીલા) ને દબોચી લીધા હતાં. પોલીસે દારુની બોટલ, રિક્ષા અને મોબાઈલ સહીત રૂ. ૧.૦૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ત્રીજા દરોડાની વિગત મુજબ, આજીડેમ પોલિસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન કોઠારીયા રોડ પિતૃ કૃપા નામની ઓફીસ પાસે કાચા માર્ગ પર એક સફેદ કલરની અલ્ટો કારમાં દારૂનો જથ્થો રાખેલ છે, તેવી બાતમી મળતા સ્ટાફે વોચમાં હતી ત્યારે કોઠારીયા ગામથી લોઠડા રોડ મીત મારબલની સામે આવેલ કાચા માર્ગે જતા વોકળાના કાંઠે સફેદ કલરની અલ્ટો કારને અટકાવતાં કાર ચાલક નાસી છૂટ્યો હતો. જે કારમાંથી દારુની ૧૩૨ બોટલ કબ્જે કરી હતી. પોલીસે દારૂ અને કાર મળી રૂ.૨.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ચોથા દરોડામાં પણ આજીડેમ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે માંડાડુંગર શ્યામ કિરણ સોસાયટી શેરી નં-૧ મા રહેતા કરણ મોહન ખુમાણએ પોતાના રહેણાંક મકાનમા દારૂનો જથ્થો રાખેલ છે, તેવી બાતમીના આધારે દરોડો પાડી દારુની ૯૨ બોટલ કબ્જે કરી કરણ ખુમાણ સામે ગુનો નોંધી રૂ.૧૬૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## કુવાડવા રોડ, આજીડેમ અને બી. ડિવિઝન પોલીસે દરોડા પાડી કાર્યવાહી કરીઃ રૂા.૬.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત


# બાપા સીતારામ ચોક પાસેથી ચોરાઉ એક્સેસ સાથે બે શખ્સો ઝડપાયા

## ૧૦ દિ' પહેલા ગોવર્ધન ચોક નજીકથી બાઈક ચોરી કર્યાની કબુલાતઃ તાલુકા પોલીસ મથકના મહાવીરસિંહ જાડેજા અને કુલદીપસિંહની કામગીરી

રાજકોટ તા.૧૭

બાપા સીતારામ ચોક પાસેથી ચોરાઉ એક્સેસ બાઈકસાથે બેશખ્સોનેતાલુકા પોલીસે દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ તાલુકા પોલીસ મથકના પીઆઈ ડી.એમ.હરીપરાની રાહબરીમાં કોન્સ્ટેબલ મહાવીરસિંહ જાડેજા અને કુલદીપસિંહ જાડેજાને મળેલ ચોકકસ બાતમીના આધારે મવડીમાં આવેલ બાપા સીતારામ ચોક પાસેથી ચોરાઉ એકસેસ બાઈક સાથે ઉભેલા માર્ગીટ હસમુખ ખુંટ રહે. ગોવિંદરત્ન શેરી નં.૪ અને નૈમીષ ચંદુ કાકડીયા રહે. રિયલ ક્રાઈમ એપાર્ટમેન્ટ, બાપા સીતારામ ચોકને પકડી પાડી પુછતાછ હાથ ધરતા તેઓએ ૧૦ દિવસ પહેલા ગોવર્ધન ચોક નજીક માધવપાર્ક શેરીમાંથી બાઈકની ચોરી કર્યાની કબુલાત આપી હતી.

જિયારત/ઈન્તકાલે પુર મલાલ

અલીભાઈ જાનમહંમદભાઈ ભાણું

તા. ૧૬-૫-૨૦૨૪

રાજકોટ મુસ્લિમ સમાજના અગ્રણી અને હઝરત જલાલશાહ પીર દરગાહ ટ્રસ્ટના પ્રમુખ અલીભાઈ જાનમહંમદભાઈ ભાણુંનુ તા.૧૬/૫/૨૦૨૪ ના ઈન્તેકાલ થયેલ છે.મરહૂમની જિયારત તા.૧૮/૫/૨૦૨૪ના શનિવારે ભીસ્તીવાડ મસ્જિદ,રાજકોટ ખાતે સવારના ૯-૩૦ વાગ્યે રાખેલ છે.

-: દુઆગીર :-

હુસેનભાઈ અલીભાઈ ભાણું ઈકબાલભાઈ અલીભાઈ ભાણું

અયુબભાઈ અલીભાઈ ભાણું અસલમભાઈ અલીભાઈ ભાણું

9925565447 / 9537762493 / 9428156786 / 9213178692

SIMPLE


### ખેડૂતો

(છેલ્લા પાનાનું ચાલું)

વધારો થયો છે. એવી જ રીતે દેશના તમામ ખેડુતોને માથે એક દાયકા અગાઉ વર્ષ ૨૦૧૪માં ૮,૪૧,૮૦૦ કરોડની લોન હતી. જે ૧૦ વર્ષ એટલે કે ૨૦૨૩ સુધીમાં ૧૯,૦૭,૪૪૪ કરોડની થઇ ગઇ છે. જે આ છેલ્લા એક દસકા દરમિયાન ખેડૂતોની બેંક લોન દેવામાં ૧૦,૬૫,૬૪૪ કરોડની થઇ ગઇ છે.

### અવસાન નોંધ

**રાજકોટ :** મૂળ જામકંડોરણા હાલ રાજકોટ શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ સમીર રાજેન્દ્રભાઈ પંડ્યા (ઉ.વ. ૩૬ આઈસીઆઈસીઆઈ બેંક રાજકોટ) તે સ્વ. દામોદરભાઈ છગનલાલ પંડ્યાના પૌત્ર તેમજ રોહીણીબેન અને રાજેન્દ્રભાઈ પંડ્યા (કાપડ મીલ)ના પુત્ર, રીંકુબેનના પતિ, ઉપેન્દ્રભાઈ (જનસત્તા પ્રેસ) મધુસુદનભાઈ (અમેરિકા), જનાર્દનભાઈ (આરસીસી બેંક- ભારત સેવક સમાજ), સ્વ. મુકુંદભાઈ (આરએમસી), કમલેશભાઈ (જનતા ક્રેડિટ સોસાયટી)ના ભત્રીજા, હર્ષલ હિરેન અભિનવ કવિતા તથા શ્રદ્ધા મયંકભાઇ પંડ્યા(વડોદરા)ના ભાઇ, વિનોદભાઈ ગિરધરલાલ પંડ્યા (અરડોઈ)ના જમાઈ તેમજ જયદીપભાઇના બનેવી અને મયંકકુમાર પંડ્યા (વડોદરા)ના સાળાનું તા.૧૭/૫ના અવસાન થયું છે.

### જલાલપીર દરગાહના પ્રમુખે અલીભાઈ ભાણુંનું અવસાન

રાજકોટઃ મુસ્લિમ સમાજના અગ્રણી અને હઝરત જલાલશાહ પીર દરગાહ ટ્રસ્ટના પ્રમુખ અલીભાઈ જાનમહંમદભાઈ ભાણુંનું તા.૧૬ના અવસાન થયેલ છે. હુસેનભાઈ, અયુબભાઈ, ઈકબાલભાઈ તેમજ અસલમભાઈના પિતાજી થાય. મરહુમની જિયારત તા.૧૮ના શનિવારે ભીસ્તીવાડ મસ્જીદ, રાજકોટ ખાતે સવારના ૧૦ વાગ્યે રાખેલ છે.

### અશાંત ધારા

(છેલ્લા પાનાનું ચાલું)

અધિકારી ચાંદની પરમારે કર્મચારીઓની બેઠક બોલાવી અશાંત ધારાની ફાઈલોનો તાબડતોબ નિકાલ કરવા માટે કર્મચારીઓને તાકીદ કરી હતી. તેની સાથોસાથ આરટીઆઈના પેન્ડીંગ કેસો આરએફએમએસના કાગળો તેમજ જમીનના બાકી પ્રકરણોની સમીક્ષા કરી હતી.

તેમજ ઈનવર્ડ અને આઉટવર્ડ સહિતના મુદ્દાઓને આવરી લઈ પેન્ડીંગ રહેલા કેસો પ્રકરણોને આગળ ધપાવી કેસોનો નિકાલ કરવા માટે તેઓએ નાયબ મામલતદારો સહિતના કર્મચારીઓને સુચના સાથે માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

### અર્થતંત્ર

(પહેલા પાનાનું ચાલું)

સેક્ટરમાં પણ મજબૂત વિકાસનો ભારતને ફાયદો મળ્યો છે. રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે ભારતમાં ગ્રાહક મૂલ્ય મોંઘવારીમાં ઘટાડો થયો છે. ૨૦૨૩માં જ્યાં તે ૫.૬ ટકા હતો તે ૨૦૨૪માં ઘટીને ૪.૫ ટકા થઇ ગયો છે.

### સેન્સેક્સ

(છેલ્લા પાનાનું ચાલું)

હોવાથી તેજીને ટેકો મળતો રહ્યો છે. ચૂંટણી પરિણામોને હવે એકાદ અઠવાડિયાની વાર છે તે પૂર્વે માર્કેટ કેવું રહે છે તેના પર નજર રાખવામાં આવી રહી છે. દરમ્યાન શેરબજાર આવતીકાલે શનિવાર હોવા છતાં બપોર સુધી ચાલુ રહેવાનું છે. આવતીકાલે સવારે ૯-૧૫ થી ૧૦ અને ૧૧-૩૦ થી ૧૨-૩૦ તેમ બે સેશનમાં કામકાજ થશે. સોમવારે મુંબઇમાં લોકસભા ચૂંટણીનું મતદાન હોવાને કારણે માર્કેટ બંધ રહેવાનું છે.

શેરબજારમાં આજે જેએસડબલ્યુ સ્ટીલ, કોટક બેંક, મહીન્દ્ર, મારૂતી, એનટીપીસી, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટાઇટન, એચડીએફસી બેંક, અલ્ટ્રાટેક સિમેન્ટ, ગ્રાસીમ જેવા શેરોમાં ઉછાળો હતો જ્યારે હિન્દ લીવર, ઇન્ફોસીસ, લાર્સન, ટીસીએસ, બજાજ ફાઇનાન્સ, એચસીએલ ટેકનો, સીપ્લા જેવા શેરો નબળા હતા.

મુંબઇ શેરબજારનો સેન્સેટીવ ઇન્ડેક્સ ૨૩૭ પોઇન્ટના ઉછાળાથી ૭૩૯૦૧ હતો જે ઉંચામાં ૭૪૦૭૦ તથા નીચામાં ૭૩૪૫૯ હતો. નેશનલ સ્ટોક એક્સચેંજમાં નીફ્ટી ૫૬ પોઇન્ટ વધીને ૨૨૪૬૦ હતો જે ઉંચામાં ૨૨૫૦૨ તથા નીચામાં ૨૨૩૪૫ હતો.





### અગનવર્ષા

(પહેલા પાનાનું ચાલું)

૪૪ ડીગ્રી નજીક તાપમાન પહોંચી શકે છે.

જો, આજે બપોરે રાજકોટનું મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી નોંધાય તો ચાલુ ઉનાળુ સીઝનનું સૌથી ઉંચુ તાપમાન નોંધાશે.

અત્રે નોંધનીય બાબત એ છે કે આજરોજ બપોરે ૧૧ વાગ્યાથી જ આકાશમાંથી સૂર્યદેવતા આગ ઓકવા લાગ્યા હતા અને બપોરે ૨.૩૦ કલાકે તો આખુ શહેર જાણે કે અગનભઠ્ઠીમાં ફેરવાઈ ગયુ હતું. આકરા તાપની સાથોસાથ ગરમાગરમ લું એ પણ સપાટો બોલાવી દીધો હતો.

બપોરે ભયંકર અગ્નિવર્ષાનાં કારણે રાજકોટવાસીઓ ઘરો અને ઓફીસોમાં એ.સી. અને પંખા વચ્ચે પુરાઈ રહ્યા હતા. જેથી બપોરે ૨.૩૦ કલાકે શહેરનાં રાજમાર્ગો અને બજારો સુમસામ ભાસતી હતી તેમજ બળબળતા બપોરમાં પશુ-પક્ષીઓએ પણ પાણીનાં અવાડા અને કુંડાનો સહારો લીધો હતો.

દરમ્યાન હવામાન વિભાગે હજુ બે દિવસ સુધી રાજયમાં વિવિધ સ્થળોએ સિવિયર હિટવેવની આગાહી કરી છે ત્યારે લોકોએ હજુ વધુ આકરી ગરમી સહન કરવી પડશે.

### ટી-૨૦ વર્લ્ડકપ

(પહેલા પાનાનું ચાલું)

થોડા મહિનાઓ પુર્વે આ સ્થળે એક સામાન્ય પાર્ક હતો. પરંતુ આઈસીસીએ અથાગ મહેનત કરીને ટુંકાગાળામાં સ્ટેડીયમ તૈયાર કરી દીધુ છે. ચાર પીચ ઉપરાંત છ અભ્યાસ પીચ પણ છે. એડીલેડ અખિલના કયુરેટર ડેમિયન હોફના માર્ગદર્શનમાં પીચ બનાવવામાં આવી છે. પીચમાં ગતિ અને બાઉન્સ હશે. દડા સારી રીતે બેટ પર આવશે એટલે દર્શકોને બેટ-બોલની જોરદાર ટકકર જોવા મળશે.

આ મેદાન- સ્ટેડીયમ આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ જ તૈયાર કરાયુ છે. મેદાનની બે સાઈડ ૭૫ ગજ અને બે સાઈડ ૬૭ ગજ લાંબી છે જે મુંબઈના વાનખેડે સ્ટેડીયમ જેવી થવા જાય છે.

સતત ત્રીજા દિવસે અમરેલી-જામનગર-મોરબી પંથકમાં તોફાની ઝાપટા વરસ્યા.....

# રાજયમાં હવે આજથી બે દિવસ સિવિયર હિટવેવની આગાહી

## અમદાવાદ સહિત અનેક સ્થળોએ તાપમાન ૪૩ થી ૪૪ ડિગ્રી ઉપર પહોંચી જશેઃ ૪૩.૬ ડિગ્રી સાથે ગઈકાલે અમદાવાદ-ડિસા સૌથી વધુ ગરમ રહ્યા



રાજકોટ,તા.૧૭

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે ગઈકાલે સતત ત્રીજા દિવસે ઝડપી પવન સાથે કમૌસમી વરસાદનો દૌર યથાવત રહ્યો હતો. ગઈકાલે સૌરાષ્ટ્રમાં, અમરેલી પંથક, મોરબી અને જામનગરમાં મિનીવાવાઝોડા જેવા પવન સાથે હળવા ભારે વરસાદી ઝાપટા વરસ્યા હતાં.જામનગર શહેર કમૌસમી વરસાદની મીની વાવાઝોડા સમો પવન ફૂંકાયો હતો. ગુરૂવારે સવારથી અસહ્ય ઉકળાટ બાદ બપોરે વાતાવરણમાં પલટો આવ્યો હતો.શહેરમાં તોફાની પવન ફૂંકાતા ધૂળની ડમરીઓ ઉડી હતી.બહુમાળી ઈમારતનો સાઈન બોર્ડ પર ધ્રુજી ઉઠયા હતા.જયારે લાલપુરમાં બપોરે શરૂ થયેલા હળવા ભારે વરસાદી ઝાપટાઓએ માર્ગો પર પાણી વહાવ્યા હતા. તો જિલ્લા જોડિયા,ધ્રોલ,જામજોધપૂર, કાલાવડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પવન સાથે વરસાદના વાવડ મળ્યા છે.

જિલ્લા કલેક્ટર કંટ્રોલરૂમમાંથી મળતી માહિતી મુજબ આજે સવારે મહતમ તાપમાન ૩૯.૮ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે લઘુતમ તાપમાન ૨૯ ડિગ્રી રહ્યું હતું. તો છેલ્લા ૨૪ કલાકમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણમાં ૧૧ ટકાના વધારા સાથે ૮૪ ટકા તો પવનની ગતિ પ્રતિકલાક ૧૨.૬ કિમિ રહી હતી.

જામનગર શહેરમાં ગુરૂવારે બપોરે હવામાન પલટાતા વાદળછાયા માહોલ વચ્ચે તોફાની પવન ફૂંકાયો હતો.જેના કારણે બહુમાળી ઈમારતોમાં સાઈડ બોર્ડ વગેરે ધ્રુજી ઉઠયા હતા. જયારે શહેરમાં ઠેર ઠેર માર્ગો પર પ્લાસ્ટીક-કાગળો વગેરે ઉડતા જોવા મળ્યા હતા.ભારે પવનના કારણે ટુ વ્હીલર ચાલકોએ હાલાકીનો સામનો કર્યો હતો. નાઘુના ઉપરાંત શહેરની વૃંદાવન સોસાયટીમાં વૃક્ષ ધરાશાયી થયાહતા.

જામનગરની ભાગોળે મોરકંડા પંથકમાં ભારે પવન સાથે જોરદાર વરસાદી ઝાપટા પડયા હતા.જયારે દરેડ પંથકમાં પણ વેગીલા વાયરા સાથે ઝાપટા વરસ્યા હતા. જામનગર શહેરમાં સોમવારે રાત્રે અમુક - સ્થળોએ હળવા ઝાપટા પડયા હતા.જે બાદ જામજોધપુર, કાલાવડ પંથકમાં પણ હળવા ભારે કમોસમી ઝાપટા વરસ્યા હતા.

દરમ્યાન હવે આજથી બે દિવસ રાજયમાં હવામાન વિભાગે સિવિયર હિટવેવની આગાહી કરી છે ખાસ કરીને અમદાવાદમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે.રાજયમાં હવે વરસાદ ગરમીથી આંશિક રાહત લોકોને મળી છે. ત્યારે બે દિવસથી તાપમાન વધી રહ્યું છે હવામાન વિભાગે બે દિવસ માટે રાજયમાં સિવિયર હીટવેવની આગાહી સાથે અમદાવાદમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ સ્થિતિમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચે તેવી શકયતા છે. ગઈકાલે ૪૩.૬ ડિગ્રી સાથે અમદાવાદ અને ડીસા રાજયના સૌથી હોટ શહેર હતાં. રાજયના મોટાભાગના શહેરના તાપમાન ૪૦ ડિગ્રીની પાર પહોંચી જવાની સાથે બપોરે ગરમ અને સૂકા પવન ફૂંકાયા હતા.બપોરે અમદાવાદમાં પારો ૪૪ ડિગ્રીની નજીક પહોંચી જતા આકાશમાંથી અગનગોળા વરસી રહ્યાં હોય તેવો અહેસાસ થયો હતો અંગ દઝાડતી ગરમીથી બચવા લોકોએ ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કર્યુ હતું. તેથી ભરચક વિસ્તાર પણ સૂના જણાતા હતાં.હવામાન વિભાગની આગાહી મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પૂર્ણ થતા હવે ગુજરાત પર ઉત્તર પ્રશ્ચિમ દિશા તરફથી પવન ફુંકાઈ રહ્યા છે.તેથી તાપમાનમાં વધારો થશે, ફરી બે ડિગ્રી સુધી તાપમાન વધી શકે છે.દરમ્યાન ગઈકાલે ગાંધીનગરમાં ૪૩.૫ વલ્લભવિદ્યાનગરમાં ૪૨.૫, વડોદરામાં ૪૨.૨, વલસાડમાં ૩૯.૨, ભૂજમાં ૪૨.૯, કંડલા ખાતે ૪૨.૫. તથા રાજકોટમાં ૪૨.૪, સુરેન્દ્રનગરમાં ૪૨.૩, મહુવામાં ૪૧.૬, અને કેશોદ ખાતે ૪૦.૫ ડિગ્રી મહતમ તાપમાન નોંધાતા ગરમીએ લોકોને અકળાવ્યા હતાં.

# આજે યુવાનોમાં વધતા જતા માનસિક તનાવ પાછળ કલાકો સુધી બેસીને કામ કરવાનું મુખ્ય કારણઃ સર્વેક્ષણ

## વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા સ્વસ્થ રહેવા માટે દર અઠવાડીયે ૭૫ મિનિટ ક્રિકેટ કે કોઈપણ રમત રમવી, ૧૫૦ મિનિટ શારીરિક પ્રવૃત્તિ કરવી



★ રીપોર્ટ ભારત અને વિદેશના ૩૦૦ સર્વેક્ષણોના આધારે તૈયાર કરવામાં આવ્યો હતો.

★ સરકાર અને કોર્પોરેટ સાથે સંકળાયેલા યુવાનો પર સર્વે

★ આરામ મેળવવાથી સુગર, બીપી અને માનસિક બીમારીનું જોખમ વધે છે.

★ લાગણીઓને નિયંત્રિત કરવામાં મુશ્કેલી

**આ પધ્ધતિને અનુસરો**

★ દરરોજ લગભગ અડધો કલાક ચાલો, યોગ કરો અને કસરત કરો. તમારી રૂચી મુજબ અઠવાડીયામાં એક કે બે દિવસ તમારી દિનચર્યામાં રમતગમતનો સમાવેશ કરો.

**૨૭ ટકા ધોરણોને પૂર્ણ કરતા નથી**

ડો. આદર્શ કહે છે કે આધુનિકતાના યુગમાં લોકોમાં શારીરિક પ્રવૃત્તિમાં ૮૦ ટકાનો ઘટાડો થયો છે. ડબલ્યુએચઓ દ્વારા સ્વસ્થ સ્વરૂપ રહેવાના લઘુતમ ધોરણો અનુસાર, દર અઠવાડીયે ૭૫ મિનિટ ક્રિકેટ, ફૂટબોલ, બેડમિન્ટન અને અન્ય કોઈપણ રમત રમો અથવા ૧૫૦ મિનિટની મધ્યમ શારીરિક પ્રવૃત્તિ અને શ્રમ કરો. ડો.ત્રિપાઠીએ કહ્યું કે ૨૭ ટકા લોકો સ્વસ્થ રહેવાના લઘુતમ ધોરણોને પણ પૂર્ણ કરતા નથી.

લખનૌઃ કલાકો સુધી બેસીને કામ કરવાને કારણે યુવાનોમાં ડિપ્રેશન વધી રહ્યું છે. લાંબા સમય સુધી એક જગ્યાએ કામ કરવાને કારણે ચિંતા અને તણાવ સામાન્ય કરતા પાંચ ગણું વધારે જોવા મળે છે.

યુવાનોમાં ગુસ્સે અને ચીડિયા બનવાનું વલણ વધ્યું છે. શારીરિક શ્રમને અભાવે યુવાનોમાં ડાયાબીટીસ, બ્લડપ્રેશર અને હાર્ટ તેમજ માનસિક બીમારીનું જોખમ વધી ગયું છે. કેજીએમયુના માનસિક રોગ વિભાગના સંશોધનમાં આ હકીકતો સામે આવી છે.

**મુડ-વર્તનમાં ફેરફાર**

મનોચિકીત્સા વિભાગના ડો. આદર્શ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે દેશ અને વિદેશમાં વિવિધ સંસ્થાઓ દ્વારા ૩૦૦ અભ્યાસ કરવામાં આવ્યા છે સર્વેનું વિશ્લેષણ કરીને આ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. રીપોર્ટમાં સરકાર અને કોર્પોરેટ સાથે જોડાયેલા૧૨૫ લાખ લોકો પર અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં પુરૂષો અને મહિલાઓ બંનેનો સમાવેશ થાય છે. તેને કોઈ રોગ નહોતો. પણ તે સ્થિર હતો. તેમની જીવન શૈલી અને કલાકો સુધી બેસીને કામ કરવાની ટેવને કારણે તેમના મુડ અને વર્તનમાં બદલાવ આવ્યો છે.

**લાગણીઓને નિયંત્રિત કરવામાં મુશ્કેલી**

અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આ લોકોને લાગણીઓને નિયંત્રિત કરવામાં સમસ્યા હતી. જેમાં કોઈની સાથે રહેવામાં સમસ્યા. વધુ પડતો તણાવ અને ચિંતા. ઝડપથી ગુસ્સો આવવા સહિત ઘણા પ્રકારના લક્ષણો ઉભરી આવ્યા છે.

ડો.ત્રિપાઠીએ જણાવ્યું હતું કે યુવાનો અને વડીલોએ આ તરફ ધ્યાન આપવાની જરૂર છે.

**સીજેઆઈ ચંદ્રચૂડે સિબ્બલને અભિનંદન આપ્યા**

# સુપ્રીમકોર્ટ બાર એસોસીએશનના અધ્યક્ષ પદે કપિલ સિબ્બલ ચુંટાયા

## ૨૨ વર્ષ બાદ ફરી ચુંટાયાઃ અગાઉ બે વખત ચુંટાયા હતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા સિબ્બલ

નવી દિલ્હી તા.૧૭

સુપ્રીમકોર્ટ બાર એસોસીએશનના અધ્યક્ષ તરીકે ૨૨ વર્ષના લાંબા અંતરાલ બાદ વરિષ્ઠ વકીલ અને કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારના પુર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલ ફરી ચુંટાઈ આવ્યા છે.

સુપ્રીમકોર્ટ બાર એસોસીએશનના અધ્યક્ષ તરીકે સિબ્બલ અગાઉ બે વખત ચુંટાઈ આવ્યા. હવે ૨૨ વર્ષના અંતરાલ બાદ ફરી તેઓ એસસીબીએન (અધ્યક્ષ) તરીકે ચુંટાઈ આવતા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ ડી.વાય.ચંદ્રચૂડે કપિલ સિબ્બલને અભિનંદન પાઠવ્યા છે. એસસીબીએના અધ્યક્ષ પદની હોડમાં આદિશ અગ્રવાલ, પ્રદીપકુમાર રાય, પ્રિયા હિંગોરાજી ત્રિપુરાટી રે, નીરજ શ્રીવાસ્તવ જેવા વરિષ્ઠ વકીલો હતા.



# ૨૦૨૪ છોડો, ૨૦૨૯માં પણ મોદી જ પીએમ બનશેઃ રાજનાથ

## મોદી અમિત શાહને વડાપ્રધાન બનાવશે તેવા કેજરીવાલના દાવા પર સંરક્ષણ મંત્રીનું રિએક્શન

લખનૌ, તા.૧૭

પીએમ મોદીના રિટાયર્મેન્ટને લઈને કેટલાક દિવસો પહેલા દિલ્હીનાં સીએમ કેજરીવાલે ટિપ્પણી કરી હતી કે એક વર્ષમાં પીએમ મોદી વડાપ્રધાન પદેથી રાજીનામુ આપી દેશે અને અમિત શાહને પીએમ બનાવશે. કેજરીવાલના આ નિવેદન પર દેશના સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે હું કહેવા માંગુ છું કે ૨૦૨૪માં તો મોદી વડાપ્રધાન બનશે અને ૨૦૨૯માં પણ તેઓ જ ભારતના વડાપ્રધાન બનશે.રાજનાથસિંહે જણાવ્યું હતું કે આથી વધુ સ્પષ્ટતાથી કંઇ ન કહી શકાય. તેમણે જણાવ્યું હતું કે મોદીએ દેશનું નામ, પ્રતિષ્ઠા દુનિયામાં વધારી છે.

# પ્રસૂતિ વખતે આરોગ્ય વિમાની માંગમાં વધારો

## ઓનલાઈન ડિસ્ટ્રીબ્યુટર પોલીસી બજારના ડેટા દર્શાવે છે કે બાળકના જન્મના નવ મહિના પહેલા ખરીદેલી પોલીસીનું વેચાણ વાર્ષિક ધોરણે ૮૦ ટકા વધી રહ્યું છે

રાજકોટ,તા.૧૮

માત્ર બાળકના જન્મ સાથે જ નહીં, તેના પહેલા પણ માતા-પિતાની જવાબદારી વધી જાય છે. આવી સ્થિતિમાં, ભારતમાં બાળકના જન્મ સાથે થતા ખર્ચને કારણે, માતૃત્વ લાભ સાથે સ્વાસ્થ્ય વીમા યોજનાની માંગ વધી રહી છે. ઓનલાઈન ડિસ્ટ્રીબ્યુટર પોલિસી બજારના ડેટા દર્શાવે છે કે બાળકના જન્મના નવ મહિના પહેલા ખરીદેલી પોલિસીનું વેચાણ વાર્ષિક ધોરણે ૮૦% વધી રહ્યું છે.

પોલિસી બજારના ચીફ બિઝનેસ ઓફિસર (આરોગ્ય) અમિત છાબરા કહે છે કે મોટાભાગની કોર્પોરેટ પોલિસી માતૃત્વ કવરેજને પ્રતિ પોલિસી રૂ. ૫૦,૦૦૦ સુધી મર્યાદિત કરે છે. જો કે, તેની કિંમત રૂ. ૫૦,૦૦૦ થી રૂ. ૩ લાખની વચ્ચે હોઇ શકે છે. તે વિવિધ શહેરોમાં ઉપલબ્ધ સુવિધાઓ પર આધાર રાખે છે. આવી સ્થિતિમાં કોર્પોરેટ પોલિસીની આ મર્યાદા ઘણા યુવાનોને મેટરનિટી કવર ખરીદવા માટે પ્રેરિત કરી રહી છે. અમિત ચાવડાના મતે, વધતો ખર્ચ લોકોને કોર્પોરેટ કવરેજ સિવાય અન્ય પ્રસૂતિ લાભો ખરીદવા માટે પ્રેરિત કરે છે. પોલિસી બજારના ડેટા દર્શાવે છે કે હાલમાં વેચાયેલી લગભગ ૧૨% હેલ્થ પોલિસીમાં પ્રસૂતિ લાભોનો સમાવેશ થાય છે. આ વાતને ધ્યાનમાં લેવી જરૂરી છે કે માત્ર ૨૫-૩૫ વર્ષની વયના લોકો સામાન્ય રીતે આ કવર ખરીદે. ICICI લોમ વોર્ડ જનરલ ઈન્સ્યોરન્સના હેલ્થ પ્રોડક્ટ્સ, ઓપરેશન્સ અને સર્વિસીસના વડા પ્રિયા દેશમુખ કહે છે કે પ્રસૂતિ કવર સામાન્ય રીતે નિયમિત ફેમિલી હેલ્થ ઈન્સ્યોરન્સ પ્લાન સાથે એડ-ઓન તરીકે પ્રદાન કરેલ છે. પ્રસૂતિ વીમામાં સામાન્ય રીતે ૯ મહિનાથી ૩ વર્ષનો રાહ જોવાનો સમયગાળો હોય છે. કેટલીક વીમા કંપનીઓ માને છે કે અડધાથી વધુ પ્રસૂતિ દાવાઓમાં સિઝેરિયન ડિલિવરીનો સમાવેશ થાય છે, ખાસ કરીને ટિયર-૧ શહેરોમાં.



**મોટી ઉંમરે માતા બનવા નું ચલણ**

દેશમુખ કહે છે,સ્ત્રીઓ તુલનાત્મક રીતે મોટી ઉંમરે માતા બનવાનું પસંદ કરી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં માતા બનવાની સરેરાશ ઉંમર ૨૬-૨૭ વર્ષથી વધીને ૩૨-૩૩ વર્ષ થઈ ગઈ છે. પરંતુ આ વલણે ગર્ભાવસ્થા દરમિયાન મુશ્કેલીઓ પણ વધારી છે. ઓપરેશન થી બાળકો ના જન્મ થવામાં વધારા ના કારણો શહેરી વિસ્તારોમાં રહેતી શિક્ષિત મહિલાઓ, પીડા ઘટાડવાની ઈચ્છા, ઓપરેશન માટે વળતર અને ડોક્ટર માટે સુવિધા જેવા પરિબળો જવાબદાર હોય છે. પરંતુ આ કારણોસર, પ્રસૂતિ લાભ સાથે આરોગ્ય વીમા યોજનાની માંગ વધી રહી છે.

**ઓપરેશન દ્વારા જન્મેલા બાળકો**

રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સે અભ્યાસને ટાંક્યો છે જે દર્શાવે છે કે ભારતમાં સિઝેરિયન ડિલિવરી ૨૦૧૬માં ૧૭.૨%થી વધીને ૨૦૨૧માં ૨૧.૫% થઈ ગઈ છે. રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સના CEO રાકેશ જૈન કહે છે કે ઘણા લોકો તેનો 'Infinity + Mother Child Care' વિકલ્પ પસંદ કરી રહ્યા છે. આ સુવિધા ૨ વર્ષની પ્રમાણભૂત રાહ જોવાની અવધિ સાથે પ્રસૂતિ કવચ પ્રદાન કરે છે. જો કે, ગ્રાહકો એક વર્ષનો વિકલ્પ પણ પસંદ કરી શકે છે. વીમાની રકમ ઉપરાંત, રૂ.૧ લાખ સુધીના રસીકરણ ખર્ચને પણ આવરી લેવામાં આવે છે. પોલિસી બજાર મુજબ, પ્રસૂતિ લાભ ધરાવતી ૭૮% પોલિસી પુરુષો દ્વારા ખરીદવામાં આવે છે. નિષ્ણાતો કહે છે કે મેટરનિટી બેનિફિટ સાથેની હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસીમાં માતૃત્વનો ખર્ચ અને સગર્ભા માતા અને તેના નવજાત શિશુના આરોગ્ય સંભાળ ખર્ચને આવરી લેવામાં આવે છે. તે મુખ્યત્વે ગર્ભાવસ્થા સંબંધિત ખર્ચને આવરી લે છે.

# પાંચ ઓપનિંગ બેટ્સમેન T-૨૦ ક્રિકેટની નવી વ્યાખ્યા બનાવી

## જેક ફ્રેઝર, ટ્રેવિસ હેડ, અભિષેક શર્મા, સુનીલ નારાયણ અને ફિલ સોલ્ટે ક્રિકેટ રમવાની રીત બદલી નાખી, સ્ટ્રાઈક રેટ અને એવરેજ બંનેમાં સફળતા મેળવી

નવી દિલ્હી. તા ૧૭

જેક ફ્રેઝર મેકગર્ક, ટ્રેવિસ હેડ અને અભિષેક શર્મામાં શું સામ્ય છે? આઈપીએલ ૨૦૨૪માં ત્રણેયનો સ્ટ્રાઈક રેટ ૨૦૦થી ઉપર છે એટલે કે ઓવર દીઠ ૧૨ રન. તેમની સરેરાશ પણ સ્ટ્રાઈક રેટ ૪૧, ૫૩ અને ૩૬ રહી છે.



હવે ગંભીરની મેન્ટર તરીકે વાપસી થતાં નારાયણ ફરી ઓપનરની ભૂમિકામાં છે. નારાયણે સ્પષ્ટપણે બાઉન્સરો મારવાની પ્રેક્ટિસ કરી છે. તેના સાથી ઓપનર ફિલ સોલ્ટની આક્રમક રમત પણ નારાયણની સફળતામાં ફાળો આપે છે.

KKRના ઓપનર સુનીલ નારાયણ અને ફિલ સોલ્ટનો સ્ટ્રાઈક રેટ અનુક્રમે ૧૮૩ અને ૧૮૨ છે. તે અન્ય ત્રણ કરતા થોડો ઓછો છે પરંતુ તેની રમવાની શૈલી અને પ્રભાવ સમાન છે. આ બેટ્સમેનોની વિસ્ફોટક શૈલીએ ઝ૨૦ ક્રિકેટની નવી વ્યાખ્યા બનાવી છે.

૨૦ ઓવરમાં ૨૪૦ રન (ઓવર દીઠ ૧૨ રન) અને પાવરપ્લેની ૬ ઓવરમાં ૯૦ રન (ઓવર દીઠ ૧૫ રન), હવે સારી વિકેટ પર આશા છે. પ્રેક્ટિસ સેશનમાં પણ બેટ્સમેને ચોગ્ગાને બદલે સિક્સર ફટકારી હતી. આઈપીએલમાં ક્લાસિકલ બેટ્સમેનોએ પણ હેડ અને મેકગર્કની જેમ તેમની શૈલી બદલી છે. સિઝનના પહેલા હાફમાં વિરાટ કોહલીનો સ્ટ્રાઈક રેટ ૧૫૦થી નીચે હતો. બેંગલુરૂના ટોપ ઓર્ડરમાં આક્રમકતાનો અભાવ હતો. પરંતુ કોહલીએ પોતાની સ્ટાઈલ બદલી હતી. પેસરો પર પુલ સાથે સિક્સરો અને સ્પિનરો પર સ્લોગ સ્વીપ કરી હતી. તેનો સ્ટ્રાઈક રેટ પણ ૧૫૫ થઈ ગયો અને છઈઇની કિસ્મત બદલાઈ ગઈ.

**નારાયણનો ઉદય**

સુનીલ નારાયણની બેટિંગ એ ૨૦૧૭માં સૌપ્રથમ ધ્યાન ખેંચ્યું હતું જ્યારે કોલકાતાના તત્કાલીન કેપ્ટન ગૌતમ ગંભીરે તેને પિચ હિટર તરીકે ઓપન કર્યો હતો. દિલ્હી કેપિટલ્સ એ સોલ્ટ ને છોડી દીધો અને જેસન રોયની વિદાયને કારણે કોલકાતાએ તેને લઈ લીધો હતો.

**ટ્રેવિસ હેડની શૈલી**

સનરાઈઝર્સ હૈદરાબાદના ઓપનર તરીકે ટ્રેવિસ હેડ બેટિંગ કરતી વખતે, પહેલા તેનો આગળનો પગ દૂર કરે છે. આનાથી તેને તેના બેટ વડે બોલને લેગ સાઇડ પર સખત મારવામાં મદદ મળે છે અને ઓફસાઇડમાં જતા બોલને 'સ્લેશ' કરવામાં પણ મદદ મળે છે. અનકેપ્ડ ભારતીય અભિષેક શર્મા સ્પિનરોને સુંદર સામે સિક્સર મારી રહ્યો છે.

**મેકગર્કનું બેઝબોલ 'સ્ટેન્સ'**

ઉપરોક્ત ચાર ઓપનરોથી વિપરીત, દિલ્હી કેપિટલ્સનો જેસ ફ્રેઝર મેકગર્ક 'વન મેન શો' છે. વિકેટ પર બેટને હવામાં ઊંચું કરીને બેઝબોલ જેવો 'સ્ટેન્સ' તેને અલગ બનાવે છે. આ ઓસ્ટ્રેલિયન સેન્સેશન માત્ર બે મેચ બાદ ચર્ચાનો વિષય બની ગયો હતો જ્યારે તેણે હૈદરાબાદ સામે માત્ર ૧૮ બોલમાં ૬૫ રન બનાવ્યા હતા.

# લખનૌ અને મુંબઈ સિઝનનો અંત જીત સાથે કરવા ઈચ્છે છે

મુંબઈ,તા.૧૭

IPL પ્લેઓફની રેસમાંથી બહાર રહેલી મુંબઈ ઈન્ડિયન્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ શુક્રવારે વાનખેડે સ્ટેડિયમ ખાતેની તેમની છેલ્લી મેચમાં જીત સાથે ટુર્નામેન્ટનો અંત લાવવાનો પ્રયાસ કરશે. મુંબઈ ઈન્ડિયન્સ લાંબા સમયથી પ્લેઓફની રેસમાંથી બહાર છે, જ્યારે લખનૌ સુપર જાયન્ટ્સ છેલ્લી મેચમાં જોરદાર માર્જિનથી જીતી જાય તો પણ તેની અંતિમ ચારમાં પહોંચવાની શક્યતા ઓછી છે. ત્રણ મેચમાં સતત પરાજયને કારણે લખનૌએ પણ પોઈન્ટ ગુમાવ્યા અને રન રેટ પણ બગડયો. સાતમા સ્થાને રહેલી કેવિઝ લખનૌનો નેટ રનરેટ માઈનસ ૦.૭૮૭ છે, જ્યારે છઠ્ઠા સ્થાને રહેલી ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો રનરેટ ૦.૩૮૭ છે.

**ચેમ્પિયન ટીમની બુરી હાલત**

પાંચ વારની IPL ચેમ્પિયન ટાઈટલ જીતનાર મુંબઈ ઈન્ડિયન્સ પ્લેઓફની રેસમાં થી બહાર થનારી પ્રથમ ટીમ હતી. નવા કેપ્ટન હાર્દિક પંડ્યાને કારણે આ સિઝનમાં ટીમનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. મુંબઈ ઈન્ડિયન્સ, જેણે અત્યાર સુધી ૧૩ મેચોમાં માત્ર ચારમાં જીત મેળવી છે, જો તે આજે જીતશે તો તેને દસ પોઈન્ટ મળશે અને તે છેલ્લા સ્થાને રહેવાનું ટાળી શકશે. પહેલીવાર , રોહિત શર્માના સ્થાને પંડ્યાને સુકાનીપદ આપવામાં આવતા મુંબઈના ચાહકોમાં ઘણો ગુસ્સો હતો, જેની અસર ટીમના પ્રદર્શન પર પણ પડી હતી. જ્યારે બોલરો સંપૂર્ણપણે નિરાશ થયા હતા, ત્યારે જસપ્રિત બુમરાહ (૧૩ મેચમાં ૨૦ વિકેટ) અન્ય બોલરોને સારું પ્રદર્શન કરવા માટે પ્રેરણા આપી શક્યા ન હતા.

**સ્ટાર્સ પર રહેશે ફોકસઃ**

આ મેચમાં વર્લ્ડ કપ ટીમમાં સામેલ પંડ્યા, રોહિત, બુમરાહ અને સૂર્યકુમાર યાદવ પર ફોકસ રહેશે. રોહિત છેલ્લી છ ઈનિંગ્સમાં નિષ્ફળ રહ્યો હતો અને તેનો સર્વોચ્ચ સ્કોર ૧૯ રન હતો. તે જ સમયે, પંડ્યા પણ ઓલરાઉન્ડરની ભૂમિકા સારી રીતે નિભાવી શક્યો ન હતો. સૂર્યકુમાર યાદવે ત્રણ અડધી સદી અને એક સદી ફટકારીને આત્મવિશ્વાસ વધાર્યો છે.

**લખનૌ સાથે રાહુલની છેલ્લી મેચ!**

માલિકે જાહેરમાં કેપ્ટન કેએલ રાહુલને 'ઠપકો' આપ્યા બાદ ફ્રેન્ચાઈઝીમાં રાહુલના ભવિષ્ય વિશે ઘણી અટકળો થઈ રહી છે. એવી અટકળો ચાલી રહી હતી કે રાહુલ છેલ્લી બે લીગ મેચમાં કેપ્ટનશીપ નહીં કરે. આવતા વર્ષે એક મેગા ઓક્શન થવા જઈ રહ્યું છે અને તમામ ટીમો કેટલાક ખાસ ખેલાડીઓને જાળવી રાખશે અને અન્ય ઘણાને બહાર પાડશે. એવી ચર્ચા છે કે રાહુલનું નામ લખનૌ દ્વારા જાળવી રાખવાના ખેલાડીઓની યાદીમાં હશે નહીં.

**લખનૌ સુપર જાયન્ટ્સઃ**

ક્વિન્ટન ડી કોક, કેએલ રાહુલ (કસન, વિકેટકીપર), માર્કસ સ્ટોઈનિસ, નિકોલસ પૂરન, આયુષ બદોની, દીપક હુડા, અરશદ ખાન, ક્રુણાલ પંડ્યા, યુદ્ધવીર સિંહ, રવિ બિશ્નોઈ, નવીન ઉલ હક

સંભવિત પ્રભાવિત ખેલાડીઓઃ મોહસીન ખાન

**મુંબઈ ઈન્ડિયન્સઃ**

રોહિત શર્મા, ઈશાન કિશન (સ), સૂર્યકુમાર યાદવ, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, ટિમ ડેવિડ, નેહલ વાઢેરા, નમન ધીર, અંશુલ ટાટા કંબોજ, પીયૂષ ચાવલા, જસપ્રિત બુમરાહ સંભવિત પ્રભાવ ખેલાડીઃ નુવાન તુશારા

**માર્કસ સ્ટોઈનિસઃ**

આ સીઝનમાં અત્યાર સુધી ૧૪૯.૩૭ના સ્ટ્રાઈક રેટથી ૩૬૦ રન બનાવનાર ઓસ્ટ્રેલિયાનો આ બેટ્સમેન મુંબઈની ટીમ માટે સૌથી મોટો ખતરો હશે. સ્વેનિસ, જેણે એક સદી અને બે અડધી સદી ફટકારી છે, તે એકલા હાથે મોટો તફાવત લાવી શકે છે.





સૂર્યકુમાર યાદવઃ ઝ૨૦નો સર્વશ્રેષ્ઠ બેટ્સમેન સૂર્યકુમાર વિદાય લેતા પહેલા પોતાની છાપ છોડવા માંગશે. તેનું બેટ વાનખેડેમાં સારું રમે છે અને ૧૬૯.૯૫ના સ્ટ્રાઈક રેટથી ૩૪૫ રન બનાવનાર આ બેટ્સમેન જો શરૂઆત કરે તો મનોરંજનની ખાતરી મળશે.

# પૂના એરપોર્ટમાં મોટી દુર્ઘટના ટળીઃ લેન્ડ થયેલ વિમાન ટગ ટ્રેક્ટર સાથે અથડાયું

## વિમાનને નુકશાનઃ ૧૮૦ મુસાફરોનો ચમત્કારી બચાવ

પુના, તા.૧૭

એર ઇન્ડિયાના એક વિમાનને અકસ્માત નડ્યાની વિગતો બહાર આવી રહી છે. પુના એરપોર્ટમાં આ ઘટના બની હતી જેમાં ૧૮૦ મુસાફરોનો બચાવ થયો છે.

મળતી માહિતી મુજબ એર ઇન્ડિયાનું એક વિમાન પુના એરપોર્ટમાં લેન્ડિંગ કરતાની સાથે જ રન-વે પર ટગ ટ્રેક્ટર સાથે અથડાતા જોરદાર ટક્કરથી ઝટકો લાગતા અંદર બેઠેલા મુસાફરો ચીચીયારી પાડી ઉઠ્યા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે વિમાનના આગળનાં ભાગ અને લેન્ડિંગ ગિયરવાળા ટાયરને નુકશાન થયું હતું. સદ્ભાગ્યે આ અકસ્માતમાં સદ્ભાગ્યે ૧૮૦ મુસાફરોનો બચાવ થતાં અધિકારીઓ, પાઇલટ અને ક્રુ મેમ્બર્સ રાહતનાં શ્વાસ લીધા હતાં.



## મારા પેટની નીચે મુકકા અને લાતો મારવામાં આવેલીઃ સ્વાતિ

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટીની રાજયસભા સાંસદ સ્વાતી માલીવાલની મારપીટનો મુદો હાલ ગરમાયો છે. ત્રણ દિવસ બાદ આ મામલે સ્વાતીએ મોં ખોલ્યુ છે ત્યારે ચોંકાવનારી વિગતો બહાર આવી છે. સ્વાતીએ એવો સનસનીખેજ ખુલાસો પોલીસ પુછપરછમાં કર્યો હતો કે સીએમ કેજરીવાલના અંગત સચીવ બિતીય કુમારે તેને લાતો અને ઘુસ્સાઓ માર્યા હતા. માલીવાલે ગંભીર આક્ષેપ કર્યો હતો કે તેને થપ્પડ મરાઈ હતી અને પેટની નીચે મુકકા પણ મારવામાં આવ્યા હતા.

# કેનેડામાં ચૂંટણી પૂર્વેનો સર્વેથી વડાપ્રધાન ટ્રુડો ટેન્શનમાં : હિન્દુ, શીખ, અને મુસ્લિમોનું સમર્થનમાં ઘટાડો

## હિન્દુ-શીખ સમુદાય કન્ઝર્વેટિવ પાર્ટીને સમર્થન આપે તેવા દાવા થયા

કેનેડા,તા.૧૭

કેનેડામાં આવતા વર્ષે ઓક્ટોબરમાં ચૂંટણી યોજાઈ શકે છે. જોકે તે પહેલાં જ જાહેર કરાયેલા એક સરવેના પરિણામથી વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને લિબરલ પાર્ટીનું ટેન્શન વધી ગયું છે. એવા સંકેતો મળી રહ્યાં છે કે ટ્રુડો સરકારથી કેનેડાના હિન્દુઓ તો નાખુશ જ છે પણ શીખ સમુદાયના મોટાભાગના મતદારો પણ એવા છે જેઓ તેમને મત આપવાની તરફેણમાં નથી.

કેનેડાનાં હિન્દુ અને શીખ સમુદાયના લોકોએ મોટી સંખ્યામાં કન્ઝર્વેટિવ પાર્ટીને મત આપે તેવા દાવા થઇ રહ્યા છે. દરમિયાન સરવેમાં એ પણ સામે આવ્યું છે કે ટ્રુડોની પાર્ટીએ મુસ્લિમો અને યહૂદીઓનું સમર્થન પણ મોટાપાયે ગુમાવ્યું છે. ગાઝા અને ઇઝરાયલના મુદ્દાઓને સંતુલિત કરવાનો સતત પ્રયાસ કરતી ટ્રુડો સરકારના હાથમાંથી મુસ્લિમ અને યહૂદીઓનું સમર્થન પણ સરકી રહ્યું હોય તેવું લાગે છે. અહેવાલ છે કે ૪૧ ટકા મુસ્લિમો ન્યુ ડેમોક્રેટિક પાર્ટી અથવા એનડીપીને સમર્થન આપી રહ્યા છે. જ્યારે લિબરલ્સના સમર્થનમાં આ આંકડો ૩૧ ટકા છે. અહીં કેનેડામાં રહેતા યહૂદીઓનું પણ ૪૨ ટકા સમર્થન છે. ખાસ વાત એ છે કે કન્ઝર્વેટિવ્સને કેનેડામાં રહેતા મુસ્લિમોનું ૧૫ ટકા સમર્થન મળી રહ્યું છે.

એંગસ રીડ ઇન્સ્ટિટ્યૂટ (ARI) દ્વારા જાહેર કરાયેલા તાજેતરના સર્વેમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે કન્ઝર્વેટિવને ૫૩ ટકા હિંદુઓ સમર્થન આપી રહ્યા છે. જ્યારે શીખ સમુદાય મામલે તે એક પોઇન્ટ વધુ છે. તેનાથી વિપરીત ટ્રુડોની પાર્ટી લિબરલ્સને ૨૨ ટકા હિંદુઓ અને ૨૧ ટકા શીખોનું જ સમર્થન છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે કંઝર્વેટિવ્સ તરફ આ સમુદાયોનું આકર્ષણ વધતું જઇ રહ્યું છે જે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઇ શકે છે. તેનું એક કારણ એ પણ છે કે આ સમુદાયના લોકો ગ્રેટર ટોરોન્ટો એરિયા, મેટ્રો વાનકુવર અને કેલગરીમાં એક મોટી વોટબેન્ક મનાય છે અને આગામી ચૂંટણીમાં તે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

# EVMના સ્ટ્રોંગ રૂમ ફરતે 'કોંગ્રેસ-આપ'એ પણ બંદોબસ્ત ગોઠવ્યો! આશાસ્પદ બેઠકો પર રાત ઉજાગરા

## કેટલીક જગ્યાએ વ્યવસ્થામાં ત્રુટીની ફરિયાદો : ૮-૮ કલાકની કાર્યકરોની ત્રણ શીફ્ટ : અમીત ચાવડાએ કલેકટરને પત્ર લખ્યો : 'આપ'એ ફૂટેજ માંગ્યા : ભાવનગર, જામનગર બેઠક પર વોચ..

રાજકોટ, તા. ૧૭

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકની ચૂંટણી યોજાયા બાદ હજુ મત ગણતરી આડે પખવાડીયુ બાકી છે ત્યારે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ દ્વારા સ્ટ્રોંગ રૂમમાં રહેલા ઈવીએમનું રખોપુ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. જુદા જુદા જિલ્લામાં કંટ્રોલ રૂમમાં કાર્યકરોની ટીમ પાર્ટીએ બેસાડી છે. આ વખતે તંત્રની વ્યવસ્થામાં ત્રુટીઓ હોવાની ફરિયાદ પણ વિપક્ષ દ્વારા કરવામાં આવી છે. તો સ્ટ્રોંગમાં પેરામીલીટ્રી ફોર્સના જવાનોનો બંદોબસ્ત રાખવા પણ માંગણી કરી છે.

આગામી તા. ૪ જુનના રોજ મત ગણતરી છે. આ પૂર્વે બંને પક્ષોએ જે બેઠક પર જીતની આશા છે ત્યાં ઈવીએમના સ્ટ્રોંગ રૂમ પર પોતાની સુરક્ષા પણ ગોઠવી છે. જામનગર, ભાવનગર, ભરૂચ, બનાસકાંઠા અને આણંદમાં કોંગ્રેસ તથા આપના નેતાઓ દ્વારા સીલ કરવામાં આવેલા સ્ટ્રોંગ રૂમ પાસે કેમેરા જેવી નજર તંત્રની મંજુરીથી ગોઠવી છે. મતની સુરક્ષા કરવા આ નિર્ણય લેવાયાનું નેતાઓ કહે છે.

આમ આદમી પાર્ટીના પ્રદેશ મહામંત્રી રાકેશ હિરપરાએ કહ્યું હતું કે, ભરૂચમાં પોલિટેકનિક કોલેજમાં ભરૂચ લોકસભાની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલા તમામ ઈવીએમ રાખવામાં આવ્યા છે. આ રૂમને બહારથી સીલ મારી દેવામાં આવ્યું છે. સીલ મારેલા દરવાજાના સીસીટીવી ફૂટેજ અમને બતાવવામાં આવે છે. નિયમ પ્રમાણે એ રૂમની બારીઓ પણ સીલ હોય છે. કલેક્ટર પાસે એવી માગ કરી હતી કે અમને સ્ટ્રોંગરૂમની અંદરના પણ ફૂટેજ બતાવો. પરંતુ કલેક્ટરે ઈન્કાર કર્યો હતો. તેમણે કહ્યું હતું, ''અંદર કંઈ જ થાય નહીં. કેમ કે અંદર પાવર કટ કરી દેવામાં આવ્યો છે.''



આમ આદમી પાર્ટી ૮ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી, સાંજે ૪ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી અને રાત્રિના ૧૨ વાગ્યાથી સવારના ૮ વાગ્યા સુધીની ત્રણ શિફ્ટ રાખવામાં આવી છે. સ્ટ્રોંગરૂમનું જ્યાંથી ઓબ્ઝર્વેશન થાય છે ત્યાં પાસ વગર કોઈને પ્રવેશ આપવામાં આવતો નથી. અમારા પક્ષના જે પણ મિત્રોની ડ્યૂટી લાગે છે તેમના સત્તાવાર પાસ બનેલા છે. રાત્રિ દરમિયાન કોઈ બિનઅધિકૃત વ્યક્તિ પ્રવેશી ન જાય એનું વિશેષ ધ્યાન રાખવાનું હોય છે.

બનાસકાંઠા સહિતની બીજી લોકસભા બેઠક પર પણ આમ આદમી પાર્ટીની ટીમ કોંગ્રેસના સપોર્ટમાં કામગીરી કરી રહી છે. ભરૂચ તથા ભાવનગર ઉપરાંત જામનગર, બનાસકાંઠા, બારડોલી, નવસારીમાં રાજકીય પક્ષો દ્વારા સ્ટ્રોંગરૂમ પર નજર રાખવામાં આવી રહી છે. વિધાનસભાની ચૂંટણીમાં ફૂટેજ પણ દેખાડવામાં આવતા હતા.

બનાસકાંઠા લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે કહ્યું કે, ઈવીએમ જે સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવ્યાં છે ત્યાં અમારા ૧૫થી ૨૦ કાર્યકરો રાત-દિવસ અલગ અલગ શિફ્ટમાં વોચ રાખી રહ્યા છે. સ્ટ્રોંગરૂમની બહાર લગાવેલા કેમેરાથી લાઈવ પ્રસારણ બહાર મૂકેલી એલઈડી સ્ક્રીન પર થાય છે. પરંતુ લાઈટ જાય અથવા તો અન્ય કોઈ કારણોસર સીસીટીવી બંધ થાય તો તે કેટલી સેકન્ડ માટે બંધ થાય છે? તેનું પણ ધ્યાન રાખી રહ્યા છે.

**કોંગ્રેસ**

બીજી તરફ આણંદ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અમિત ચાવડાએ સ્ટ્રોંગરૂમની સુરક્ષા મુદ્દે આણંદના કલેક્ટરને પત્ર લખી દીધો છે. તેમણે ૧૬ મેના રોજ સ્ટ્રોંગરૂમની મુલાકાત લીધી હતી. શરૂઆતમાં તો ઉમેદવાર તરીકે મને મુલાકાત કરતા રોક્યો હતો. પણ મેં નિયમોની માગણી કરતાં તેમણે પરવાનગી આપી હતી.

કોંગ્રેસના કાર્યકરોની ટીમ સ્ટ્રોંગરૂમ નજીક બનેલા કંટ્રોલ રૂમમાં ચોવીસ કલાક હોય છે. આઠ-આઠ કલાકની ત્રણ શિફ્ટમાં ત્યાં હાજર હોય છે. વિદ્યાનગરમાં બીજેવીએમ અને નલિની આર્ટ્સ કોલેજ એમ બે કોલેજોમાં સ્ટ્રોંગરૂમ તૈયાર કરવામાં આવ્યા છે. પણ તંત્રએ સીસીટીવી કેમેરાનો કન્ટ્રોલ રૂમ એક જ જગ્યાએ રાખ્યો છે.

તેમણે આરોપ લગાવ્યો કે આ વખતે સ્ટ્રોંગરૂમના બંદોબસ્તની વ્યવસ્થા સારી હોય એવું લાગતું નથી. દર વખતે બધી જ જગ્યાએ અલગ-અલગ કેમેરા હોતા હતા અને અલગ-અલગ જગ્યાએ ટીમ બેસતી હતી, ઉમેદવાર પણ રૂબરુ મુલાકાત કરી શકતા હતા. પણ આ વખતે રોકે છે.

અમિત ચાવડાએ માગણી કરી છે કે ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ સ્ટ્રોંગરૂમ નજીકમાં પેરામિલિટરી ફોર્સના જવાનોનો બંદોબસ્ત હોવો જોઈએ. પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે, અમે ભારતીય ચૂંટણીપંચ પાસે અપેક્ષા રાખીએ છીએ કે પારદર્શક રીતે ચૂંટણી થાય અને ઈવીએમ સુરક્ષિત રહે. આ તેમની જવાબદારી પણ છે.

ભૂતકાળમાં અનેક ઘટનાઓ એવી બની છે જેમાં સ્ટ્રોંગરૂમની દેખરેખ માટે રાખેલા સીસીટીવી બંધ કરી દેવામાં આવ્યા હોય. કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓ, આગેવાનો સ્ટ્રોંગરૂમની આસપાસમાં દૂર રહીને અલગ-અલગ સમયે રાઉન્ડ મારતા હોય છે. જેથી તંત્ર પણ જાગતું રહે. અમારું ફોકસ ગુજરાતની તમામ બેઠકો પર છે. તમામ બેઠકો પર જ્યાં-જ્યાં સ્ટ્રોંગરૂમ તૈયાર કરવામાં આવ્યા છે ત્યાં દેખરેખ રાખવામાં આવી રહી છે. ગુજરાતમાં ૧૪થી વધુ બેઠકો પર કોંગ્રેસે વધુ મજબૂતાઈથી લડત આપી છે. અમને પુનઃ અપેક્ષા છે કે આ વખતે ૨૦૦૯ની ચૂંટણી જેવું પરિણામ અમને મળશે.

# એક જ દિવસમાં એસટી કર્મી પર હુમલાના બે બનાવ : બે આરોપીને સકંજામાં લેવાયા

## એસટી ડ્રાઈવરે હોર્ન મારતા અને સામાન્ય અકસ્માતના બનાવમાં મારામારી : યાજ્ઞિક રોડ પરના બનાવમાં હાર્દિક જોબનપુત્રા અને ગોંડલ રોડ પરના બનાવમાં શ્યામલ જોશી સામે આક્ષેપો



રાજકોટ, તા.૧૭

ગઈકાલે એક જ દિવસમાં રાજકોટમાં એસટી કર્મી પર હુમલાના બે બનાવ બન્યા. જેમાં ગણતરીની કલાકમાં ગુના નોંધી પોલીસ બે આરોપીને સકંજામાં લીધા હતા.

પ્રથમ બનવમાં યાજ્ઞિક રોડ પરના બનાવમાં કેશોદમાં રહેતાં એસટી ડ્રાઈવર કરશનભાઈ ભીલાભાઈ કોડીયાતર (ઉ.વ.૩૨)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે એક્સેસ બાઈકના ચાલક હાર્દિક સુરેશ જોબનપુત્રાનું નામ આપી જણાવ્યું હતું કે, તે ખંભાળિયા ડેપોમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. ગઈકાલે સવારે ખંભાળિયાથી વડોદરા રૂટની એસટી બસ લઈ નીકળ્યા હતા. બપોરના સમયે ડો.યાજ્ઞિક રોડ પર એક્સેસનો ચાલક ઓવરટેઈક કરવા જતાં તેણે બસને બ્રેક મારી હતી. જેને કારણે એક્સેસનો ચાલક અને પાછળ બેઠેલી મહિલા નીચે પડી ગયા હતા. તે સાથે જ તેનો ચાલક બસની ડ્રાઈવર સાઈડનો દરવાજો ખોલી, કેબીનની અંદર ઘસી આવ્યો હતો અને કહ્યું કે, તને બસ ચલાવતાં આવડે છે કે, નહીં? ત્યારબાદ તેનો કાંઠલો પકડી, બેફામ ગાળો દઈ, મારકૂટ શરૂ કરી હતી. બસના કંડકટર જાગૃતિબેન પટેલે મોબાઈલમાં આ ઘટનાનો વીડીયો ઉતારવાનું શરૂ કરતાં જ બસમાંથી નીચે ઉતરી ગયો હતો. આ ફરિયાદના આધારે પોલીસે સરકારી કર્મચારીની ફરજ ઉપર હુમલા કરવા સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

સામા પક્ષે એકસેસ ચાલક હાર્દિકભાઈ સુરેશભાઈ જોબનપુત્રા (ઉ.વ.૩૧, રહે. રામવિહાર સોસાયટી શેરી નં.૨, નાના મવા રોડ) એ એસટી બસના ચાલક સામે વળતી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે સેલોટેપનો વેપાર કરે છે. માતા ભારતીબેનને લઈ ગઈકાલે સવારે ઢેબર રોડ પરની બેંકે આવ્યો હતો. ત્યાંથી પરત જતો હતો ત્યારે ડો. યાજ્ઞિક રોડ પર એસટી બસને ઓવરટેઈક કરવા જતાં બસની ડાબી બાજુનો આગળનો ભાગ તેના બાઈક સાથે અથડાયો હતો. જેને કારણે તે અને તેની માતા નીચે પડી ગયા હતા. તત્કાળ તેણે પત્ની જલ્પાને કોલ કરતાં તે આવી પહોંચી હતી. જે બાદ તેણે બસ ચાલકને સરખી રીતે બસ ચલાવવાનું અને નીચે ઉતરવાનું કહેતાં તેની સાથે બોલાચાલી કરી હતી. એટલું જ નહીં મારામારી પણ કરી હતી. તેની માતાને ઈજા થતાં સિવીલમાં સારવાર લીધી હતી. તેને પણ મૂંઢ ઈજા થઈ હતી પરંતુ સારવાર લીધી ન હતી. ઉલ્લેખનીય છે કે આ મારામારીનો વીડીયો પણ વાયરલ થયો હતો.

બીજા બનાવમાં રાજકોટ ડેપોના એસટી બસના ડ્રાઈવર લાલાભાઈ ભીખુભાઈ ધાંધલ (ઉ.વ.૩૧, રહે. આંબાવાડી શેરી નં.૪, સંત કબીર રોડ)એ માલવીયાનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જીજે-૦૩-જેડી-૧૭૪૧ ના ચાલકનું નામ આપી જણાવ્યું હતું કે, તે આજે ભાવનગરથી રાજકોટ એસટી ડેપોમાં પેસેન્જરને ઉતારી બસને મેન્ટેનન્સ માટે ગોંડલ રોડ પરના એસટી વર્કશોપ ખાતે લઈ જતા હતા. ત્યાં નજીકમાં પહોંચ્યા ત્યારે રોડની વચ્ચે એકટીવા ચાલતું હોવાથી હોર્ન માર્યું હતું. જેથી એકટીવા ચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાનું વાહન ઉભું રાખી દોડીને ડ્રાઈવર સાઈડના દરવાજા પાસે પગા પર પગ રાખી, ઉપર ચડી, બારીમાંથી હાથ કાઢી, મોઢા અને નાક ઉપર મુક્કા ઝીકી દીધા હતા. જેથી નાકમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. તે સાથે જ તેને દરવાજો ખોલી નીચે ઉતારી ફડાકા ઝીકવાનું શરૂ કર્યું હતું. બેફામ ગાળો પણ ભાંડી હતી. તેઓને સાથે રહેલા મહિલા અને અન્યોએ વચ્ચે પડી છોડાવ્યા હતા. બાદમાં ઉલટી થવાં લાગતાં સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. એકટીવા ચાલકે પોતાનો મોબાઈલમાં વીડીયો શુટીંગ શરૂ કરી કહ્યું કે, તું કેમ નોકરી કરશ, હમણાં તને સસ્પેન્ડ કરાવુ છું. સાથોસાથ વીડીયો વાયરલ કરવાની ધમકી પણ આપી હતી. જોકે તેવામાં માલવીયાનગર પોલીસ પહોંચી જતાં આરોપીને પકડી લીધો હતો. પોલીસે જણાવ્યું હતું કે, આરોપીનું નામ શ્યામલ ભરત જોષી (ઉ.વ.૩૨) અને તે ગોંડલના ગુંદાસરા ગામે રહે છે. પોલીસે તેની અટકાયત કરી હતી.




# મત ગણતરી કેન્દ્ર ખાતે દોડી જતા પ્રાંત અધિકારી ચાંદની પરમારઃ સ્ટ્રોંગરૂમની સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ

## સિકયુરીટી વ્યવસ્થા સહિતની બાબતોની ચકાસણી

રાજકોટ તા.૧૭

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની મતગણતરી આગામી તા.૪ના રોજ કણકોટની સરકારી ઈજનેરી કોલેજ ખાતે થનાર હોય જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આ અંગેની તૈયારીઓ પુરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. આ દરમ્યાન આજે પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમારે મતગણતરી કેન્દ્ર (સરકારી ઈજનેરી કોલેજ) ખાતે દોડી જઈ સ્ટ્રોંગ રૂમની સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યુ હતું. સરકારી ઈજનેરી કોલેજ ખાતે સ્ટ્રોંગ રૂમમાં સીલ, ઈવીએમ અને વીવીપેટ માટે ત્રીસ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ ઉપરાંત મતગણતરી કેન્દ્રના મુખ્ય પ્રવેશદ્વાર, બિલ્ડીંગ તેમજ કેન્દ્રના તમામ રૂમો પર સુરક્ષા દળના જવાનો તૈનાત કરવામાં આવેલ છે. સરકારી ઈજનેરી કોલેજના ઈસી અને આઈસી બિલ્ડીંગના સ્ટ્રોંગ રૂમ નં.૬૬થી ૭૨ની સુરક્ષા વ્યવસ્થા પ્રાંત અધિકારી ચાંદની પરમાર દ્વારા ચકાસવામાં આવી હતી.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે અગાઉ એઆરઓ રાજેશ્રી વાગવાણીએ પણ મતગણતરી કેન્દ્ર ખાતે દોડી જઈ સ્ટ્રોંગ રૂમ અને સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યુ હતું જે બાદ આજે પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમારે પણ જીલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સરકારી ઈજનેરી કોલેજ ખાતે દોડી જઈ મતગણતરી કેન્દ્રની તપાસણી કરી હતી.

# લેન્ડગ્રેબીંગની બેઠકમાં ૧૦૦ જેટલા કેસોની સુનાવણી

## હાઈકોર્ટમાં ગયેલા અરજદારોના કેસ ચલાવવા પણ તૈયારી

રાજકોટ તા.૧૭

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે દોઢ માસના લાંબા સમયગાળા બાદ આજે બપોરના જીલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને લેન્ડ ગ્રેબીંગની બેઠક આયોજીત કરવામાં આવી છે. જેમાં ૧૦૦ જેટલા કેસોની સુનાવણી હાથ ધરવામાં આવી છે.



અહી ઉલ્લેખનીય છે કે લેન્ડગ્રેબીંગના કાયદાને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો જેમાં રાજકોટ ચેમ્બર દ્વારા પણ અનેક કેસમાં સ્ટે હુકમ મેળવવામાં આવેલ હતો. જોકે ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ કાયદાને મંજુરી આપી દેવાતા હવે હાઈકોર્ટમાં ગયેલા અરજદારોના કેસો ચલાવવા પણ વહીવટી તંત્રે તૈયારી કરી છે.

લેન્ડગ્રેબીંગની આજની બેઠક બાદ આગામી બેઠકમાં આવા ૩૦ જેટલા કેસ સુનાવણી માટે મુકવામાં આવનાર છે. દરમ્યાન આજની આ બેઠકમાં ૧૦૦ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી છે.

આ બેઠકમાં પોલીસ કમિશ્નર, જીલ્લા પોલીસ વડા, પ્રાંત અધિકારીઓ, ડેપ્યુટી કલેકટરો સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણીના કારણે છેલ્લા દોઢ માસથી લેન્ડગ્રેબીંગની બેઠક યોજી શકાયેલ ન હતી. તેના પગલે ૨૫૦ કેસોનો ભરાવો થવા પામેલ છે. જેમાં આજની બેઠકમાં ૧૦૦ કેસો હીયરીંગ પર લેવામાં આવ્યા હતા.

# વીરબાઈમાં મહિલા કોલેજના જાતિય સતામણીના કેસમાં અંતે પ્રોફેસર સંજય તેરૈયા બરતરફ

## તપાસ કમિટીના પુરાવાના આધારે તેરૈયા દોષિત જાહેરઃ કોલેજ મેનેજમેન્ટ દ્વારા દાખલારૂપ કાર્યવાહી

રાજકોટ તા.૧૭

વીરબાઈમાં મહિલા કોલેજમાં જાતિય સતામણીના કેસમાં અંતે પ્રોફેસર સંજય તેરૈયાને બરતરફ કરી દેવામાં આવેલ છે. આ પ્રકરણમાં તપાસ કમીટીના પુરાવાના આધારે તેરૈયાને દોષિત જાહેર કરી કોલેજ મેનેજમેન્ટ દ્વારા દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવી છે.

આ અંગેની વિગતો એવા પ્રકારની છે કે વર્ષ ૨૦૨૨માં વીરબાઈમાં મહિલા કોલેજમાં એક વિદ્યાર્થીની દ્વારા પ્રોફેસર સંજય તેરૈયા સામે જાતીય સતામણીની ફરિયાદ કરી હતી. જેમાં આ પ્રોફેસર દ્વારા અશોભનીય મોબાઈલ એસએમએસ મોકલાયા હોવાનો ઉલ્લેખ કરાતા કોલેજ મેનેજમેન્ટ દ્વારા આ વિદ્યાર્થીનીની ફરિયાદને ગંભીરતાથી લઈ આ અંગે પ્રોફેસર સંજય તેરૈયાને નોટીસ ફટકારી ખુલાસો પુછવામાં આવેલ હતો.



જેમાં પ્રોફેસર સંજય તેરૈયા દ્વારા આડકતરી રીતે આ વિદ્યાર્થીનીને મોબાઈલ એસએમએસ મોકલાયા હોવાનો સ્વીકાર કરાયો હતો. જે બાદ કોલેજ મેનેજમેન્ટ દ્વારા આ પ્રકરણ કોલેજની આંતરિક ફરિયાદ સમીતી સમક્ષ મુકવામાં આવેલ હતું. જેમાં તપાસ સમીતી દ્વારા જાતીય સતામણીનો ભોગ બનેલ વિદ્યાર્થીના નિવેદનો લેવામાં આવેલ હતા. જે બાદ આ પ્રોફેસરને કોલેજ મેનેજમેન્ટને રૂા.૧૫ લાખનો દંડ ફટકારી સેવા શિસ્તના નિયમો હેઠળ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા જે બાદ આ પ્રકરણમાં પ્રોફેસર સંજય તેરૈયા સામે ખાતાકીય તપાસ શરુ કરવામાં આવી હતી. જેમાં સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા પણ નિવૃત જજની નિમણુંક કરી પ્રોફેસર સંજય તેરૈયા સામે તપાસ કરવામાં આવી હતી જેમાં સંજય તેરૈયા દોષિત જાહેર થતા તપાસ સમીતીના રિપોર્ટના આધારે કોલેજ મેનેજમેન્ટ દ્વારા દાખલારૂપ કાર્યવાહી કરી પ્રોફેસર સંજય તેરૈયાને બરતરફ કરી દેવામાં આવેલ છે. આ પ્રકરણમાં તટસ્થ તપાસ થાય તે માટે વીરબાઈ મહિલા કોલેજના ટ્રસ્ટી પુરુષોતમ પીપળીયાએ જહેમત ઉઠાવી હતી.

# હાઈકોર્ટે લેન્ડ ગ્રેબિંગનો કાયદો કાયમ રાખતા હવે રાજકોટમાં ૪૦ કેસની ફરી તપાસ બાદ બેઠકમાં નિર્ણય લેવાશે

## હાઈકોર્ટમાં વેકેશન પૂર્વે ચીફ જસ્ટિસે કાયદાને યોગ્ય ગણાવતા હવે રાજકોટમાં સ્ટે મેળવેલ કેસો પર ફેર તપાસ થશે

રાજકોટ : હાલમાં સાત દિવસ પૂર્વે એટલે ૯ મેના રોજ ગુજરાત હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ શ્રી સુનીતા અગ્રવાલે આદેશ આપ્યો હતો કે કાયદો સંવૈધાનિક છે અને તેથી તે યોગ્ય છે. આ સાથે જ તમામ લેન્ડ ગ્રેબિંગના કેસ પર જે સ્ટે અપાયા હતા તેના પર કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. હવે રાજકોટમાં પણ ૩૫ થી ૪૦ જેટલા કેસ છે જેના પર સ્ટે મુકાયો હતો તેના પર હવે ફેર તપાસ શરૂ થશે અને ત્યારબાદ કેસ કમિટી સમક્ષ બેઠકમાં નિર્યણ માટે લેવાશે. બેઠકમાં જિલ્લા કલેક્ટર, પોલીસ કમિશનર, જિલ્લા પોલીસ વડા, એડિશનલ કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટર, ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ, સહિતના અધિકારીઓ બેઠકમાં નિર્ણય લેતા હોય છે.

૨૦૨૦માં ગુજરાત વિધાનસભામાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ ૨૦૨૦ પસાર થયો હતો. ગુજરાતમાં જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓ વધતા સરકાર દ્વારા આ કાયદામાં ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવી હતી. બાદમાં ગુજરાત લેન્ડ ગ્રેબિંગ અમેન્ડમેંટ એક્ટ ૨૦૨૨ આવ્યો હતો. ૨૦૨૧થી લઈને આજ સુધી આ કાયદો અને તેની જોગવાઈઓને અનેક લોકોએ ગુજરાત હાઈકોર્ટમાં પડકારી હતી.

અરજદારોનું કહેવું હતું કે, આ કાયદો બંધારણના મૂળભૂત હકોનું હનન કરે છે. ગુજરાત વિધાનસભાએ તેના અધિકારોથી ઉપરવટ જઈને આ કાયદો બનાવ્યો છે. તે કેન્દ્રની સત્તાની વિરુદ્ધ છે. આ કાયદા માટે રાષ્ટ્રપતિની મંજૂરી પણ લેવાઈ નથી. આ કાયદો નાગરિકોને હેરાન કરતા છે. જિલ્લા કલેક્ટર કચેરીમાં જમીન પચાવી પાડવા વિરુદ્ધ ફરિયાદ થઈ શકે છે. કલેક્ટર આ કેસો સાંભળે છે, તે આ કમિટીના ચેરપર્સન હોય છે. આ કેસમાં પોલીસ ફરિયાદ કરવા કલેક્ટર ભલામણ પણ કરી શકે છે

આશરે ૫૦૦થી વધુ અરજીઓને જોડીને હાઈકોર્ટે તેની ઉપર કલાકો સુનાવણી હાથ ધરી હતી. તેમજ ફેબ્રુઆરી, ૨૦૨૪માં છેલ્લી સુનાવણી કરીને જજમેંટ અનામત રાખવામાં આવ્યું હતું. આજે ચુકાદો આપતાં કોર્ટે આ તમામ અરજીઓ ડિસમિસ કરી હતી. કોર્ટે નોંધ્યું હતું કે, આ કાયદો ગેર-બંધારણીય હોય કે બંધારણના આર્ટિકલ ૧૩, ૧૪, ૧૯ અને ૨૧નો ભંગ કરતો હોય તેવું કોઈ ગ્રાઉન્ડ નથી. તેથી આ કાયદો યોગ્ય છે અને કાયમ રહેશે.

વચગાળાની રાહતને ચાલુ રાખવા કોર્ટ સમક્ષ માગ કરાઈ

અરજદારના વકીલો દ્વારા અરજદારોને છેલ્લા ત્રણ વર્ષથી આ કેસની સુનાવણી ચાલુ હોવાથી જે વચગાળાની રાહત આપવામાં આવી હતી. તેને ચાલુ રાખવા કોર્ટ સમક્ષ માગ કરાઈ હતી. જેથી હાઈકોર્ટના આ જજમેંટને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકાય. જેનો કોર્ટે ઈનકાર કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે, ત્રાહિત વ્યક્તિ વ્યક્તિગત અરજી કોર્ટમાં કરી શકે છે. તેને સાંભળવામાં આવશે. કલેક્ટરે પસાર કરેલા હુકમો ઉપર આ ચુકાદાથી અસર થશે નહીં.

# એક જ મકાનમાં ભાડે રહેતા ભાડુઆતને મકાન ખાલી કરાવતા પતિ-પત્ની પર હુમલો

## ગોંડલ ચોકડી પાસે રિદ્ધિ સિદ્ધિ સોસાયટીની ઘટના : કાજલબેન અને રાજેશભાઈએ સિવિલમાં સારવાર લીધી : મુકતાબેન અને તેના પુત્ર પિયુષભાઈને મકાન ખાલી કરાવતા ઢીકાપાટુનો માર માર્યો હતો

રાજકોટ, તા. ૧૭

શહેરના ગોંડલ ચોકડી, રિધ્ધિ સિધ્ધિ સોસાયટી શેરી નં.૨માં એક જ મકાન રહેતા બે ભાડુઆત બાખડી પડયા હતા. જેમાં એક ભાડુઆતને મકાન ખાલી કરાવાતા તેમને અન્ય ભાડુઆત પતિ-પત્ની પર હુમલો કર્યો હતો.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર લેનાર કાજલબેન રાજેશભાઈ ગોહેલ (ઉ.વ.૨૯) અને રાજેશભાઈ ભગવાનજીભાઈ ગોહેલ (ઉ.વ.૩૫)એ કરેલા આક્ષેપ મુજબ તેઓ જે મકાનમાં ભાડે રહે છે તેમાં નીચેના માળે ભાડે રહેતા મુકતાબેનને મકાન માલિકે મકાન ખાલી કરવા કહી દીધુ હતું. જેથી તેઓને એવી શંકા ગઈ કે રાજેશભાઈ અને કાજલબેને જ કહેતા મકાન માલિકે તેને મકાન ખાલી કરાવ્યું છે. આ બાબતે આજે સવારે ૯ વાગ્યા આસપાસ મુકતાબેન અને તેમના પુત્ર પિયુષે ઝઘડો કરી ઢીકાપાટુનો માર માર્યો હતો અને ઘર બહાર ઉભા રહી તમને ઘરની બહાર નહીં નીકળવા દઈએ તેવી ધમકી આપતા કાજલબેને ૧૦૦ નંબર પર ફોન કર્યો હતો. પોલીસ વાન આવતા તમામને આજી ડેમ પોલીસ સ્ટેશને લઈ જવાયા હતા.ત્યાંથી પતિ-પત્ની બંનેએ સિવિલ હોસ્પિટલે સારવાર લીધી હતી.

# ગવરીદળ ગામમાં સ્ટ્રીટલાઈટના અંજવાળે જુગાર રમતા છ બાજીગરો ઝડપાયા

## કુવાડવા રોડ પોલીસે રૂા.૩૨૨૦૦ની મતા કબ્જે કરી

રાજકોટ તા.૧૭

ગવરીદળ ગામમાં સ્ટ્રીટલાઈટના અંજવાળે જુગાર રમતા છ શખ્સોને રૂા.૩૨૦૦૦ની મતા સાથે દબોચી લીધા હતા.

દરોડાની વિગત મુજબ કુવાડવા રોડ પોલીસ મથકના પી.આઈ. વી.આર.રાઠોડની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે મળેલ ચોકકસ બાતમીના આધારે ગવરીદળ ગામમાં સ્ટ્રીટલાઈટના અંજવાળે તિનપતીનો જુગાર રમતા કિશન ભાણજી મુરાશીયા, રાજ ઉર્ફે ગીરીશ પ્રવિણ ગૌસ્વામી, કિશોર લાલજી અજાણી, રાજેશ થોભણ ટોળીયા, મીલન મેવા જાદવ અને દિનેશ હકા જાદવને દબોચી રૂા.૩૨૨૦૦ની મતા કબ્જે કરી હતી.

અમેરિકાની સાયબર સુરક્ષા કંપનીનો અત્યંત સનસનીખેજ રીપોર્ટ

# ૯૮% ભારતીય કંપનીઓએ સંવેદનશીલ માહિતી ગુમાવી; ૫૫%એ ખંડણી ચૂકવી

## કંપનીઓની ખાનગી માહિતી એકત્રીત કરીને સાયબર માફીયાઓ લીક કરવાની ધમકી સાથે ખંડણી વસુલતા હોવાનો ઘડાકો



## ૬૯% કંપનીઓના આઈટી-સુરક્ષા નિષ્ણાંતોએ સ્વીકાર્યુ કે ૨૦૨૩નું વર્ષ અત્યંત ખરાબ રહ્યુ: ભારત-અમેરિકા સહિત ૧૦ મોટા દેશોમાં સર્વે

નવી દિલ્હી, તા. ૧૭

ડિજીટલ યુગમાં ઓનલાઇન અને આર્ટીફિશીયલ ઇન્ટેલીજન્સ (એઆઇ)ની બોલબાલા છે અને પ્રભુત્વ વધી રહ્યું છે તેવા સમયે સાયબર માફીયાઓનો તરખાટ બેફામ બન્યો હોય તેમ ૨૦૨૩ના વર્ષમાં ૯૮ ટકા ભારતીય કંપનીઓના ગુપ્ત અને સંવેદનશીલ ડેટા લીક થયા હતા અને તેમાંથી ૫૫ ટકા કંપનીઓએ ડેટા વસુલીની ધમકી પર ખંડણી આપવી પડી હોવાનો અત્યંત સનસનીખેજ રીપોર્ટ જારી થયો છે.

અમેરિકાની સાયબર સુરક્ષા કંપની રૂબરીક ઝીરો લેબ્સના સંશોધનના આધારે તૈયાર થયેલા રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે ૯૮ ટકા ભારતીય કંપનીઓના આઇટી અને સુરક્ષા લીડર્સોએ સ્વીકાર્યુ કે વર્ષ ૨૦૨૩માં કંપનીઓની સંવેદનશીલ માહિતી ગુમાવવી પડી હતી અને તેમાંથી કંપનીઓએ ડેટા વસુલીની ધમકીના કારણે ખંડણી ચુકવવી પડી હતી. રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે ૬૯ ટકા ભારતીય આઇપી અને સુરક્ષા લીડર્સે સ્વીકાર્યુ કે સાયબર સિકયુરીટીના મામલે ૨૦૨૩નું વર્ષ અત્યંત ખરાબ સાબિત થયું હતું. સંવેદનશીલ માહિતી ગુમાવવી પડી હતી. રીસર્ચ કંપની દ્વારા ૬૧૦૦થી વધુ સંગઠનોના ૫૦૦થી વધુ કર્મચારીઓ ધરાવતી કંપની ગ્રાહકોના ડેટાબેઝના આધારે આ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. આ સર્વે રીપોર્ટ ૧૮ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, જર્મની, ઇટાલી, નેધરલેન્ડ, જાપાન, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર અને ભારતમાં કરવામાં આવ્યો હતો.

રીપોર્ટમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે સાયબર માફીયાઓએ અન્ય ક્ષેત્રની કંપનીઓની સરખામણીએ આરોગ્ય સેવા ક્ષેત્રોના સંગઠનોને ૫૦ ટકા વધુ નિશાન બનાવ્યા હતા. આરોગ્ય સંગઠનોએ વધુ માત્રામાં ખંડણી ચુકવવી પડી હતી.

ભારતમાં સામાન્ય લોકો જુદી જુદી રીતે સાયબર ફ્રોડનો શિકાર બનતા રહ્યા જ છે અને તમામ રાજયોમાં બેંકમાંથી નાણા ગુમાવવાથી માંડીને અનેકવિધ છેતરપીંડીના કિસ્સા પ્રકાશમાં આવતા રહ્યા છે. તાજેતરમાં જ પ્રકાશિત રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું હતું કે ભારતમાં થતી સાયબર ઠગાઇમાંથી માત્ર એક ટકા કેસોમાં જ લોકોને નાણા પરત મળે છે અને બાકીના ૯૯ ટકા લોકોએ નાણા ગુમાવવાનો વખત આવી રહ્યો છે. સાયબર ઠગાઇ રોકવા માટે ભારત સરકાર દ્વારા શ્રેણીબધ્ધ પગલા લેવામાં આવી જ રહ્યા છે. વર્તમાન ચૂંટણી પછી વધુ ફુલપ્રુફ સિસ્ટમ દાખલ કરવાની ચૂંટણી જાહેરાત કરવામાં આવી છે. છતાં સાયબર માફીયાઓ વધુને વધુ લોકોને શિકાર બનાવી રહ્યા છે. સામાન્ય લોકો સાયબર ફ્રોડનું નિશાન બની રહ્યાની સામે મોટી કંપનીઓ પણ તેમાંથી બાકાત ન હોવાનું અમેરિકન કંપનીના રીપોર્ટ પરથી સાબિત થઇ રહ્યું છે. કંપનીઓ દ્વારા ડેટા લીક રોકવા માટે અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવતો હોવા છતાં કંપનીઓ સાયબર માફીયાઓનો શિકાર બનતી હોવાની બાબત અત્યંત ચોંકાવનારી ગણાય છે.

# ભાજપ-એનડીએને બહુમતી મળવાની જ છે, 'પ્લાન-B'ની કોઈ જરૂર નથીઃ અમીત શાહ

## ૬૦ કરોડ લાભાર્થીઓની સેના મોદીની પડખેઃ અનામત ખત્મ કરવાની કોઈ વાત નથી

ન્યુ દિલ્હી :

લોકસભા ચૂંટણીના ચાર તબક્કા માટે મતદાન થઈ ગયું છે. ભાજપનું કહેવું છે કે એનડીએ પૂર્ણ બહુમત સાથે સરકાર બનાવશે. વિપક્ષી ગઠબંધન દાવો કરી રહ્યું છે કે ૪ જૂને ભાજપની વિદાય નિશ્ચિત છે. હવે એક ઈન્ટરવ્યુમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પૂછવામાં આવ્યું કે, 'જો ભાજપ બહુમતીના આંકડા સુધી ન પહોંચે તો તેની પાસે કોઈ પ્લાન ઇ છે?' તેના જવાબમાં અમિત શાહે કહ્યું કે 'પ્લાન B ત્યારે જ બને છે જ્યારે પ્લાન Aની સફળતાની સંભાવના ૬૦ ટકાથી ઓછી હોય. મને પૂરો વિશ્વાસ છે કે વડાપ્રધાન મોદી પ્રચંડ બહુમતી સાથે સત્તામાં પરત ફરી રહ્યા છે.

**અમિત શાહે કહ્યું- PM મોદીની સાથે ૬૦ કરોડ લાભાર્થીઓની સેના :** અમિત શાહને પૂછવામાં આવ્યું કે, '૪ જૂને બીજેપી ૨૭૨ના આંકડા સુધી નહીં પહોંચી શકે તો શું થશે?' તેના પર અમિત શાહે કહ્યું, 'મને આવુ કોઈ જોખમ દેખાયુ નથી. ૬૦ કરોડ લાભાર્થીઓની મજબૂત સેના પીએમ મોદીની સાથે ઉભી છે. તેમની કોઈ જાતિ કે વય જૂથ નથી. જેમને સરકારી યોજનાઓનો લાભ મળ્યો છે તેઓ જાણે છે કે પીએમ નરેન્દ્ર મોદી શું છે અને શા માટે ૪૦૦ બેઠક આપવી જોઈએ.



**અનામતને લઈને ચાલી રહેલી ચર્ચાઓ પર અમિત શાહે શું કહ્યું :** વિપક્ષનો આરોપ છે કે ભાજપ સરકાર બનશે તો અનામત ખતમ કરી દેશે. સોશિયલ મીડિયા પર પણ આ અંગે અટકળો લગાવવામાં આવી રહી છે. તેના પર અમિત શાહે કહ્યું કે, 'અમે સ્પષ્ટ કરી દીધું છે કે જ્યાં સુધી ભાજપનો એક પણ સાંસદ છે ત્યાં સુધી SC, ST અને OBC આરક્ષણને કોઈ સ્પર્શી શકશે નહીં. નરેન્દ્ર મોદી કરતાં SC, ST અને OBC અનામતનો મોટો સમર્થક કોઈ નથી.

**કલમ ૩૭૦ પર આ કહ્યું:** પોતાની સરકારની ઉપલબ્ધિઓ વિશે વાત કરતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું, 'હું કલમ ૩૭૦ પર સવાલ ઉઠાવનારાઓને કહેવા માંગુ છું કે આ વખતે કાશ્મીરમાં મતદાનની ટકાવારી ૪૦ ટકાને વટાવી ગઈ છે અને કલમ ૩૭૦ હટાવવાની આનાથી મોટી સફળતા શું હોઈ શકે? તમામ કટ્ટરપંથી જૂથો અને નેતાઓ મતદાન કરી રહ્યા છે. તેઓ લોકશાહી પ્રક્રિયાનો હિસ્સો બની ગયા છે. અગાઉ કાશ્મીરમાં ચૂંટણીના બહિષ્કારના નારા લાગ્યા હતા, પરંતુ આજે શાંતિપૂર્ણ ચૂંટણી યોજાઈ રહી છે. વિપક્ષી ગઠબંધન પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું કે INDI ગઠબંધનના તમામ પાત્રો સમાન છે, તેથી જ તેઓ એક સાથે આવ્યા છે. વિરોધ પક્ષો વંશવાદી રાજકારણ પર આધારિત છે. તે બધા કલમ ૩૭૦ને ફરીથી લાગુ કરવાની વાત કરે છે અને તેઓ ટ્રિપલ તલાકને પણ પાછું લાવવા માંગે છે. આ તમામ પક્ષો યુનિફોર્મ સિવિલ કોડ અને ઈઅઅનો વિરોધ કરે છે. તેઓ ભ્રષ્ટાચારમાં ડૂબેલા છે. તેથી INDI ગઠબંધન એક જ વિચારધારા ધરાવે છે.

# ૧૦૦ નહીં, ૧૨૫ દિવસનો પ્લાન તૈયાર

## પ્રથમ ૧૦૦ દિવસની કામગીરીના એજન્ડા ઉપરાંત ૨૫ દિવસ યુવાવર્ગને સમર્પિત કરવાની વડાપ્રધાન મોદીની જાહેરાત

નવી દિલ્હી તા.૧૭

લોકસભાની ચૂંટણી બાદ ફરી ભાજપ-એનડીએની સરકાર રચાવાની છે અને ત્રીજી ટર્મ માટે આરૂઢ થનારા નરેન્દ્ર મોદીએ ૧૦૦ દિવસનો એજન્ડા પણ તૈયાર કરી રાખ્યો હોવાના નિર્દેશો વચ્ચે વડાપ્રધાને એમ કહ્યું કે ત્રીજી ટર્મ માટે ૧૦૦ દિવસ નહીં, ૧૨૫ દિવસનો પ્લાન તૈયાર છે.

ત્રીજી ટર્મની ૧૦૦ દિવસની કામગીરીની બ્લુપ્રિન્ટ તૈયાર છે જ ઉપરાંત વધારાના ૨૫ દિવસ યુવાવર્ગને સમર્પિત રહેશે અને તેઓ માટેની યોજનાઓ પર સરકારનું ફોકસ રહેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે ચૂંટણી પ્રચારમાં પ્રથમ વખત મતાધિકાર મેળવનારા તથા યુવાવર્ગનો ઉત્સાહ જોઈને ૧૦૦ને બદલે ૧૨૫ દિવસનો એજન્ડા-બ્લુપ્રિન્ટ તૈયાર કરવાની ફરજ પડી હતી. તેઓ પ્રેરણારૂપ છે અને એટલે ૧૨૫ દિવસનો એજન્ડા ઘડવાનો નિર્ણય લીધો હતો. ત્રીજી ટર્મના ૧૦૦ દિવસનો પ્લાન તૈયાર કરી જ રાખ્યો છે અને હવે તેમાં વધુ ૨૫ દિવસ ઉમેરવામાં આવશે.



૨૦૪૭ સુધીમાં દેશને 'વિકસીત ભારત' બનાવવાનો ટારગેટ આપનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે દેશનો યુવાવર્ગ પોતાના વિચારો રજુ કરીને પ્રાથમીકતાઓ આગળ ધરે તેવી પોતાની ઈચ્છા છે. તેઓ સક્રીય થઈને વિચારો રજુ કરી શકે છે. ૧૦૦ દિવસના પ્લાન ઉપરાંતના ૨૫ દિવસો યુવાવર્ગને સમર્પિત કરવા માંગુ છુ અને તેમ જ કરીશ. ૧૦૦ દિવસથી આગળ વધીને ૧૨૫ દિવસનો પ્લાન લાગુ કરીશ.

તેઓએ જણાવ્યું હતું કે નવી સરકારના પ્રથમ ૧૨૦ દિવસનો એજન્ડા નકકી કરવામાં દેશના ૨૦ લાખ લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા છે. ૨૦૧૪માં પાંચ વર્ષનો ચુંટણી ઢંઢેરો હતો. ૨૦૧૯માં વૈશ્વિક નજર દોડાવવામાં આવી હતી. આ વખતે વિચાર વધુ મોટો અને લાંબાગાળાનો કર્યો છે અને તે માટે છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત છુ. આ પ્લાન ઘડવામાં અધિકારીઓની બે પેઢી નિવૃત પણ થઈ ગઈ છે અને નવા અધિકારીઓ સામેલ થયા છે.

લોકસભાની વર્તમાન ચૂંટણીમાં ૪૦૦થી વધુ બેઠકો મેળવવાનો ટારગેટ નકકી કરનારા વડાપ્રધાન મોદીએ દેશભરમાં ઘનિષ્ટ ચૂંટણી પ્રચારમાં વિકસીત ભારતના લક્ષ્યને જ આગળ ધર્યુ છે.આવતા પાંચ વર્ષનો પ્લાન ઘડવા માટે ચૂંટણી પુર્વે વડાપ્રધાને સળંગ ૧૨ કલાકની કેબીનેટ બેઠક યોજી હતી તે અત્રે ઉલ્લેખનીય છે.

# ચૂંટણીનો થાક ઉતારવા ભાજપના અનેક નેતાઓ-આગેવાનો હિલ સ્ટેશનમાં: હિટવેવથી બચી ગયા!

## મંત્રી, ચૂંટાયેલા લોકો, હોદ્દેદારો દેશ-વિદેશના પ્રવાસે : કાશ્મીર-નેપાળમાં ઠંડકનો પરિવાર સાથે આનંદ લેતા અગ્રણીઓ : મત ગણતરીના અઠવાડિયા અગાઉ તમામ લોકો પરત ફરશે

રાજકોટ, તા. ૧૭

લોકસભાની ચૂંટણી માટે તા.૭ના રોજ મતદાન થઇ ગયા બાદ ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો અને નેતાઓ રિલેકસ મુડમાં આવ્યા છે. કેટલાક નેતાઓને અન્ય રાજયમાં ચૂંટણી જવાબદારી સોંપવામાં આવી છે ત્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ભાજપના કેટલાક નેતાઓ ચૂંટણી પ્રચારમાં અને અનેક નેતાઓ વેકેશનમાં પરિવાર સાથે ઠંડા પ્રદેશોમાં ફરવા પહોંચી ગયા છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં હાલ અગનવર્ષા થઇ રહી છે અને હિટવેવ જેવી સ્થિતિ છે ત્યારે નેતાઓ હિલ સ્ટેશન પર પહોંચીને થોડા દિવસ માટે હિટવેવથી બચી ગયા છે.

ભાજપના ચૂંટાયેલા લોકો, સંગઠનના હોદ્દેદારો, ધારાસભ્યોથી માંડી મંત્રી પણ દેશ-વિદેશના પ્રવાસે ફરી રહ્યા છે. રાજકોટમાં ટોચના ઘણા નેતાઓ હાજર નથી અને હવે આવતા અઠવાડિયે એક બાદ એક પરત ફરે તેમ જાણવા મળે છે. તા.૪ જુનના રોજ મત ગણતરી છે તે પૂર્વે થાકેલા નેતાઓએ ઉનાળાની ગરમીથી દુર ઠંડકનો અનુભવ કરી લીધો છે.

મંત્રી ભાનુબેન બાબરીયા પરિવાર સાથે વિદેશ પ્રવાસે ગયા છે. ચૂંટણીમાં વ્યસ્ત રહ્યા બાદ તેઓ પરિવાર સાથે ફરવા ગયા છે. શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશી પણ પરિવાર સાથે કાશ્મીરના પ્રવાસે છે. તો પૂર્વ મેયર પ્રદીપભાઇ ડવ પણ કાશ્મીર પારિવારિક પ્રવાસમાં પહોંચ્યા છે.

સ્ટે.કમીટી ચેરમેન જયમીન ઠાકર ચૂંટણી અને યાત્રા પ્રવાસમાં હરીદ્વાર ગયા છે. પૂર્વ પ્રમુખો ધનસુખ ભંડેરી અને કમલેશ મીરાણી વિજયભાઇ રૂપાણી સાથે પંજાબના ચૂંટણી કાર્યક્રમમાં સામેલ થયા છે.

ભાજપના ઘણા આગેવાનો અને ચૂંટાયેલા લોકો દુબઇ, નેપાળ, સિકકીમ અને કેટલાક વિદેશ પ્રવાસમાં છે. ઉનાળામાં ભારે તાપ વચ્ચે મતદાન સમયે નેતાઓથી માંડીને કાર્યકરોએ તડકામાં દોડાદોડી કરી હતી. અમુક આગેવાનો દુબઇની ગરમીમાં પણ ફુલ ફુલ પળો માણી રહ્યા છે.



હાલ રાજકોટમાં હીટવેવ જેવી સ્થિતિ છે. આ અગનવર્ષામાંથી નેતાઓ અને કોર્પોરેટરોની આ ટીમ બચી ગઇ છે. કાશ્મીર, નેપાળ જેવી જગ્યાએ ઠંડકનો અનુભવ કરીને થાક ઉતારી રહ્યા છે. પરિવારથી ચૂંટણીના સમયમાં દુર રહ્યા બાદ હવે આ નેતાઓ પરિવાર સાથે વેકેશન માણે છે. આથી કમલમ કાર્યાલય, મહાપાલિકા, જિલ્લા પંચાયત સહિતની કચેરીઓમાં ભાજપના ચૂંટાયેલા લોકો, સભ્યો, કાર્યકરોની અવરજવર નહીંવત દેખાઇ રહી છે.

હજુ મત ગણતરી સુધી તમામ કચેરીમાં આચારસંહિતાનો અમલ ચાલુ છે. વહીવટી તંત્ર કે ચૂંટાયેલા લોકો કોઇ નવી કામગીરી કરી શકે તેમ નથી. સરકારી સુવિધાનો ઉપયોગ પણ કરી શકતા નથી. આથી મોટા ભાગના લોકો ફોન પર લોકોના કામ કરી જરૂરી સુચનાઓ આપી દે છે. અગત્યના કામ મોબાઇલ ફોન પર દુરથી પણ થઇ શકે છે. બાકી રૂબરૂ મળવા માટે હજુ આવતા સપ્તાહનો સમય કાર્યાલયોમાંથી આપવામાં આવી રહ્યો છે.

આમ લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ નેતાઓનો એક મોટો વર્ગ થાક ઉતારવા ગુજરાત બહાર પહોંચી ગયો છે.

# મોદીના ૩૭૦ બેઠકોના દાવા પર શંકરાચાર્યનો કટાક્ષ જયાં દરેક ક્ષણે ષડયંત્રો રચાતા હોય ત્યાં અંદાજ શું લગાવી શકાયઃ શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ

## રાજસ્થાનમાં શંકરાચાર્યનું સભાને સંબોધન

નવીદિલ્હી,તા.૧૭

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે સાત તબક્કામાંથી હવે ત્રણ તબક્કાનું મતદાન જ બાકી રહ્યું છે. ભાજપ વધુને વધુ બેઠકો જીતવા માટે પ્રચંડ પ્રચાર કરી રહી છે. જેની કમાન ખુદ મોદીએ સંભાળી છે. ત્યારે હવે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ વડાપ્રધાન મોદીના દાવા પર પ્રતિક્રિયા આપી છે.

જગદગુરુ શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી રાજસ્થાનમાં એક જાહેર સભાને સંબોધિત કરવા આવ્યા હતા. આ દરમિયાન તેમને પૂછવામાં આવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો છે



કે ભારતીય જનતા પાર્ટી લોકસભા ચૂંટણીમાં ૩૭૦ બેઠકો જીતીને સરકાર બનાવશે. આનો જવાબ આપતા શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું કે 'કોઈ વસ્તુનો અંદાજ ગણિત અને સંભાવનાઓના આધારે લગાવવામાં આવે છે, પરંતુ એવી જગ્યાએ જ્યાં દરેક ક્ષણે કોઈ ષડયંત્ર રચવામાં આવે છે ત્યાં અંદાજ લગાવી શકાતો નથી.'

શંકરાચાર્યને ગૌહત્યા અંગે પણ પૂછવામાં આવ્યું કે શું તેઓ આ મામલાને સરકાર સુધી લઈ જશે? જેના જવાબમાં શંકરાચાર્યએ કહ્યું, 'અમે બધું જ જણાવીએ છીએ. શું સરકારથી કંઈ છૂપું રહી શકે? અહીં આઈબીના લોકો હશે. અમે જે પણ બોલીએ છીએ, સરકાર તેની નોંધ લે છે અને અમે છુપી રીતે કશું બોલતા નથી.' ઉલ્લેખનીય છે કે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ આ વર્ષે ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં બનેલા રામ મંદિરમાં રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં ભાગ લીધો ન હતો.

# પશ્ચિમ બંગાળમાં ટીએમસી નેતાઓના વિવિધ સ્થળે સીબીઆઈના દરોડા

## ૨૦૨૧માં વિધાનસભાની ચૂંટણીના પરિણામો બાદ ટીએમસી કાર્યકર્તાઓએ કરેલી હિંસાના મામલે દરોડા કાર્યવાહી

મેદિનીપુર (પશ્ચિમ બંગાળ) તા.૧૭



સીબીઆઈએ આજે બંગાળમાં ટીએમસીના બે નેતાઓના ઠેકાણાઓમાં દરોડા પાડયા હતા. આ દરોડા ૨૦૨૧માં ચુંટણી બાદ થયેલી હિંસાના મામલે પાડવામાં આવ્યા હતા. આ દરોડા પુર્વી મેદનીપુર જિલ્લાના કાઠી વિસ્તારમાં પાડવામાં આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે ૨૦૨૧માં ચૂંટણી બાદની હિંસામાં ભાજપના એક કાર્યકર્તાનું મોત થયું હતું.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ સીબીઆઈ ઓફિસરોની એક ટીમે કાઠી બ્લોક નં.૩માં ટીએમસી નેતા દેવવ્રત પાંડાના ઘેર અને બીજા બ્લોકમાં ટીએમસી નેતા નંદદુલાલ મૈતીના ઘેર દરોડા પાડયા હતા. સીબીઆઈએ જણાવ્યું હતુ કે સમન્સ મોકલવા છતાં આરોપીઓ હાજર થતા નહોતા એટલે દરોડા પાડવામાં આવ્યા. આરોપીઓની પુછપરછ કરવામાં આવશે.

સીબીઆઈએ જણાવ્યું હતું કે ૨૦૨૧માં પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ બંગાળમાં હિંસાની ઘટના બની હતી. જેમાં ટીએમસી કાર્યકરોએ ઠેક ઠેકાણે ભાજપના કાર્યકર્તાઓને નિશાન બનાવ્યા હતા. હિંસાના કારણે ભાજપ કાર્યકર્તાઓએ પોતાના ઘર પણ છોડવા પડયા હતા અને મામલો કલકતા હાઈકોર્ટ પહોંચ્યો હતો.

# યુએઈમાં ખાસ ક્ષેત્રમાં કામ કરતા લોકો માટે ગુડન્યુઝઃ ૧૦ વર્ષના બ્લુ રેસિડેન્સી વિઝા

દુબઈ(યુએઈ)તા.૧૭

યુનાઈટેડ અરબ એમિરાતે પર્યાવરણની સુરક્ષા માટે અથાગ પ્રયાસો તેમજ યોગદાન આપનારા લોકો માટે ૧૦ વર્ષના બ્લૂ રેસિડેન્સી વિઝા જાહેર કર્યા છે. જેઓ જમીન-જળ અને હવા સહિત સમગ્ર પર્યાવરણની સુરક્ષા માટે કામ કરી રહ્યા છે, તેમના માટે યુએઈમાં સ્થાયી થવાની આકર્ષક તક દુબઈના વડાપ્રધાન શેખ મોહમ્મદ બિન રાશિદે જાહેર કરી છે.

રાશિદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્ષ પર જણાવ્યું છે કે, આ વર્ષે ૨૦૨૪નું વર્ષ ટકાઉપણાનું વર્ષ છે. પર્યાવરણની સુરક્ષા ક્ષેત્રે અથાગ પ્રયાસો અને યોગદાન આપનારા માટે આજે અમે ૧૦ વર્ષના બ્લૂ રેસિડેન્સી વિઝા જારી કર્યા છે. જે લોકોને લાંબાગાળા સુધી વસવાટ કરવા પ્રોત્સાહન આપશે. તેની



મોડર્ન ટેક્નોલોજી સાથે જળ, જમીન અને હવાની ગુણવત્તામાં સુધારો કરતાં પર્યાવણના સંરક્ષણ માટે કામ કરતાં લોકોને યુએઈમાં સ્થાયી થવા પ્રેરિત કરશે.

વધુમાં ઉમેર્યું હતુ કે, ''અમારી ટકાઉ અર્થવ્યવસ્થા અમારા પર્યાવરણની સ્થિરતા સાથે જોડાયેલી છે અને આ ક્ષેત્રમાં અમારી દિશાઓ સ્પષ્ટ અને સુસંગત છે.''

વિઝા માટે લાયકાત ધરાવતી વ્યક્તિને ફેડરલ ઓથોરિટી ઓફ આઈડેન્ટિટી, સિટિઝનશીપ, કસ્ટમ્સ, એન્ડ પોર્ટ સિક્યુરિટી મારફત અરજી મોકલવવા આમંત્રિત કરવામાં આવશે. સંબંધિત ઓથોરિટી લોંગ-ટર્મ રેસિડેન્સી માટે લોકોની પસંદગી કરી વિઝા ઓફર કરશે.

# માનવ અધિકાર મુદ્દે ભારતને સલાહ ન આપોઃ ભારતીય અમેરિકી સાંસદનું અમેરિકાને સૂચન

## ભારત સાથે વાતચીત કરવી હોય તો રચનાત્મક અભિગમ રાખોઃ સાંસદ રો ખન્ના

વોશિંગ્ટન,તા.૧૭


ભારતીય અમેરિકન સાંસદોએ અમેરિકાને ભારતના માનવાધિકાર સંબંધિત મુદ્દાઓ પર કોઈપણ પ્રકારના સલાહ સૂચન કરે ઉપદેશ આપવાથી બચવાની સલાહ આપી છે. અમેરિકાના સાંસદોએ કહ્યું કે આ મુદ્દે ભારત સાથે વાતચીત કરવાની જરૂર છે. ભારતીય અમેરિકન સાંસદ રો ખન્નાએ ડેમોક્રેટિક થિંક-ટેન્ક 'ઈન્ડિયન અમેરિકન ઈમ્પેક્ટ'ની 'દેસી ડિસાઈડ્સ' કોન્ફરન્સમાં ભારતીય અમેરિકન સમુદાયના સભ્યોને સંબોધતા કહ્યું કે, ''ભારત ૧૦૦ વર્ષથી વધુ સમયથી ઉપનિવેશ રહ્યું છે. જ્યારે આપણે માનવ અધિકારની વાત કરીએ, જો આ મુદ્દે વિદેશ મંત્રી એસ જયશંકર અથવા અન્ય કોઈ સાથે વાત કરો તો તમારે સમજવું પડશે કે આ માત્ર ભારતને ઉપદેશ આપવા જેવું લાગે છે.રો ખન્નાએ કહ્યું કે ભારતને લાગે છે કે ઔપનિવેશક તાકાતો સેંકડો વર્ષોથી ઉપદેશો જ આપી રહી છે. આવી સલાહ આપવી તે યોગ્ય નથી. ખન્નાએ કહ્યું, ''મને લાગે છે કે અહીંની આપણી લોકશાહીમાં શું ખામીઓ છે, તમારી લોકશાહીમાં શું ખામીઓ છે અને આપણે સામૂહિક રીતે લોકશાહી અને માનવ અધિકારોને કેવી રીતે આગળ વધારી શકીએ તે વિશે ભારત સાથે વાતચીત કરવી વધુ રચનાત્મક અભિગમ દર્શાવશે.''

ભારતીય અમેરિકન સાંસદો પ્રમિલા જયપાલ અને ડો. એમી બેરાએ પણ 'કોંગ્રેસનલ ઈન્ડિયા કોકસ'ના કો-ચેરમેન રો ખન્ના સાથે આ સંવાદમાં ભાગ લીધો હતો. એબીસીના રાષ્ટ્રીય સંવાદદાતા ઝોહરીન શાહ દ્વારા તેનું સંચાલન કરવામાં આવ્યું હતું. શાહે ભારતીય અમેરિકન સાંસદોનેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મુસ્લિમ સમુદાય સાથેના સંબંધો અંગે સવાલ કર્યા હતા. બેરા ખન્ના તેની સાથે સહમત થયા અને કહ્યું, મેં ભારતીય વિદેશ મંત્રીને પણ આ વાત કહી છે. જો ભારત એક બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર તરીકે તેની ઓળખ ગુમાવશે તો બાકીની દુનિયાનો દષ્ટિકોણ તેના પ્રત્યે બદલાઈ શકે છે.



## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૬૦-૨૬૧૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૫૧૦-૨૫૬૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૦૦-૧૭૩૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૫૦-૧૭૩૦ |
| પામોલીયન તેલ | ૧૪૮૦-૧૪૮૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૮૦-૧૭૨૦ |
| કોપરેલ | ૨૪૨૦-૨૪૭૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |



### સોનુ-ચાંદી

| | |
|---|---|
| સોનુ (૧૦ ગ્રામ) | ૭૫૬૮૦(-૧૨૦) |
| ચાંદી | ૮૯૧૫૦(+૧૧૫૦) |

# ૨૩ મેના સમસ્ત શ્રીમાળી સોની પાટડીયા સમાજનાં સતી માઁ રતનબાનો ૨૭મો નવચંડી યજ્ઞ તથા સ્નેહ સંમેલન સમારોહ

## પાટડિયા પરિવારનાં ૧૨૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહેશે



તસ્વીર: પંકજ શિશાંગીયા

રાજકોટ:તા ૧૭

સમસ્ત શ્રી માળી સોની હળવદ પાટડિયા વાગડીયા પાટડિયા મેથાણીયા પાટડિયા જાબુકીયા પાટડિયા પરિવાર નાં સતિ માં રતનબા ૨૭ મો નવચંડી યજ્ઞ તથા સ્નેડ સંમેલન પાટડી માં તા. ૨૩ ના ગુરૂવારે આયોજન કરવામાં આવ્યું છે.તારીખ ૨૩ સવારે ૮ વાગે યજ્ઞ પ્રારંભ ધ્વજા રોહાણ સવારે ૯ કલાકે માં ની ચુંદડી સવારે ૯.૩૦ શ્રી ફળ ડોમ બપોરે ૧૧.૩૦ કલાકે સ્નેહ સંમેલન ૧૨.૩૦ મહાપ્રસાદ બપોરે ૧ વાગે યોજાશે.

રાજકોટ થી પાટડી માટે બસ વ્યવસ્થા રાખેલ છે. પેલેસ રોડ શ્રી આશાપુરા માતાજી મંદિર થી તારીખ ૨૩/૫/૨૦૨૪ ગુરૂવાર સવારે ૫ વાગે ઉપડશે.તેમાં નામ નોંધાવવા માટે જીજ્ઞેશ વાગડીયા મોં. ૯૭૨૩૩૯૦૯૦૯ તથા સંદિપ ભાઈ જડિયા ૭૪૦૫૪૫૮૧૨૩ પર સંપર્ક કરવાનો રહેશે.

સતિ માં રતનબા નવચંડી યજ્ઞ માં સમસ્ત શ્રી માળી સોની પાટડિયા પરિવારનાં ૧૨૦૦ થી વધારે લોકો ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમ ને સફળ બનાવવા સમસ્ત શ્રી માળી સોની પાટડિયા પરિવાર સતિ માં સેવા ટ્રસ્ટ નાં ટ્રસ્ટી મોહનલાલ ચુનીલાલ પાટડીયા, જીજ્ઞેશ નટવરલાલ વાગડીયા તથા કારોબારી સભ્યો ધવલભાઈ જયેશભાઈ પાટડીયા, ભરતભાઈ ગોપાલભાઈ પાટડીયા, કલ્પેશભાઈ ડસુભાઈ પાટડીયા ,ભાવિનભાઈ ધીરજલાલ વાગડીયા ,રાજુ ભાઈ અંબાલાલ પાટડીયા , સંદિપ ભાઈ જડીયા , દેવનભાઈ પાટડીયા ,સુમિત પ્રદિપભાઈ વાગડીયા, નિલેશભાઈ શાંતિલાલ જડીયા, શ્વેતાબેન જીજ્ઞેશભાઈ વાગડીયા હસ્મિતા બેન મિલન ભાઈ પાટડીયા વિગેરે કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

### રવિવારે ધોરણ ૧૦/૧૨ નાં પાસ થયેલા વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાશે

સમસ્ત શ્રી માળી સોની પાટડીયા પરિવાર દ્વારા આયોજીત ગુજરાત રાજ્ય નાં દરેક શહેર નાં ધોરણ ૧૦/૧૨ નાં પાસ થયેલા વિદ્યાર્થીઓને સન્માન પત્ર આપવામાં આવશે.તારીખ ૧૯/૫/૨૦૨૪ રવિવાર સવારે ૧૦ થી બપોરે ૧ વાગે સુધી પંચનાથ મહાદેવ મંદિર પંચનાથ પ્લોટ ભગવાન ભુવન વાડી થી આપવામાં આવશે.સમસ્ત સોની સમાજ નાં વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ પત્રક, આધારકાર્ડ તથા પાસપોર્ટ સાઈઝ નો ફોટો પાડીને જીજ્ઞેશ વાગડીયા રાજકોટ મો.૯૭૨૩૩૯૦૯૦૯ સંદિપ ભાઈ નાં વોટ્સએપ પર તારીખ ૧૮/૫/૨૦૨૪ સાંજે ૮ વાગ્યા સુધી માં મોકલવાના રહેશે.આ સન્માન પત્ર નાં કાર્યક્રમ રાજકોટ શહેર નાં અગ્રણી સોની સમાજ નાં હોદ્દેદારો, અગ્રણી તથા સોની સમાજ વેપારી તથા સંસ્થા નાં પ્રમુખ હોદ્દેદારો તથા મહિલા પ્રમુખ, હોદ્દેદારો દ્વારા વિદ્યાર્થીઓ ને સન્માન પત્ર આપવામાં આવશે.

### ઓશો ગીતા-નિવેદિતા ધ્યાન મંદિરે ધ્યાનોત્સવ

કિશાનપરા ચોક ખાતે આવેલા ઓશો ગીતા-નિવેદીતા ધ્યાન મંદિરે તા.૨૦ને સોમવારના ઓશો સંન્યાસી સ્વામિ દેવગતી (હર્ષદભાઈ લુણાગરીયા)ના ૫૪માં જન્મ દિવસે સાંજના ૬-૩૦થી ૮-૩૦ દરમિયાન ધ્યાનોત્સવ-જન્મોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

### કાલે સુરતાલ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા ટ્રેક શોનું આયોજન

સુરતાલ ગ્રુપ ઓફ મ્યુઝિકનો આવતીકાલ તા.૧૮ ને શનિવારના રોજ ટ્રેક શો નું રાત્રે ૮:૩૦ કલાકે હેમુ ગઢવી (મીની) હોલ, ટાગોર માર્ગ, રાજકોટ ખાતે સંચાલક કૌશિકભાઈ ગોસ્વામી દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રોગ્રામમાં બીપીન ઠાકર, રંજનબેન રાઠોડ, કિર્તિબેન જાની, માલતીબેન શેઠ, આરતીબેન છત્રીયા, સંજીવ પટેલ, મયુર કોટક, જિજ્ઞેશ પાટડીયા, દેવદત્તા યાજ્ઞિક, અનિલ ત્રિવેદી, સંજય સીતાપરા અને જીતેન્દ્ર પીઠડીયા પોતાની કલા રજુ કરશે.

### ડિવાઈન ફીલના રાહતદરે ચોપડા મળશે

ડિવાઈનફીલ ફુલ સ્કેપ ચોપડા રાહતદરે તા.૧૯ને રવિવારને સવારે ૯ થી ૧, પાર્થ ગ્રાફીક્સ, આનંદ બંગલા ચોક, ડિવાઇન ઓપ્ટીકલ્સ, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, નાનામવા રોડ, ચામુંડા સીઝન સ્ટોર, ૬-પરસાણાનગર જામનગર રોડ રાજકોટ ખાતેથી મળશે.


તસ્વીર: પંકજ શિશાંગીયા

### ગુજરાત શેડ્યુલ કાસ્ટ સમન્વય સમિતિ દ્વારા

# રવિવારે રાજયના અનુસુચિત જાતિના યુવક-યુવતીઓ માટે જીવનસાથી પરિચય મેળાનું આયોજન

### મહામંડલેશ્વર શ્યામાનંદગીરીજી, ધારાસભ્ય ભાનુબેન બાબરીયા સહિતના ઉપસ્થિત રહેશે

રાજકોટ, તા.૧૭

ગુજરાત શેડ્યુલ કાસ્ટ સમન્વય સમિતિ દ્વારા સમગ્ર ગુજરાત રાજયના અનુસુચિત જાતિના પરિવારજનોની જરૂરીયાત અને રજુઆતોને ધ્યાનમાં રાખીને તેમજ હાલના સાંપ્રત સંજોગો પ્રમાણે દિકરા-દિકરીઓ માટે જીવનસાથી પરિચય મેળાનું આગામી તા.૧૯ ને રવિવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે લક્ષ્મી કો. ઓ. હાઉસિંગ સોસાયટી, નાના મવા રોડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.



આ પરિચય મેળામાં ફોર્મ ભરી ભાગ લેનાર યુવક/યુવતીઓને કોઈપણ ફિલ્ડમાં સરકારી કે અર્ધસરકારી નોકરીયાત ડોકટર, એન્જીનિયર, એડવોકેટ, બિઝનેસમેન, એન.આર.આઇ ચાર્ટડ એકાઉન્ટન્ટ, ઓફિસર, આમ ગ્રેજ્યુએટ અને ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા યુવક / યુવતીઓ જીવનસાથી તરીકે પસંદ કરી શકે છે. ગુજરાત શેડયુલ્ડ કાસ્ટ સમન્વય સમિતિ - રાજકોટના આયોજકોનો મુખ્ય ઉદેશ સમાજના દિકરા-દિકરીઓને જીવનસાથી પસંદગીની વિશાળ તકો આપવાનો છે જેથી કરીને સમાજમાં છુટાછેડાના બનાવો અટકાવી શકાય અથવા તેના ઉપર અંકુશ લાવી શકાય. આ કાર્યક્રમમાં પ.પૂ.ધ.ધૂ. શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્યામાનંદગીરીજી આશીર્વચન પાઠવવા પધારશે તેમજ ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, એમ. ડી. સાગઠીયા, વશરામભાઈ સાગઠીયા સહિતના ઉપસ્થિત રહેશે.

આ મહોત્સવને સફળ બનાવવા લક્ષ્મી સોસાયટી કારબારી સમિતિના શ્યામજીભાઈ રાવલીયા, પ્રવિણભાઈ સોલંકી, પંકજ વિંઝુડા, દિવ્યેશ રાઠોડ, નાથાલાલ ચિત્રોડા, મોહનભાઈ પરમાર, દેવજીભાઈ વાઢેર, સુકેતુ રાઠોડ, તેમજ કાર્યક્રમ વ્યવસ્થાપક સમિતિના દામોદરાભાઈ, યશવંત બાબરીયા, પરમ રાવલીયા, જેન્તી રાઠોડ, નારણ ચૌહાણ, જયરાજ ગોહિલ, રાજહંશ માકડીયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.



# કોઠારીયા નાકા મિત્ર મંડળ દ્વારા વિનામૂલ્યે છાશ વિતરણ

કોઠારીયા નાકા મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા મનસુખલાલ જીવરાજ શાહ (ભાડલાવાળા)ના સહયોગથી જરૂરિયાત મંદ પરિવારને ઉનાળાના ધોમ ધખતા તાપમાં પરિવાર દીઠ-૨ લીટર વિના મૂલ્યે છાશ વિતરણ કોઠારીયા નાકા ખાતે કરવામાં આવે છે. આ છાશ કેન્દ્રની મુલાકાત ધારાસભ્ય રમેશભાઇ ટીલાળા, જયેશભાઇ પરસાણા, પંકજભાઇ લોઢીયા, ગીરનારા સોની જ્ઞાતિના અગ્રણી ગીરીશભાઇ પરસાણા, કિશોરભાઇ પરસાણા, ભરત ત્રિવેદી, ઉમેશભાઇ અને મનસુખભાઇ શાહ ચેરીટિબલ ટ્રસ્ટના ટ્રસ્ટી અનિલભાઇ શાહ, દિપકભાઇ ઉપસ્થિત રહેલ આ છાશ કેન્દ્રનો ૨૫૦ જેટલા જરૂરિયાત મંદ પરિવારો લાભ લઇ રહ્યા છે.

# રાજકોટ પ્રોપર્ટી કન્સલટન્ટ એસો. નો ૯ માં વર્ષમાં મંગલ પ્રવેશઃ કાર્યક્રમ યોજાયો




રાજકોટ:તા ૧૭

રાજકોટ પ્રોપર્ટી કન્સલટન્ટ એસોસીએશન ધ્વારા ગત તા.૯ મે ના રોજ ૦૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બહોળી સંખ્યામાં પ્રોપર્ટી કન્સલટન્ટ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત નેશનલ એન્થમ થી કમિટિ મેમ્બર પ્રકાશભાઈ શાહ ધ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ ચાલુ વર્ષના કમિટિ મેમ્બરનું ઈન્ટ્રોડકશન શૈલેષભાઈ શાહ ધ્વારા કરવામાં આવેલ હતું.

કાર્યક્રમને આગળ ધપાવતા સંસ્થાના સેક્રેટરી કેતન મહેતાએ ઉપસ્થિત દરેક મેમ્બર્સને સંસ્થાની પ્રતિજ્ઞા લેવડાવેલ અને જણાવેલ કે સમગ્ર સૌરાષ્ટ્રમાં અમો ધીમે ધીમે વિસ્તૃતીકરણ કરી રહયા છીએ. રાજકોટ ઉપરાંત જુનાગઢ,જામનગર, મોરબી, અમરેલી, જેતપુર, ગોંડલ દરેક એરીયામાંથી પ્રોપર્ટી કન્સલટન્ટ મિત્રો એકબીજા ને મળ્યા હતા. એસોસીએશન જેટ ગતીએ આગળ વધી રહયુ છે. આવનારા દિવસોમાં ૩૦૦ થી વધુ મેમ્બર્સ અમારી સંસ્થાના મેમ્બર થવાની જાહેરાત કરી હતી.

પ્રમુખ અર્પિત શાહે એસોસીએશનની યશોગાથા વર્ણવી હતી. આ સફળ આયોજન થતાં એસોસીએશન ના હોદેદારો અર્પિત શાહ, જસ્મિન શેઠ, કેતન મહેતા, નિરજ ખાંતાણી, શૈલેષ શાહ, મુંજાલ ચૌહાણ વિજય જાની, પ્રકાશ શાહ એ સાંજ સમાચાર ની મુલાકાત લીધી હતી.

# સ્વીમીંગ પુલ સહિતના સ્થળે કલોરીન લીકેજ અંગે મોકડ્રીલ




વોટર વર્કસ શાખા દ્વારા પાણીની ગુણવત્તા જાળવવા માટે તેમજ પાણીનાં નિર્જીવાંણુંકરણ માટે કલોરીન ગેસનો ઉપયોગ કરવામાં આવે છે. તાજેતરમાં વોટર મેનેજમેન્ટ યુનિટ (વેસ્ટ ઝોન) હસ્તકના જુદાં-જુદાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પમ્પિંગ સ્ટેશન તેમજ સ્નાનાગાર સહિતનાં કુલ ૧૧ સ્થળ ઉપર આશરે ૩૫ જેટલાં ટેકનિકલ સ્ટાફને કલોરીન સેફટી સંલગ્ન માહિતી તેમજ કલોરીન લીકિજ સમયની ડ્રીલનુ નિદર્શન કરી સલામતી માટે તાલીમ અપાઇ હતી. જેમાં સિટી એન્જી. અલ્પનાબેન મિત્રા, ના.કા. ઇજનેર વી. એચ. ઉમટનાં માર્ગદર્શન હેઠળ કેમિસ્ટ અજયસિંહ જાડેજા, કું. મોનાદેવી ગોહિલ, કલોરીન એટેન્ડન્ટ ગોપાલ ડાભી જોડાયા હતા.



# રાજકોટના ૧૦ શિક્ષકોએ લોકવિજ્ઞાન કેન્દ્રમાં ૩ડી પ્રિન્ટર અંગે તાલીમ મેળવી

ઓ.વે.શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રેસકોર્ષ ખાતે નર્મદા બાલઘર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સ્કૂલ સાયન્સ સેન્ટર ખાતે તાજેતરમાં પ્રિન્ટરની તાલીમ આપવામાં આવેલ જેમાં ૧૦ શાળાના ૧૦ શિક્ષકોએ ભાગ લીધો હતો. રોજીંદા જીવનમાં ૩ડી પ્રિન્ટરનો ઉપયોગ તેની ડિઝાઇન વિશે વિસ્તૃત માહિતી સાથે તાલીમ આપવામાં આવી કાર્યક્રમના અંતે ૩ડી પ્રિન્ટર અને સર્ટીફીકેટ ડો. જે.જે. રાવલ, ડી.પી. મહેતા, ડો. રમેશભાઇ ભાયાણીના હસ્તે આપવામાં આવ્યા હતાં.

### પ્રફુલભાઈ ટોળીયાને ઉત્તરપ્રદેશમાં ચૂંટણી અંતર્ગત ઇન્ચાર્જ તરીકે જવાબદારી સોંપાઈ

રાજકોટ જિલ્લામાં તાલુકા કક્ષાથી માંડીને રાજ્યના સ્તર સુધી ભાજપ સંગઠન અને કાર્યક્રમોના આયોજનની કામગીરીમાં રાજકીય કુનેહશક્તિ રાખનાર પોરબંદર લોકસભાના સંયોજક અને રાજકોટ જીલ્લાના ઉપપ્રમુખ પ્રફુલભાઈ ટોળિયાને ઉત્તરપ્રદેશમાં જોનપુર લોકસભાની મલહ વિધાનસભા બેઠકના ઇન્ચાર્જની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રફુલભાઈ ટોળિયાને મળેલી જવાબદારીને રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા તથા જીલ્લાના તમામ હોદેદારોએ હર્ષભેર આવકારી છે.

### જાની પરિવારનું ગૌરવ

ગૂજરાત સેકન્ડરી બોર્ડ દ્વારા લેવાયેલ ધો.૧૦ની પરીક્ષામાં વેદાંતકુમાર પ્રવિણચંદ્ર જાનીએ ૯૯.૨૮ પીઆર અને ૯૪.૬૬ ટકા પ્રાપ્ત કર્યા છે. સાથે ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી સમગ્ર રાજ્યમાં ગણિત વિષયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જાની પરિવારનું ગૌરવ વધાર્યું છે. ઉત્કૃષ્ટ પરિણામ બદલ સ્નેહીજનો શુભેચ્છા સાથે અભિનંદન પાઠવે છે






# અટલસરોવર, બાલભવન સહિતના સ્થળે ડેંગ્યુ સામે જનજાગૃતિ અભિયાન

### શેરી નાટક અને પપેટ શો યોજાયા : ૪૫૭૪ લોકોને માર્ગદર્શન આપતો આરોગ્ય વિભાગ : રેલી અને પત્રિકા વિતરણ

રાજકોટ, તા. ૧૭

મહાનગરપાલિકાની આરોગ્ય શાખા, મેલેરિયા વિભાગ દ્વારા ૧૬ મે, 'રાષ્ટ્રીય ડેંગ્યુ દિવસ'ની વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરી જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

હુડકો શાર્ક માર્કેટ, રણુજા મંદિર, રણછોડદાસ આશ્રમ, દક્ષિણ મામલતદાર કચેરી સહિતના જાહેર સ્થળોએ વોર્ડવાઇઝ ૧૮ સ્થળોએ જાહેર પ્રદર્શનમાં મચ્છરના પોરા, અટકાયતી પગલા અંગે ૨૮૪૮ લાભાર્થીઓને માહિતી આપી ૩૧૮૭ લોકોને પત્રિકા વિતરણ કરાયું હતું. જયારે સાંજના સમયે અટલ સરોવર, બાલભવન જેવા જાહેર સ્થળો સહિત વોર્ડ વાઇઝ ૧૮ સોસાયટી અને જાહેર સ્થળોએ ૧૫૮૫ લાભાર્થીઓને મેલેરિયા રોગ વિષયક માહિતી તથા ૧૯૨૨ પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું.

નંદનવન હાઇટસ, રણુજા મંદિરની સામે મેલેરિયા વિભાગના કર્મચારીઓ દ્વારા ડેન્ગ્યુ વિષયક શેરી નાટકમાં ૭૭ લોકોને રોગ વિષયક માહિતી અપાઇ હતી તો લલુડી વોકળીની આંગણવાડી ખાતે આરોગ્ય શાખાના કર્મચારી દ્વારા પપેટ શો ૬૪ લોકોને માહિતગાર કરાયા હતા. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતેથી આરોગ્ય શિક્ષણ, પત્રીકા વિતરણ તથા ૨૩ આરોગ્ય કેન્દ્ર ખાતેથી પત્રીકા વિતરણ તથા રેલી યોજી આરોગ્ય શિક્ષણના કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

### મીરામ્બિકા કન્યા વિદ્યાલયનું ધો.૧૦નું ૯૧.૪૯% અને ધો.૧૨નું ૯૭.૮૩% પરીણામ



મીરામ્બિકા કન્યા વિદ્યાલયનું ધોરણ-૧૦ નું પરીણામ ૯૧.૪૯% અને ધોરણ-૧૨ નું પરીણામ ૯૭.૮૩% આવેલ છે, જેમાં ધોરણ-૧૦ માં ૯૦+ PR મેળવનાર ૧૪ વિદ્યાર્થીનીઓ તથા A1 ગ્રેડ મેળવનાર ૪. વિદ્યાર્થીનીઓએ શ્રેષ્ઠ પરીણામ મેળવેલ છે. શાળા પ્રથમ કાલરીયા હેત્વી ૯૯.૨૧PR. શાળા દ્વીતીય જાદવાણી હની ૯૮.૩૬ PR, શાળા દ્વીતીય ઝાલા શ્રીયા ૯૮.૩૬ PR, શાળા તૃતીય સોલંકી મીરલ ૯૬.૭૬ PR. ધોરણ-૧૨ માં ચાવડા ઊર્મિલા જેઓએ એકાઉન્ટ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે. શાળા પ્રથમ ચૌહાણ મોનાલી ૯૬.૯૦ PR, શાળા દ્વીતીય પરમાર ખુશી ૯૬.૫૮PR, શાળા તૃતીય સોરાણી અવની ૯૪.૮૩ PR મેળવ્યા છે.



# શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન આયોજિત રકતદાન કેમ્પમાં પ્રજ્ઞાચક્ષુ નિરવ પંડ્યાએ કર્યું રકતદાન

## કેમ્પમાં પ્રજ્ઞાચક્ષુ નિરવ પંડ્યાએ કર્યું રકતદાન

રાજકોટ, તા.૧૭

રાજકોટ સિવિલ બ્લડ બેંકમાં તમામ પ્રકારના બ્લડની અછત રહેતી હોય છે ત્યારે જરૂરીયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી સ્વ. મેનાબેન અંકુરભાઇ દોંગાની ચોથી પુણ્યતિથિ અને સ્વ. ધીરજલાલ પાદરીયાની બીજી પુણ્યતિથિ નિમિત્તે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી મહારક્ત કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ૧૫૩ બલડની બોટલ્સ રાજકોટ સિવિલ હોસ્પીટલને અર્પણ કરવામાં આવી હતી. આ કેમ્પમાં પોસ્ટ ઓફિસમાં સર્વિસ કરતાં પ્રજ્ઞાચક્ષુ નિરવભાઇ પંડ્યાએ રક્તદાન કરેલ જેઓ નિયમિત દર ત્રણ મહિને રક્તદાન કરે છે. આ ઉપરાંત ધારાસભ્ય રમેશભાઇ ટીલાળાએ હાજરી આપી રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

### પ્રણવાનંદ સંસ્કૃત ભવન રેસકોર્ષ ખાતે શાસ્ત્રોક્ત વકતવ્ય

પ્રણવાનંદ સંસ્કૃત ભવન ભારત સેવક સમાજ રેસકોર્ષ ખાતે આવતીકાલે શનિવારના રોજ ચંદ્ર-સૂર્ય ગ્રહણના સમયે સ્નાનનું પુણ્ય કુળ મેળવો વિષય પર શાસ્ત્રોક્ત વકતવ્ય વકતા નિશીથભાઇ ઉપાધ્યાય દ્વારા સાંજે ૬ થી ૭ કલાકે નિઃશુલ્ક આપવામાં આવશે.

# બિનઉપયોગી વસ્તુમાંથી નવી વસ્તુ બનાવતા બહેનો




વોર્ડ નં.૨ ખાતે રાજીવનગર તથા સંજયનગર વિસ્તારનાં સ્વ-સહાય જૂથની બહેનો માટે ઘરમાં પડી રહેલ બિનઉપયોગી વસ્તુઓમાંથી નવીનતમ વસ્તુઓ બનાવવા માટે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વેસ્ટ પૂઠામાંથી સુશોભિત વોલફ્રેમ, જુના કપડા, કાપડમાંથી ફેબ્રીક જવેલેરી, તોરણ, ટોડલીયા વગેરે વેસ્ટ વસ્તુઓનો સદુપયોગ કરીને તેનું નવીનીકરણ કરવા માસ્ટર તેજલબહેન પોપટ દ્વારા તાલીમ આપવામાં આવેલ હતી. કામગીરીને સફળ બનાવવા પ્રોજેક્ટ ઓફિસર કાશ્મિરા વાઢેરનાં માર્ગદર્શનમાં સીનીયર કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર જીતુભાઈ વ્યાસ, દિપ્તીબેન આગરીયા, શ્રીમતી નયનાબેન કાથડ તથા મેનેજર શાંતિલાલ બથવાર અને સમાજ સંગઠક ધર્મેશભાઈ સુમેરાએ જહેમત ઉઠાવેલ હતી.

# એમેઝોને સ્ટાર્ટઅપ્સ માટે ગ્લોબલ બિઝનેસ એકસીલરેટર પ્રોપેલની ચોથી સિઝન જાહેર

### ૨૦૨૪માં વૈશ્વિક બજારોમાં ૫૦ ભારતીય સ્ટાર્ટઅપ્સ લોન્ચ કરવાનું લક્ષ્ય

રાજકોટ, તા.૧૭



એમેઝોન ઈન્ડિયાએ કન્ઝયુમર પ્રોડક્ટ્સ ક્ષેત્રે સ્ટાર્ટઅપ્સ માટે ગ્લોબલ બિઝનેસ એકસીલરેટર પ્રોપેલની ચોથી સિઝનના લોન્ચિંગની આજે જાહેરાત કરી હતી. આ અનોખો પ્રોગ્રામ ઊભરતી ભારતીય બ્રાન્ડ્સ અને સ્ટાર્ટઅપ્સને ઈકોમર્સ એક્સપોર્ટ્સનો ઉપયોગ કરીને વિશ્વભરના ગ્રાહકો સુધી પહોંચાડવા માટે સમર્પિત ટેકો પૂરો પાડવા માટે તૈયાર કરવામાં આવ્યો છે. પ્રોપેલ એસ૪ આંતરરાષ્ટ્રીય બજારોમાં ૫૦ જેટલા સ્ટાર્ટઅપ્સને લોન્ચ માટે અને ભારતથી ગ્લોબલ બ્રાન્ડ્સ ઊભી કરવા માટે ટેકો પૂરો પાડશે. ભાગ લેનારા સ્ટાર્ટઅપ્સને એડબ્લ્યુએસ એક્ટિવેટ ક્રેડિટ્સ, છ મહિનાની ફ્રી લોજિસ્ટિક્સ અને અકાઉન્ટ મેનેજમેન્ટ સપોર્ટ ઉપરાંત ટોચના ૩ વિજેતાઓ માટે એમેઝોન તરફથી ૧ લાખ ડોલરની સંયુક્ત ગ્રાન્ટ સહિત ૧.૫ મિલિયન ડોલરથી વધુના કુલ રિવાર્ડ્સ જીતવાની તક મળશે. ભાગ લેનારા સ્ટાર્ટઅપ્સને એમેઝોન કલબ, વેલોસિટી અને ગેટવેન્ટેજ નામની ભારતીય આવક આધારિત ધિરાણ કંપનીઓ સાથે કનેક્ટ કરવામાં પણ મદદ કરશે જેઓ તેમના બિઝનેસને વધારવા માટે ભાગ લેનાર સ્ટાર્ટઅપ્સને વિશેષ ઓફર્સ પૂરી પાડશે.

# જામનગરમાં પવનની આંધીથી ડમરી ઉડીઃ કેટલાક વિસ્તારોમાં હળવું ઝાપટું






જામનગરમાં ગઈકાલે સાંજે ૪ વાગ્યા બાદ વાતાવરણમાં અચાનક આવેલા પલ્ટાને કારણે મીની વાવાઝોડાની સ્થિતિ સર્જાઈ હતી. વાદળોના ગડગડાટ વચ્ચે એક વખત વીજળીના કડાકાથી શહેર ગુંજી ઉઠ્યું હતું. અર્ધા- પોણા કલાકની તોફાની સ્થિતિ બાદ વાતાવરણ પુનઃ શાંત થઈ જવા પામ્યું હતું. જયારે લાલપુરમાં છાંટા પડયા હતા. જામનગર શહેરની વાત કરીએ તો આવી કાળઝાળ ગરમી વચ્ચે ગુરૂવારે સાંજે ૪ વાગ્યા બાદથી વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો અને મીની વાવાઝોડા જેવા પવનને કારણે શહેરભરના રસ્તાઓ પર ધુળની ડમરીઓ છવાઈ હતી. આકાશમાં કાળા વાદળો છવાયા હતા. સાંજે ૪:૪૫ વાગ્યે વિજળીના જોરદાર કડાકાને શહેર કંપી ઉઠ્યું હતું. આ સ્થિતિ થોડીવાર બાદ શાંત થઈ ગઈ હતી. શહેરના નગરસીમ વિસ્તારમાં દરેડ ,ગોકુલનગર, થી સાત રસ્તા સુધી,કૃષ્ણ નગર, સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટા થયા હતા. શહેરના અનેક વિસ્તારમાં વરસાદી છાંટા તો ન પડયા પરંતુ ભારે પવન બાદ શહેરની ગરમીમાં ઘટાડાનો લોકોને અનુભવ થયો હતો. અર્ધા કલાકના તોફાન બાદ ફરી તડકો આવવો શરૂ થયો હતો. (તસ્વીરઃ હિતેષ મકવાણા)

## વિરપુરમાં જય જલારામ માર્કેટિંગના નામે સ્કીમ કાઢી, રોકાણકારોના રૂપિયા લઈ ત્રિપુટી ફરાર

### આશરે ૧૫૦૦ લોકો સાથે છેતરપીંડી થયાનો આક્ષેપ, એસપીને રજુઆત : અનિલ માટીયા, લાલભાઈ મેવાડા, ભુપત બાંભવા સામે નામ જોગ આરોપ

રાજકોટ, તા.૧૭

વિરપુરમાં જય જલારામ માર્કેટિંગના નામે સ્કીમ કાઢી, અનેક રોકાણકારોના રૂપિયા લઈ ત્રિપુટી ફરાર થઈ જતા રાજકોટ જિલ્લા ગ્રામ્ય એસપીને રજુઆત કરવામાં આવી છે. આશરે ૧૫૦૦ લોકો સાથે છેતરપીંડી થયાનો આક્ષેપ છે. આ સ્કીમ ચલાવતા અનિલ માટીયા, લાલભાઈ મેવાડા, ભુપત બાંભવા સામે નામ જોગ આરોપ લગાવાયા છે.

આ અંગે મળતી વિગત મુજબ, વિરપુરમાં ડેઈલી બચત સ્કીમ સહિત જુદી જુદી સ્કિમોના નામે ૧૫૦૦થી વધુ અરજદારો પાસે કરોડો રૂપિયાની ઉઘરાણી કરીને જય જલારામ માર્કેટિંગ પેઢીના ત્રણ સંચાલકોએ દેવાળું ફુંકીને ઉઠી જઈને અરજદારોને રૂપિયા પરત આપ્યા વગર ઓફિસને તાળા મારી અલોપ થઈ ગયા હતા. સ્કીમમાં ફસાયેલા પૈસા મુદ્દે સ્થાનિક વિરપુર પોલીસે કોઈ કાર્યવાહી ન કરતા, મહિલા અરજદારે રાજકોટ ગ્રામ્ય એસપી જયપલસિંહ રાઠોડને લેખિતમાં રજૂઆત કરી છે. ન્યાયિક કાર્યવાહી નહીં કરે તો, હાઈકોર્ટના દ્વાર ખખડાવાની ચીમકી આપી છે. ઉલ્લેખનીય છે કે આ ત્રણેય સંચાલકોએ જલારામ ભક્તો હોવાનું કહી સ્કીમની ડાયરીમાં પૂ.જલારામ બાપનો ફોટા છાપીને વિશ્વાસે પૈસા લીધા બાદ અરજદારો સાથે






**પોલીસ સમયસર કાર્યવાહી નહીં કરે તો હાઈકોર્ટના દ્વાર ખખડાવવાની મહિલા અરજદારની ચીમકી**

વિશ્વાસઘાત કર્યો હતો. આ સ્કીમથી ખુદ વિરપુરના જલારામ ભક્તોમાં પણ નારજગી પ્રવર્તી રહી છે. રજુઆત મુજબ, વિરપુરના ૧૫૦૦ જેટલા ગ્રામજનો પાસે ડેઈલી બચત સ્કીમના નામે જય જલારામ માર્કેટિંગ નામની પેઢીના ત્રણ સંચાલકોએ કરોડોનું ફુલેકું ફેરવ્યું છે. કાજલબેન જયસુખભાઈ સરવૈયા(રહે.એસ.બી.આઈ બેંકની પાછળ, વિરપુર)એ અરજીમાં જણાવ્યું છે કે, અમારા ગામમાં જય જલારામ માર્કેટિંગ નામે ડેઈલી બચતની સ્કીમ ચાલતી હતી. આ સ્કીમ અનિલ માટીયા, લાલભાઈ મેવાડા, ભુપત બાંભવા ચલાવતા હતા. બચતમાં અમે પણ સભ્ય હતા. અમે મહિને ૪૦૦૦ આપતા હતા. તેઓ અમારી બચત સ્કીમની ડાયરીમાં સહી કરી આપતા હતા. અમે રૂ.૧,૦૧,૫૦૦નું રોકાણ કરેલ છે. આ ત્રણેય સંચાલકોએ પોતાની ઓફિસને રાતો રાત તાળાં મારીને દીધા હતા. આ કૌભાંડમાં ત્રણેય આરોપી સામે આઈપીસી ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦ બી સહિતની કલમો હેઠળ ગુનો નોંધવા માંગ છે.

**જય ખોડિયાર મિત્ર મંડળના નામે સ્કીમ જાહેર થયેલી ત્યારે પણ અનિલ માટીયાનું નામ સામે આવેલું**

ઉલેખનીય છે કે, અગાઉ વિરપુર પંથકના ખોડીયાર મિત્ર મંડળના કર્મચારી યુવાને ૧૫૦૦ જેટલા રોકાણકારોને રૂપિયા પરત આપવા જય જલારામ મિત્ર મંડળના નામે ૧૦૦૦ જેટલા લોકો પાસે રોકાણ કરાવ્યું હતું. જય ખોડિયાર મિત્ર મંડળના રાજુ મેવાડા નામે ઠીકરું ફોડીને મુખ્ય સંચાલક અનિલ માટીયાએ વર્ષ ૨૦૨૩માં ઝેરી દવા પી લીધી હતી, અને હોસ્પિટલમાં દાખલ થયો હતો. એ સ્કિમના ઘા હજુ તાજા છે ત્યાં આ કૌભાંડ થયાનો આક્ષેપ છે.


## મોરબી-ટંકારા પંથકમાં સોલાર પેનલ, હોર્ડિંગ્ઝ, વૃક્ષ ઉડ્યાઃ ચોમાસા જેવો માહોલ

### જિલ્લામાં ભારે પવન-ધૂળની આંધી સાથે મીની વાવાઝોડું: ટંકારામાં સવા ઈંચ-મોરબીમાં અડધો ઈંચ વરસાદ: ઠેર-ઠેર પાણી ભરાતા પ્રિ-મોન્સુન કામગીરી સામે સવાલ

(જીગ્નેશ ભટ્ટ) મોરબી તા.૧૭

મોરબી જિલ્લામાં ગુરુવારે બપોરે ધોમ ધખતો તાપ હતો અને લોકો ગરમીમાંથી રાહત મળે તેના માટેના ઉપાય શોધતા હતા તેવામાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ત્રણેક વાગ્યાના અરસામાં મોરબી જિલ્લાના મોરબી અને ટંકારા તાલુકામાં ભારે પવન શરૂ થયો હતો અને ત્યારબાદ કમોસમી વરસાદ શરૂ થયો હતો અને કેટલાક વિસ્તારની અંદર કરા પણ પડ્યા છે જેથી કરીને નુકસાની થઈ હોવાની માહિતી સામે આવી રહી છે ભારે પવનના લીધે કારખાનામાં પતરા તૂટી ગયા, રોડ ઉપર હોર્ડીંગ અને રોરિંગ વૃક્ષ તૂટી ગયા હતા તેમજ સોલાર પેનલ પણ ઉડી ગઈ હોય તેવા સમાચાર સામે આવ્યા છે જોકે સદનશીબે આ કમોસમી વરસાદ અને ભારે પવન દરમ્યાન જીલ્લામાં કોઈ જગ્યાએ કોઈ વ્યક્તિને ઈજા કે જાનહાની થઈ હોય તેવી કોઈ માહિતી હજુ સુધી સામે આવી નથી

રાજ્યના હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી અને તે મુજબ જ રાજ્યના જુદા જુદા જિલ્લા અને તાલુકાની અંદર વરસાદ પડ્યો છે તેવું જોવા મળે છે મોરબી જિલ્લામાં ગુરુવારે બપોરે બે વાગ્યા સુધી મોરબી જિલ્લાની અંદર આકરો તાપ હતો જેથી કરીને લોકો ગરમીમાંથી રાહત મળે






તેના માટે થઈને ઉપાય શોધતા હતા તેવામાં અઢીથી ત્રણ વાગ્યાની વચ્ચે અચાનક જ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ભારે પવન શરૂ થયો હતો.

ભારે પવનના કારણે ધૂળની ઉડી હતી તેમજ કેટલીક જગ્યાએ ભારે પવનના કારણે હોર્ડીંગ બોર્ડ તેમજ વૃક્ષો તૂટી પડ્યા છે અને કારખાનાના સેડ ઉપર કેટલીક જગ્યાએ પતરા પણ ઉડી ગયા છે અને ભારે પવન સાથે કરા સાથેનો કમોસમી વરસાદ શરૂ થયો હતો ત્યારે મોરબીની વાત કરીએ તો મોરબીમાં ગણતરીની મિનિટોમાં ૧૦ એમએમ જેટલો વરસાદ નોંધાયો છે જોકે વરસાદી પાણીના જે વર્ષો જૂના નિકાલ છે તેને પાલિકા તંત્ર દ્વારા ચોમાસુ માથે આવી ગયું છે તો પણ સાફ કરવામાં આવેલ નથી જેથી કરીને અનેક વિસ્તારોની અંદર વરસાદી પાણી ભરાઈ ગયા છે જેમાં સનાળા રોડ,નહેરૂગેટ ચોક, માધાપરા, મહેન્દ્રપરા, અરૂણોદયનગર વિસ્તાર વગેરે જેવા વિસ્તારોમાં કમોસમી વરસાદના તળાવ ભરાઈ ગયા હતા અને પાલિકા તંત્ર જાણે કે તમાશો જોતું હોય તેવો ઘાટ સર્જાયો છે.

ટંકારા

જો ટંકારાની વાત કરીએ તો ટંકારા તાલુકામાં ભારે પવન સાથે કમોસમી વરસાદ પડયો હતો અને ગણતરીની મિનિટમાં ૩૩ એમએમ જેટલો વરસાદ ટંકારા તાલુકામાં નોંધાયો છે અને સ્થાનિક લોકો પાસેથી જાણવા મળતી વિગત પ્રમાણે વરસાદ શરૂ થયો ત્યારે પહેલા ભારે પવન શરૂ થયો હતો અને ભારે પવનના કારણે ટંકારા નજીક આવેલ આઈટીઆઈની છત ઉપર મૂકવામાં આવેલ સોલાર પેનલ આખી તૂટી પડી હતી તે ઉપરાંત લક્ષ્મી કોટન મિલનો પતરાનો સેડ છે તેમાંથી કેટલાક પતરા ભારે પવનના કારણે ઉડી ગયા હતા.

તેવી જ રીતે ટંકારા વિસ્તારમાં આવેલ પોટરી ફાર્મના શેડના પતરાં પણ ઉડી ગયા હતા અનેક જગ્યાએ નાના મોટા હોર્ડીંગ બોર્ડ અને તોતિંગ વૃક્ષ તૂટી પડ્યા હતા તેવી વિગતો ટંકારા તાલુકામાંથી મળી રહી છે વધુમાં મળતી વિગત પ્રમાણે ભારે પવન સાથે વરસાદ શરૂ થયો આટલું જ નહીં પરંતુ આકાશમાંથી કરા પડ્યા હતા જેથી કરા પડવાના કારણે પણ કેટલીક જગ્યાએ પતરા તૂટી ગયા છે.

જોકે સદનસીબે કમોસમી વરસાદ અને ભારે પવનના કારણે જે પરિસ્થિતિ સર્જાઈ હતી તેમાં ટંકારા તાલુકા કે મોરબી જિલ્લામાં કોઈ વ્યક્તિને ઈજા કે કોઈ જાનહાની થઈ હોય તેવી વિગત સામે આવેલ નથી.

## ખેડૂત પિતા-પુત્ર પાસે રૂા.૧૫ લાખની ખંડણી મંગાઈ

**કાલાવડ તાલુકાના આણંદપર ગામે રહેતા શખ્સે પીઠડીયા ગામના અન્ય એક શખ્સ સાથે મળીને નાણા પડાવવા તરકટ રચ્યુંઃ પોલીસે ગુન્હો નોંધી બન્ને આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી**

જામનગર તા.૧૭: જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના આણંદપર ગામે ખળભળાટ મચાવતી ઘટના સામે આવી છે. ગામમાં જ રહેતાં એક ખેડૂત પિતા-પુત્ર પાસે બે શખ્સોએ રૂપિયા એ-બે લાખ નહીં પરંતુ ૧૫ લાખની ખંડણી માંગતા બન્ને શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ખેડૂત પિતા-પુત્રને જમીન વેચાણના ચાર કરોડ રૂપિયા આવ્યા હોવાની આ બન્ને શખ્સોને જાણ થતાં ખંડણી માંગી હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ બન્ને શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકેથી આ બનાવની જાણવા મળતી વધુ વિગત અનુસાર જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના આણંદપર ગામમાં રહેતાં અને ખેતી કામ કરતાં ધિરૂભાઈ હરજીભાઈ જેસડિયા (ઉ.વ.૫૫) નામના ખેડૂતે કાલાવડ ગ્રામ્ય પોલીસમાં પોતાને અને પોતાના પુત્ર જયને તેના જ ગામના વિશાલ કારાભાઈ રાખસિયા તેમજ પીઠડિયા ગામના દિનેશભાઈ નામના બે શખ્સો દ્વારા ટેલિફોન ઉપર તેમજ ઘર પાસે આવીને ધાક ધમકી આપી અને રૂપિયા ૧૫ લાખની ખંડણી માંગ્યા અંગેની ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જણાવાયા અનુસાર ધિરૂભાઈએ આજથી એકાદ વર્ષ અગાઉ પોતાની ખેતીની જમીન રાજકોટના એક વ્યક્તિને વેચી હતી. જે પેટે રૂપિયા ચાર કરોડ જેવી રકમ આવી હતી. આ રકમ મળી હોવાની જાણ વિશાલભાઈ અને દિનેશભાઈના કાને પહોંચી હતી. જેથી બન્ને શખ્સોએ ફોન મારફત ધાકધમકી આપી ૧૫ લાખ રૂપિયા ખંડણી પેટે માંગ્યા હતાં. પરંતુ ધિરૂભાઈએ આ માંગણી ન સ્વિકારતા બન્ને આરોપીઓએ ખેડૂતને ઘરે આવીને દરવાજામાં લાતો મારી ખેડૂત પિતા-પુત્ર પાસે પૈસાની માંગણી કરતા હતાં. આખરે ધિરૂભાઈએ આ ખંડણીખોરોથી કંટાળી આ બન્ને શખ્સો વિરૂધ્ધ કાલાવડ ગ્રામ્ય પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેથી કાલાવડ ગ્રામ્ય પોલીસે આ બન્ને શખ્સો સામે આઈપીસી ક્રમ ૩૮૫, ૨૯૪(ખ), ૫૦૬(૧) અને ૧૧૪ મુજબ ગુન્હો નોધી નાશી ગયેલા આ બન્ને ખંડણીખોરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. આ બનાવને પગલે નાના એવા આણંદપર ગામમાં ભારે ચકચાર જાગી છે.

## સ્માર્ટ વીજમીટર લગાવતા પહેલા લોકોને જાગૃત કર્યા છે? ફરિયાદો હોય તો શું કરવાનું? : RTI હેઠળ માહિતી મંગાઈ

### જામનગરમાં ઉંચા બીલના હોબાળા વચ્ચે શિક્ષણ સમિતિના પૂર્વ સભ્યની પીજીવીસીએલને અરજી : કાનુની વિવાદ થવાના એંધાણ

જામનગર તા.૧૭:

જામનગર શહેરમાં વિવિધ વિસ્તારોમાં વીજ કંપની દ્વારા અચાનક ફરજીયાતના ધોરણે માત્ર પ્રિ-પેઈડ જ કામ કરે તેવા સ્માર્ટ વીજ મીટરો નાંખી દેતાં લોકોએ વીજ કચેરીમાં જઈને હોબાળો મચાવ્યા બાદ આ મામલે લોકોમાં ઘણા પ્રશ્નો ઉઠયા છે. ત્યારે નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના પુર્વ સભ્ય નીતિન માડમએ વીજ તંત્ર સમક્ષ માહિતી અધિકારની અરજી દ્વારા સાત મુદાના જવાબો માંગ્યા છે.



પીજીવીસીએલના જાહેર માહિતી અધિકારી સમક્ષ નિતિન માડમએ માહિતી માંગતી અરજી કરીને પ્રિ-પેઈડ સ્માર્ટ વીજ મીટર અંગે સરકારના કોઈ પણ જીઆરની નકલ, સ્માર્ટ વીજ મીટરો ફીટ કરવાની કામગીરી અગાઉ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા લોક જાગૃતિના જે કોઈ સેમીનાર યોજવામાં આવ્યા હોય, સરકારના કોઈ પ્રતિનિધિ કે કર્મચારી હાજર રહ્યા હોય તેવા કાર્યક્રમોના ફોટોગ્રાફસ, વીડીયોગ્રાફી કે અખબારોના માધ્યમથી કોઈ જનજાગૃતિની પ્રવૃત્તિ કરવામાં આવી હોય તો તેની વિગત, સ્માર્ટ વીજ મીટર અંગે કોઈ ખાનગી કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. તો તેના તથા પીવીવીસીએલ તથા સરકાર વચ્ચે થયેલા કરારની નકલ, આવા મીટરો ગ્રાહકની પરવાનગી પછી લગાવવામાં આવે છે ? જો ગ્રાહકો દ્વારા પરવાનગી અપાઈ હોય તો તે પરવાનગીની નકલ, શહેરના ક્યા વિસ્તારથી સ્માર્ટ વીજ મીટરો લગાવવાની શરુઆત કરવી તેના પ્લાનની વિગતો તેમજ પ્લાન બનાવવા માટે જે તે અધિકારીઓની સુચના મુજબ જે આધારો અને માપદંડો નક્કી કરવામાં આવ્યા હોય તેની વિગતો, નવા સ્માર્ટ મીટરો અંગે કઈપણ ક્ષતિઓ, ફરિયાદો હોય તો તેના ઉકેલ માટે વીજ તંત્ર દ્વારા શું વ્યવસ્થા કરવામાં આવી છે ? તેની સંપુર્ણ વિગતો માંગી છે. જામનગર શહેરમાં ફરજીયાત પ્રિ-પેઈડ સ્માર્ટ વીજ મીટરોનો મામલો ધીમે ધીમે વધુ ચકચારી બનતો જાય છે. આગામી દિવસોમાં આ મામલે બીનરાજકીય કાનુની લડત સર્જાય તો નવાઈ નહીં.

## ખેડૂત પાસેથી દોઢસોની લાંચ લેતા વી.સી.ઈ. ઝડપાયો

જામનગર તા.૧૭: જામનગરમાં વ્યાપેલા ભ્રષ્ટાચારનો ભાંડો ફૂટ્યો છે. જામનગરના મોરકાંડામાં ખેડૂતો પાસેથી ૧૫૦ ની લાંચ લેતો VCE એસીબીની ઝપટમાં એવી ગયો હતો. દાખલા કઢાવવા રૂપિયાની માંગ કર્યા બાદ ૧૫૦ રૂપિયા ની લાચ સ્વીકારતા શખ્સને જામનગર એ.સી.બી.એ ઉઠાવી લીધો હતો.



મોરકંડા ગામની ગ્રામ પંચાયત એ નિમણૂક કરેલ વીસીઈ દ્વારા ખેડૂતોને તેઓના ખેતરના ૭- અ ,૧૨,તથા હકપત્ર -૬ મુજબના દાખલા કાઢી આપવાના એક દાખલા ના રૂ.૫/- ખેડૂતો પાસેથી સરકારના નિયમોનુસાર લેવાના હોય છે,પરંતુ આ વીસીઈ ખેડૂતો પાસેથી એક દાખલા ના રૂપિયા ૫ લેવાના બદલે રૂપિયા ૧૦ લેતા હતા. આથી આ હકીકત આધારે વોચ રાખી ડિકોયરનો સહકાર મેળવી લાંચના ડિકોય છટકાનું આયોજન કર્યું હતું.જોકે જાગૃત નાગરિક આ રકમ આપવા ઈચ્છતા ન હોવાથી તેઓએ એસીબીનો સંપર્ક કર્યો હતો. જેને છટકુ ગોઠવી મોરકંડા ગ્રામ પંચાયત બિલ્ડીંગમાં રૂપિયા સ્વીકારતા એસીબીએ રંગે હાથ પકડી પાડ્યો હતો. આ છટકા દરમ્યાન આ કામના આરોપી નવીનચંદ્ર માધવજીભાઈ નકુમ, ગ્રામ પંચાયત વીસીઈ(કોમ્પયુટર ઓપરેટર) મોરકંડા ગ્રામ પંચાયત, (રહે મોરકંડા તા. જી. જામનગર , કરાર આધારીત) એ ખેડૂતો પાસેથી દાખલા કઢાવવાના નામે ૧૫૦ ની લાંચ માંગી હતી. જે સ્વીકારતા રંગે હાથ ઝપટે ચડ્યો હતો.

આ દરમ્યાન ડિકોય કરનાર અધિકારી ઈન્ચાર્જ જામનગર એ.સી.બી. પોલીસ સ્ટેશન પીઆઈ એમ. ડી.પટેલ, સુપર વિઝન અધિકારી કે.એચ.ગોહિલ, (મદદનીશ નિયામક, ઈન્ચાર્જ રાજકોટ એ.સી.બી.એકમ, રાજકોટ) સહિતનો સ્ટાફ જોડાયો હતો.

## શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા રવિવારે સ્પર્ધાત્મક પરીક્ષા અંગે નિઃશુલ્ક માર્ગદર્શન સેમીનારનું આયોજન

રાજકોટ તા.૧૭

શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન (એસપીસીએફ) દ્વારા તા.૧૯ના રવિવારના રોજ સરદાર પટેલ ભવન ખાતે નિઃશુલ્ક માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે.

જીપીએસસી કલાસ ૧,૨ અને સ્ટેટ ટેકસ ઈન્સ્પેકટરની વર્ષાન્તે આવનાર ભરતી અંતર્ગત સરદાર પટેલ ભવન રાજકોટ ખાતે નિષ્ણાંતો દ્વારા નિઃશુલ્ક માર્ગદર્શન સેમીનારનું તા.૧૯ના રવિવારના રોજ ઓડીટોરીયમ સરદાર પટેલ ભવન ચંદ્રેશનગર પાણીના ટાંકાની સામે ન્યુ માયાણીનગર મવડી મેઈન રોડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ સંસ્થાના ત્રાણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ડો. દિનતાબેન કથીરીયા (ડીસ્ટ્રીકટ સપ્લાય ઓફીસર કલાસ-૧ અમદાવાદ) ડો. ભાવીનભાઈ કથીરીયા (વહીવટી અધિકારી કલાસ-૨ ગાંધીનગર), ડો. તેજભાઈ બાણુગરીયા (ડેપ્યુટી મામલતદાર/ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાજકોટ) પોતાના અનુભવો થકી માર્ગદર્શન આપશે. રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. રજીસ્ટ્રેશન કરાવવા માટે ૭૦૬૯૯ ૨૯૨૯૫ પર સંપર્ક કરવો.

## કોઠારિયા રોડ નજીક રહેતાં મનસુખભાઈ જોટંગીયાનું હાર્ટ એટેક આવતાં મોત

રાજકોટ, તા.૧૭



કોઠારિયા રોડ નજીક રહેતાં મનસુખભાઈ જોટંગીયાનું હાર્ટ એટેક આવતાં મોત નિપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી.

બનાવની વિગત મુજબ મનસુખભાઈ હરિભાઈ જોટંગીયા (ઉ.વ.૫૪, રહે. ઘનશ્યામ નગર મેઈન રોડ આંબેડકર નગરના ગેટ પાસે કોઠારિયા રોડ, રાજકોટ) નામનાં પ્રૌઢ આજે સવારે પોતાના ઘરે હતાં ત્યારે અચાનક બેભાન થઈ જતાં બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતક બેભાઈમાં મોટાં હતા. ગેરેજના વ્યવસાય સાથે સંકળાયેલ હતાં. તેઓને સંતાનમાં એક દિકરી છે. તેમજ તેઓનો એક પુત્ર અગાઉ મૃત્યુ પામ્યો છે. હાર્ટ એટેક આવ્યો હોવાનું મૃતકનાં પરિવારજનોએ જણાવ્યું હતું.

## મોરબીમાં બોગસ સીકયુરીટી એજન્સી ચલાવતો રાજકોટનો શખ્સ ઝડપાયો

(જીગ્નેશ ભટ્ટ) મોરબી તા.૧૭

એસઓજીના સ્ટાફ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.જેમાં મોરબીના લીલાપર કેનાલ રોડ ઉપર આવેલ કલાસિક પાર્ટી પ્લોટના ગેઈટ પાસેથી રાજેશભાઇ નાથાલાલ ચાવડા મોચી (ઉમર ૫૪) ધંધો પ્રાઈવેટ સિક્યુરિટી કોન્ટ્રાક્ટર રહે.શીતલ પાર્ક ૧૫૦ ફૂટ રીંગ રોડ બજરંગવાડી પાછળ રાજકોટ વાળાની પૂછપરછ કરવામાં આવી હતી પાર્ટી પ્લોટ ખાતે તે છેલ્લા દસ દિવસથી સિક્યુરિટીના માણસો પૂરા પાડતો હોવાનું સામે આવ્યું હતું.જોકે તેની પાસે સિક્યુરિટી એજન્સી ચલાવવા બાબતે નિયમ અનુસાર આધાર-લાયસન્સ ન હોય તેના વિરુદ્ધ જીહેરનામા ભંગ સબબ કાર્યવાહી કરવામાં આવી હતી.જેની આગળની તપાસ એ ડિવિઝનના એએસઆઈ જે.એ.ઝાલાને સોંપવામાં આવેલ છે.

## વકિલ હારૂન પલેજા હત્યા કેસના વધુ એક આરોપી અશગર સાયચાની ધરપકડ

જામનગર તા.૧૭:

જામનગરના એડવોકેટ હારૂન પલેજા ની હત્યા નીપજાવવા અંગેના અતિ ચકચારજનક પ્રકરણમાં સીટી બી. ડિવિઝન પોલીસે ૧૫માં અને અંતિમ આરોપીની અટકાયત કરી લીધી છે, અને રિમાન્ડ પર લેવા કાર્યવાહી હાથ ધરી છે. જામનગરના બેડી વિસ્તારમાં રહેતા એડવોકેટ હારુન પલેજા ની આજથી બે માસ પહેલાં સરાજાહેર હત્યા નીપજાવવામાં આવી હતી, જે હત્યા પ્રકરણમાં ૧૫ આરોપીઓ સામે પુરવાઈજિત કાવતરું ગળી હત્યા નીપજાવવા અંગેનો સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. અગાઉ સિટી બી. ડિવિઝન પોલીસ દ્વારા કુખ્યાત સાયચા ગેંગના ૧૪ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી હતી, અને



તમામ આરોપીઓ હાલ જેલવાસ ભોગવી રહ્યા છે.

જે પ્રકરણના ૧૫માં અને અંતિમ આરોપી અસગર જુસબ સાયચા ની આજે સીટી બી. ડિવિઝન પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી છે, અને તેને રિમાન્ડની માંગણી સાથે અદાલતમાં રજૂ કરવામાં આવી રહ્યો છે.

## ઉદયનગરમાં સ્ત્રી મિત્રએ પૈસા ન આપતા અજયએ જયશ્રી પર ધોકાથી હુમલો કર્યો

### બંને સાથે રહે છે અને કડીયા કામની મજૂરી કરે છે, સવારે ૪૦૦ આપ્યા પછી સાંજે ફરી રૂ.૫૦૦ માંગતા ઝઘડો થયેલો : ઈજાગ્રસ્ત સારવારમાં

રાજકોટ, તા.૧૭

ઉદયનગરમાં સ્ત્રી મિત્રએ પૈસા ન આપતા અજયએ જયશ્રી ઉપર ધોકાથી હુમલો કર્યો હતો. જયશ્રીને ઇજા પહોંચતા સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવેલ હતી.

જયશ્રી ખોડાભાઈ સોલંકી (ઉ.વ.૩૬, રહે. ઉદયનગર, શેરી નં.૬, મવડી મેઈન રોડ)એ જણાવ્યા મુજબ, પતિ ખોડાભાઈ દસ વર્ષ પહેલાં અવસાન પામ્યાં હતાં. ત્યાર બાદ તેણી રોજગારી માટે કડીયાકામ શરુ કર્યું હતું. મવડી ચોકડી બાલાજી હોલ પાસે કડિયાકામ કરવાં તેણી ગઈ હતી. જ્યાં અજય લક્ષ્મણ મકવાણા સાથે પરિચય થયો હતો. સંપર્ક બાદ મિત્રતાનો સંબંધ બંધાયો હતો. અજયના છૂટાછેડા થઈ ગયા છે. ત્યારબાદ તે મિત્ર અજય સાથે પાંચ મહીનાથી રહે છે. ગઈકાલે સવારે તેણીએ અજયને રૂ.૪૦૦ આપ્યાં હતાં. બાદ સાંજે પાંચેક વાગ્યે ફરી રૂ.૫૦૦ માંગતા જયશ્રીએ પૈસા આપવાની ના કહી હતી. અને કહ્યુ કે મારી પાસે કેટલા પૈસા હોય હવે નથી આપવા, તેમ કહેતાં અજય ઉશ્કેરાયો હતો. અને તેણી સાથે ઝઘડો કરી ધોકા વડે માર માર્યો હતો. તેણીને ઈજા પહોંચતા ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. તેણીને સંતાનમાં બે દિકરી છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.

# દુબઈથી જંગી નાણા હવાલા મારફત ભારતમાં મોકલવાના સાયબર નેટવર્કનો ખુલાસો

## સાઉદી અરેબીયામાંથી ભારતમાં થતા સાયબર ફ્રોડ : ભારત- પાકિસ્તાનના સાગ્રીતો સામેલ : દિલ્હીમાંથી એક શખ્સ ઝબ્બે : તમામ રાજયમાં નેટવર્ક પથરાયેલું હોવાનો ભાંડો ફૂટયો

નવી દિલ્હી, તા. ૧૭

ભારતમાં વધતી સાયબર ગુનાખોરી વચ્ચે સાઉદી અરેબીયામાંથી સાયબર માફીયાઓ નેટવર્ક ચલાવતા હોવાનું અને ફ્રોડના નાણા હવાલા મારફત ભારતમાં જ પરત મોકલી દેતા હોવાનો સનસનીખેજ ખુલાસો થયો છે. ભારત અને પાકિસ્તાનના લોકો તેમાં સામેલ હોવાનું બહાર આવ્યું છે.

દિલ્હી પોલીસના સુત્રોએ જણાવ્યું હતું કે સાઉદી અરેબીયામાં બેસીને ભારતમાં સાયબર ઠગાઇ કરતા અને છેતરપીંડીની આ રકમ ભારતમાં હવાલા મારફત ભારત પરત મોકલી દેતી સાયબર ગેંગના નેટવર્કનો ખુલાસો થયો છે. આ ગેંગનો સુત્રધાર સમીરરૂહ્લાહ હોવાનું બહાર આવ્યું છે જે સાઉદી અરેબીયામાં બેસીને ભારત અને પાકિસ્તાનના લોકોને સામેલ કરીને સાયબર ગેંગ ચલાવી રહ્યો છે. આ ગેંગના એક સાગ્રીતની ધરપકડ થયાના પગલે સમગ્ર નેટવર્કનો પર્દાફાશ થયો છે. સમીરરૂહ્લાહના સાગ્રીતો દિલ્હી એનસીઆર સહિત સમગ્ર ભારત અને પાકિસ્તાનમાં પણ ફેલાયેલા છે. પાકિસ્તાનના સાગ્રીતો મારફત ભારતમાં ઓનલાઇન છેતરપીંડી કરાવવામાં આવે છે. છેતરપીંડીની રકમ ભારતીય બેંકોમાં જમા કરાવી દેવામાં આવે છે. ભારતમાં મોજુદ અલી અખ્તર નામનો સાગ્રીત બેંકમાંથી પૈસા ઉપાડી લે છે. ગેંગના સુત્રધાર સમીરરૂહ્લાહ દ્વારા તમામ સાગ્રીતોને કમીશન ચુકવવામાં આવે છે.

સમગ્ર સાયબર નેટવર્કનો ભાંડો ફોડતા પોલીસે કહ્યું કે સમીરરૂહ્લાહ સાઉદી અરેબીયામાં વસતા ભારતીયોઓનો જ આડકતરી રીતે લાભ ઉઠાવે છે. સાઉદી અરેબીયામાં વસતા ભારતીયો વતનમાં નાણા મોકલવા માંગતા હોય તો સમીરરૂહ્લાહ તેની પાસેથી નાણા મેળવી લે છે અને ભારતમાંથી છેતરપીંડી મારફત મેળવેલા નાણા પહોંચતા કરી દે છે.

પોલીસના સુત્રોએ કહ્યું કે ગત ૨૯મી માર્ચે દિલ્હીમાં નિવૃત વાયુ સેનાના અધિકારી સાથે ૬.૮ લાખ ઠગાઇનો કેસ પ્રકાશમાં આવ્યો હતો. સાયબર ક્રાઇમ દ્વારા આ કેસમાં ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરવામાં આવી હતી. આઇપી એડ્રેસ મારફત આરોપીઓના બે મોબાઇલ નંબરો મળ્યા હતા તેના લોકેશન ટ્રેસ કરવામાં આવતા પાકિસ્તાનના મુલતાન અને લાહોરના નીકળ્યા હતા. આરોપીઓના બેંક ખાતા બિહાર, મહારાષ્ટ્ર અને અન્ય જુદા જુદા રાજયોમાં હોવાનું માલુમ પડતા સાયબર પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ કેસમાં વધુ ઉંડી તપાસ કરાતા બેંક ખાતાના એટીએમ કાર્ડ મારફત જ નાણા ઉપાડવામાં આવતા હોવાનું માલુમ પડયું હતું તેના મારફત એટીએમ આસપાસના સીસીટીવી કેમેરા ચકાસવામાં આવ્યા હતા. કેમેરા ફૂટેજમાં બે બાઇક સવાર નિયમિત રીતે એટીએમમાં આવીને નાણા ઉપાડતા હોવાનું માલુમ પડયું હતું. બંને આરોપીઓની ઓળખ મેળવવામાં આવી હતી. તેમાંથી અલી અખ્તર નામના એક શખ્સને દિલ્હીના ન્યુ અશોકનગર વિસ્તારમાંથી ઉઠાવી લેવામાં આવ્યો હતો. તેની પાસેથી પાંચ એટીએમ કાર્ડ, મોબાઇલ ફોન સહિતનો મુદ્દામાલ કબ્જે



લેવામાં આવ્યો હતો. આ શખ્સની પુછપરછમાં સાઉદી અરેબીયા મારફત સમગ્ર નેટવર્ક ચાલતુ હોવાનું અને સુત્રધાર સમીરરૂહ્લાહ સાઉદી અરેબીયાથી જ સાયબર ગેંગ ચલાવતો હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસ તપાસમાં એવો ભાંડો ફૂડયો છે કે સમીરરૂહ્લાહે ભારતના જુદા જુદા રાજયોમાં બોગસ દસ્તાવેજોના આધારે બેંક ખાતા ખોલાવ્યા હતા અને તેના એટીએમ કાર્ડ કઢાવીને સાગ્રીતોને સોંપ્યા હતા. પાકિસ્તાની સાગ્રીતો પણ આ ખાતામાં જ નાણા જમા કરાવતા હતા. ભારતીય સાગ્રીતો નાણા ઉપાડી લેતા હતા. બોગસ દસ્તાવેજોના આધારે મોબાઇલ સીમ કાર્ડ મેળવીને સાગ્રીતોને આપવામાં આવતા હતા. છેતરપીંડીના નાણા બેંક ખાતામાં જમા થાય તેની ગણતરીની મીનીટોમાં જ સાગ્રીતો મારફત ઉપડાવી લેવામાં આવતા હતા.

સાઉદી અરેબીયા મારફત ચાલતા આ સાયબર નેટવર્ક ભારતના જુદા જુદા પથરાયેલુ હોવાનું માનવામાં આવી રહ્યું છે રાજકોટમાં પણ તાજેતરમાં એક વ્યાજખોરીના કિસ્સામાં ભોગ બનેલા યુવકના ખાતામાં દુબઇથી નાણા જમા થતા હોવાનું બહાર આવ્યું હતું. આ કેસમાં પોલીસ તપાસ કરી રહી છે અને તેમાં પણ ચોંકાવનારા ધડાકા થવાની શકયતા નકારાતી નથી

# 'આપ' સાંસદ માલીવાલે આખરે ચુપ્પી તોડી: ભાજપને પણ સલાહ આપી- રાજનીતિ ન કરે

## માલીવાલે પોતાની મારપીટ મામલે પોલીસમાં નિવેદન લખાવ્યું: કેજરીવાલના પીએ વિરુદ્ધ એફઆઈઆર દાખલ

નવી દિલ્હી તા.૧૭

આમ આદમી પાર્ટીની સાંસદ સ્વાતિ માલીવાલે મુખ્યમંત્રી આવાસમાં તેની સાથે થયેલ ગેરવર્તાવ અને મારપીટ મામલે ઘટનાના ત્રણ દિવસ બાદ ચુપ્પી તોડી છે અને પોલીસે નિવેદન આપ્યું છે સાથે સાથે આ મુદ્દાને ઈસ્યુ બનાવી રહેલી ભાજપને પણ સ્વાતિ માલીવાલે સલાહ આપી છે કે તે આ મામલે કોઈ રાજનીતિ ન કરે.



માલીવાલે સોશ્યલ મીડીયા પર જાણકારી આપી છે કે તેણે પોલીસને પોતાનું નિવેદન આપી દીધું છે અને ઉચીત કાર્યવાહીની આશા પણ આપી છે. જો કે તેણે સોમવારે મુખ્યમંત્રી આવાસ પર તેની સાથેના પુરા ઘટનાક્રમનો ઉલ્લેખ નહોતો કર્યો, અને આ મામલાને જોરશોરથી ઈસ્યુ બનાવનાર ભાજપને સલાહ આપી છે કે તે આ મામલે રાજનીતિ ન કરે.

પોલીસે જણાવ્યું હતું કે આ મામલે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલના અંગત સચીવ બિભવકુમાર સામે એફઆઈઆર દાખલ કરી છે.

માલીવાલે પોલીસ સામે રજુ કરેલ નિવેદન સોશ્યલ મીડીયામાં શેર કર્યું હતું. જેમાં તેણે લખ્યું હતું- મારી સાથે જે થયું તે ખૂબ જ ખરાબ હતું. મેં આ મામલે પોલીસમાં નિવેદન આપી દીધું છે. મને આશા છે કે ઉચિત કાર્યવાહી થશે. માલિવાલે લખ્યું છે- જે લોકોએ મારા માટે પ્રાર્થના કરી છે તેમનો આભાર. જે લોકોએ મારું ચરિત્રહનન કરવાની કોશિશ કરી અને એવું બોલ્યા કે તે બીજી પાર્ટીના ઈશારે આ બધું કરી રહી છે તેમને પણ ભગવાન ખુશ રાખે.

# પોરબંદર સૌરાષ્ટ્ર એકસપ્રેસ ટ્રેનના સમય અને ટર્મિનલમાં ફેરફાર કરાયો

## ટર્મિનલને અસ્થાયી રૂપે મુંબઈ સેન્ટ્રલથી દાદર ખસેડાયુ

રાજકોટ તા.૧૭

પોરબંદર યાર્ડ ખાતે પીટ લાઈન બ્લોકની પુર્ણાહુતિને ધ્યાનમાં રાખીને રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ટ્રેન નં.૧૯૦૧૬



પોરબંદર-મુંબઈ સેન્ટ્રલ અને ટ્રેન નંબર ૧૯૦૧૫ મુંબઈ સેન્ટ્રલ-પોરબંદર સૌરાષ્ટ્ર એકસપ્રેસના ઉદ્ગતા/ટર્મિનેટિંગ સ્ટેશનને મુંબઈ સેન્ટ્રલની બદલે દાદર સ્ટેશન કરવામાં આવી રહ્યું છે. આગળની સૂચના ન મળે ત્યાં સુધી ટર્મિનલને અસ્થાયી રૂપે મુંબઈ સેન્ટ્રલથી દાદર ખસેડવામાં આવી રહ્યું છે. ટર્મિનલમાં ફેરફારને કારણે ટ્રેનના સમયમાં પણ પરિવર્તન કરવામાં આવ્યો છે.

ટ્રેન નં. ૧૯૦૧૬ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એકસપ્રેસ દાદર ખાતે ૧૯.૨૦ કલાકે ટર્મિનેટ એટલે કે સમાપ્ત થશે. આ ફેરફાર ૨૦ મે, ૨૦૨૪થી લાગુ થશે. અન્ય સ્ટોપેજના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

ટ્રેન નંબર ૧૯૦૧૫ દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એકસપ્રેસ દાદરથી ૦૯.૩૦ કલાકે ઉપડશે. આ ફેરફાર ૨૨ મે, ૨૦૨૪થી લાગુ થશે. અન્ય સ્ટોપેજના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

ઉપરોક્ત ઉલ્લેખિત ટ્રેનોના સ્ટોપેજ સમય સંબંધીત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# કેનેડામાં ૨૦ વર્ષીય ભારતીય યુવાન જવેલરીની લૂંટના રવાડે ચડયો: પોલીસે કરી ધરપકડ

કેનેડા તા.૧૭

કેનેડામાં મૂળ ભારતીય યુવાન કોઈ સારી નોકરી કરવાને બદલે એક ગેંગમાં જોડાઈને જવેલરીની લુંટ કરવા લાગ્યો છે. તાજેતરમાં અલગ અલગ મોલમાં બે જવેલરી સ્ટોરમાં લુંટ ચલાવ્યા પછી તેને પકડવામાં આવ્યો છે. આ પરથી અંદાજ આવી શકે કે કેનેડામાં કેટલાક ભારતીયોએ ગુનાખોરીનો રસ્તો પકડી લીધો છે.



તેજપાલ તૂર નામના યુવાનને બીજા બે શકમંદ સાથે પોલીસે ઝડપી પાડયો છે. તેઓ હેમર ગેંગ એટલે કે હથોડા ગેંગના સભ્ય છે અને મિસિસાગામાં બે મોલ લુંટયા છે તેવું પોલીસનું કહેવું છે. ગત તા.૯ મે ના દિવસે મિસિસાગામાં આ લોકો હથોડા લઈને એક મોલમાં ગયા અને કેટલાક ડિસલે કેસીસ તોડીને તેમાંથી જવેલરી કાઢી લીધી હતી. ત્યારપછી ફરાર થઈ ગયા અને વાહન પણ થોડા દિવસો અગાઉ ટોરંટોમાંથી ચોરવામાંથી આવ્યુ હતું. મોલમાં પેટ્રોલીંગ વધારી દેવામાં આવ્યું હતું. આ દરમ્યાન બીજા એક સ્ટોરમાં આવી જ રીતે જવેલરી લુંટવામાં આવી. આ વખતે પોલીસે તરત તેમને આંતરી લીધા અને ત્રણની ધરપકડ કરી લીધી જેમાં એક ૨૦ વર્ષનો તેજપાલ તૂર હતો. બીજા બંને આરોપી કેનેડીયન છે. બીજા શકમંદો સામે લુંટફાટ અને વાહન ચોરીનો આરોપ લાગ્યો છે અને હવે કેસ ચલાવવામાં આવશે. આ કેસમાં હજુ વધારે તપાસ થશે અને અગાઉના કોઈ ગુનામાં પણ તેઓ સામેલ હશે તો તમામ લુંટારાને લાંબા સમય સુધી જેલની સજા થઈ શકે તેવી શકયતા છે.

# ૪ જૂન પછી લખનૌ અને દિલ્હીના શહેઝાદા વેકેશન પર જતા રહેશે - ખટાખટ નીકળી પડશે

## પરિણામો પછી ઈન્ડી ગઠબંધન વેરવિખેર થઈ જશે : મોદી

નવી દિલ્હી,તા.૧૭

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને સપાના વડા અખિલેશ યાદવ પર કટાક્ષ કરતાં કહ્યું હતું કે ' શહેજાદા 'સંસદીય ચૂંટણી પછી ઉનાળાના વેકેશન' માટે જશે. ૪ જૂનના પરિણામો જાહેર થયા બાદ ખટાખટ, ખટાખટ નીકળી પડશે.



પીએમ મોદીએ લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ શું થશે તેની આગાહી કરતા કહ્યું હતું કે, 'ભલે' 'શહેજાદા' લખનૌ (અખિલેશ યાદવ) કે દિલ્હી (રાહુલ ગાંધી)ના હોય...તે ૪ જૂનના જ ઉનાળાના વેકેશન માટે વિદેશ જવા રવાના થશે.

આ બંને પર શાબ્દિક પ્રહારો કરતા કહ્યું કે મહેલોમાં જન્મેલા 'શહેજાદાઓને' ન તો મહેનત કરવા ટેવાયેલા છે અને ન તો પરિણામ લાવવા માટે સક્ષમ છે.

સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસના 'શહેજાદાઓ ' માટે દેશનો વિકાસ 'ગિલ્લી દંડ'ની રમત સમાન છે.યુપીના પ્રતાપગઢમાં એક ચૂંટણી રેલી દરમિયાન પીએમ મોદીએ વધુમાં કહ્યું: ''હું ખાતરી આપું છું કે હું તમારી સેવા માટે દિવસ-રાત કામ કરીશ. મારી દરેક ક્ષણ તમને સમર્પિત છે, મારા શરીરનો દરેક કણ તમને સમર્પિત છ''.વડાપ્રધાન મોદીએ અમેઠીને બદલે રાયબરેલીથી ચૂંટણી લડવાના નિર્ણય પર રાહુલ ગાંધી પર પ્રહાર કર્યા. તેમણે ૨૦૧૯માં ભાજપની સ્મૃતિ ઈરાની સામે હાર્યા પહેલા ત્રણ વખત લોકસભાના સાંસદ તરીકે સેવા આપી હતી, પીએમ મોદીએ કહ્યું કે, ''તેમને ખબર હોવી જોઈએ કે રાયબરેલીના લોકો પણ તેમની સામે લડશે. તેને ઘરે પાછા મોકલો અને હવે તે રાયબરેલી પણ છોડી દેશે, ચાંદીના ચમચીથી જન્મેલા બાળકો દેશને ન ચલાવી શકે.

ભાજપના ઉમેદવારના સમર્થનમાં રેલીને સંબોધતા પીએમએ કહ્યું કે ભારત બ્લોક સ્થિર એનડીએ સરકારને બદલવા માંગે છે અને પાંચ વર્ષમાં પાંચ વડાપ્રધાન બનાવવા માંગે છે.

૪ જૂન બાદ અનેક ફેરફારો જોવા મળશે, ઈન્ડી ગઠબંધન વેરવિખેર થઈ જશે. અને હાર બાદ કોઈ નેતાને શોધશે જેના પર હારનો દોષી સાબિત કરી શકે.

# અને હવે વોટ્સએપમાં પ્રોફાઈલ પિકચરના સ્ક્રીન શોટ નહીં લઈ શકો

વોટસએપ દ્વારા એક નવું ફીચર લાવવામાં આવી રહ્યું છે, જે રોમેન્ટીક લોકોના દિલમાં કાતર ફેરવવાનું કામ કરશે. વાસ્તવમાં ઘણા સમયથી એવી ફરિયાદો મળી રહી હતી કે કેટલાક વોટસએપ યુઝર્સ તેમના મનપસંદ લોકોના પ્રોફાઇલ પિકચરના સ્ક્રીનશોટ લે છે અને પછી યુઝરની પરવાનગી વગર તેમની સુવિધા મુજબ તેનો ઉપયોગ કરે છે. વોટસએપ આવા રોમેન્ટીક લોકો માટે એક ખાસ ફીચર રજુ કર્યુ છે, જેઓ હવે કોઇના પ્રોફાઇલ પિકની સ્ક્રીનશોટ લઇ શકશે નહી.

### જયારે સ્ક્રીનશોટ લેવામાં આવશે ત્યારે સૂચના આવશે

હાલમાં આ ફીચર WhastApp દ્વારા iOS યુઝર્સ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. વોટસએપ અપડેટસને ટ્રેક કરતી વેબસાઇટ WABetainfo અનુસાર જયારે નવું ફીચર રોલઆઉટ કરવામાં આવે છે. જો કોઇ તમારા પ્રોફાઇલ પિકચરનો સ્ક્રીનશોટ લેવા માંગે છે, તો તમને એક સૂચના મળશે કે સ્ક્રીનશોટ કોણે લીધો છે. પ્રોફાઇલ ફોટોનો સ્ક્રીનશોટ લેવા માંગે છે. આ રીતે તમે તે વ્યકિતને બ્લોક કરી શકો છો. ઉપરાંત




પ્રોફાઇલ ફોટો બધા વપરાશકર્તાઓને ન દેખાય તે માટે તમે સેટીંગ્સમાં ફેરફાર કરી શકો છો.

### ખતરો સંપૂર્ણપણે ટળ્યો નથી

કંપનીનું કહેવું છે કે વોટસએપનું નવું ફીચર સિકયોરીટીની દ્રષ્ટિએ ખુબ જ અસરકારક સાબિત થશે અને તે ફોટાનો દુરૂપયોગ પણ અટકાવશે. હાલમાં આ સુવિધા વિકાસના તબકકામાં છે. જોકે, હજી પણ ચિંતા છે કારણ કે સ્ક્રીનશોટને અવરોધિત કરવા છતાં કોઇ વ્યકિત હજી પણ બીજા ફોનમાંથી ફોટો કલીક કરી શકે છે. ફોટોનો આ રીતે દુરૂપયોગ પણ થઇ શકે છે. જેના માટે કદાચ વોટસએપને કામ કરવું પડશે.

# IPL Playoffs: કોલકાતા, રાજસ્થાન બાદ હૈદરાબાદ પણ પ્લેઓફમાં પહોંચી, હવે આવતીકાલે RCB અને CSK વચ્ચે એક સ્થાન માટે મહામુકાબલો

ન્યુ દિલ્હી : આઈપીએલ ૨૦૨૪ની સનરાઈઝર્સ હૈદરાબાદ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચેની ૬૬મી મેચ વરસાદના કારણે રદ થઈ ગઈ. હૈદરાબાદમાં ભારે વરસાદને કારણે ટોસ પણ થઈ શક્યો ન હતો. ત્યારે મેચ રદ થયા બાદ બંને ટીમોને એક-એક પોઈન્ટ મળ્યો છે. જેને લઈને પેટ કમિન્સની આગેવાની હેઠળની સનરાઈઝર્સ હૈદરાબાદને ફાયદો થયો છે. આ સાથે જ ઓરેન્જ આર્મી ચાર વર્ષ પછી પ્લેઓફમાં સ્થાન મેળવવામાં સફળ રહી છે.

આઈપીએલ ૨૦૨૪ના પ્લેઓફ માટે હવે ત્રણ ટીમો ક્વોલિફાય થઈ ગઈ છે. આઈપીએલ ૨૦૨૪ના પોઈન્ટ્સ ટેબલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ, રાજસ્થાન રોયલ્સ બાદ હવે સનરાઈઝર્સ હૈદરાબાદના નામની સાથે 'ચ' લાગી ગયો છે. ત્યારે હવે એક સ્થાન માટે આવતીકાલે બેંગલુરૂના એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મહામુકાબલો થશે.




રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચમાં જો ચેન્નાઈની ટીમ વિજેતા થશે તો તેઓ પ્લેઓફમાં સ્થાન મેળવશે. જયારે આરસીબીની ટીમે જીત સાથે રનરેટ પર પણ નજર રાખવી પડશે. પ્લેઓફમાં સ્થાન મેળવવા માટે આરસીબીની ટીમે પ્રથમ બેટિંગ કરવાના કિસ્સામાં (જો ૨૦૦ રનનો ટાર્ગેટ હોય તો) સીએસકેને ઓછામાં ઓછા ૧૮ રનના માર્જિનથી હરાવવું પડશે. આરસીબીની ટીમે બીજી બેટિંગ કરવાના કિસ્સામાં (જો ૨૦૧ રનનો ટાર્ગેટ હોય તો) ૧૮.૧ ઓવરમાં ટાર્ગેટ ચેઝ કરવો પડશે. તો જ તેઓ સીએસકેના રનરેટથી આગળ જઈ શકશે.

# સ્કુલની ગટરમાંથી માસુમ વિદ્યાર્થીની લાશ મળી: વાલીઓ વિફર્યા: તોડફોડ-ધમાલ

## બિહારનો બનાવ: બેકાબુ ટોળાએ ચકકાજામ સર્જયો: ભારે આક્રોશ

પટણા (બિહાર) તા.૧૭

અહીં એક પ્રાઈવેટ સ્કુલની ગટરમાં માસૂમ બાળકની લાશ મળી આવતા આક્રોશિત લોકોએ સ્કુલમાં તોડફોડ કરી હતી. બાળકના પરિવારજનોએ આરોપ લગાવ્યો હતો કે તેમના બાળકની હત્યા કરી લાશ ગટરમાં ફેંકી દેવાઈ છે.





આ ઘટનાથી ગુસ્સે ભરાયેલા લોકોએ દાનાપુર-ગાંધી મેદાન માર્ગ પર જામ કરી નાખ્યો હતો. માર્ગ પર ટાયર સળગાવીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગુસ્સે ભરાયેલા લોકોએ સ્કુલમાં તોડફોડ કરી હતી. લોકોએ રસ્તો ચકકાજામ કરતા માર્ગ પર પસાર થનારાઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો.

ઘટનાની જાણ થતા પોલીસ બનાવ સ્થળે પહોંચી હતી. પોલીસે ટોળાને સમજાવી મામલો શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો પણ લોકો હત્યારાની ધરપકડની માંગ કરી રહ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે ચાર વર્ષના બાળકની લાશ મળી આવ્યા બાદ લોકો રસ્તા પર મોટી સંખ્યામાં જમા થઈ ગયા હતા. મૃત બાળકની ઓળખ રામજી ચક નિવાસી શૈલેન્દ્ર રાયના પુત્ર આયુષકુમાર તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું હતું કે મામલાની તપાસ થઈ રહી છે. સ્કુલ મેનેજમેન્ટની પુછપરછ થઈ રહી છે. રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરાશે.બાળકના પરિવારે જણાવ્યું હતું કે સ્કુલ જવા ઘેરથી નીકળ્યા બાદ બાળક મોડી સાંજ સુધી પાછો નહોતો ફર્યો. જયારે પરિવારે સ્કુલમાં ફોન કર્યો તો જવાબ મળ્યો કે બાળક સ્કુલમાં નથી. સ્કુલ વાન ડ્રાઈવરને પૂછયું તો જવાબ મળ્યો કે તેણે લગભગ ૬.૩૦ વાગ્યે બધા બાળકોને સ્કુલ પહોંચાડી દીધા હતા. બાળકના પરિવારે સ્કુલના સીસીટીવી ફુટેજ તપાસ્યા, જેમાં બપોરે ૧૨ વાગ્યા આસપાસ આયુષ સ્કુલમાં જોવા મળેલો. ત્યારપછીના સીસીટીવી ફુટેજમાં અનેક શોટસ ગાયબ મળેલ.

પરિવારે આરોપ લગાવ્યો હતો. બાળકની હત્યા કરીને સ્કુલની ચેમ્બરમાં જ લાશને ફેંકી દેવાઈ હતી. ત્યારબાદ ચેમ્બરને ઉપરથી બંધ કરી દેવાઈ હતી. ઘટના બધા સ્કુલના બધા ટીચર ફરાર થઈ ગયા હતા, લોકોનું કહેવું છે કે જયાં સુધી હત્યારાની ધરપકડ નહી થાય ત્યાં સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે.

# ઝારખંડના ગ્રામીણ વિકાસ વિભાગના દરેક કોન્ટ્રાકટરમાં મંત્રીનું કમિશન દોઢ ટકા ફીકસ: ઈડીની કાર્યવાહી

## જહાંગીના ઘેરથી મળી આવેલા ૩૨ કરોડ રૂપિયા આલમગીર આલમના હોવાનો દાવો: ત્રણ દિવસના દરોડામાં ૩૭ કરોડની વસુલાત

રાંચી,તા.૧૭

ઝારખંડના ગ્રામીણ વિકાસ મંત્રી આલમગીર આલમને લઈને EDએ મોટો દાવો કર્યો છે. પ્રાથમિક તપાસમાં અમને જાણવા મળ્યું છે કે ૬ મેના રોજ દરોડા દરમિયાન મંત્રી આલમગીરના પીએસ સંજીવ લાલના નોકર જહાંગીર આલમના ઘરેથી ૩૨.૨૦ કરોડ રૂપિયાની રોકડ મળી આવી હતી, જે આલમગીર આલમની હતી.

EDએ તેની રિમાન્ડ અરજીમાં કોર્ટને એ પણ જણાવ્યું છે કે ગ્રામીણ વિકાસ વિભાગ અને ગ્રામીણ બાંધકામ વિભાગના કોન્ટ્રાક્ટમાં એકલા મંત્રી આલમગીરનું કમિશન દોઢ ટકા હતું. તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે કોન્ટ્રાક્ટની ફાળવણી બાદ કમિશનની વસૂલાત અને તેના વિતરણની જવાબદારી ગ્રામીણ વિકાસ વિભાગના સ્પેશિયલ સેલ અને ગ્રામીણ બાંધકામ વિભાગના મદદનીશ ઇજનેર સ્તરના અધિકારીઓની હતી.



મંત્રીના પૈસા અને કાગળો રાખવા ફ્લેટ આ માટે હતો:ED એ તપાસમાં ખુલાસો કર્યો છે કે ૬, ૭ અને ૮ મેના રોજ દરોડા દરમિયાન કુલ ૩૭.૫ કરોડ રૂપિયા રિકવર કરવામાં આવ્યા હતા. જેમાં ગાધીખાનામાં પીએસ સંજીવ લાલના નોકર જહાંગીરના ફ્લેટમાંથી રૂ. ૩૨.૨૦ કરોડ મળી આવ્યા હતા. સંજીવના કહેવા પર જહાંગીરે આ પૈસા આલમગીર આલમ માટે અલગ અલગ અલગ જગ્યાએ રાખ્યા હતા.

### ૭ દિવસના પૂછપરછ માટે રિમાન્ડ પર લેવાશે:

કોન્ટ્રાક્ટમાં કમિશનની રકમના મની લોન્ડરિંગના આરોપમાં ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) દ્વારા ધરપકડ કરાયેલા ૭૪ વર્ષીય મંત્રી આલમગીર આલમની છ દિવસ સુધી પૂછપરછ કરશે. પીએમએલએ કોર્ટે ગુરુવારે તેને છ દિવસના રિમાન્ડ પર લેવાની મંજૂરી આપી હતી. ED શુક્રવારથી મંત્રી આલમગીરની પૂછપરછ શરૂ કરશે. સુનાવણી પછી, કોર્ટે આલમગીરને ન્યાયિક કસ્ટડીમાં લીધો અને તેને હોટવાર સ્થિત બિરસા મુંડા સેન્ટ્રલ જેલમાં મોકલી આપ્યો.

### પીએસ મંત્રીના કહેવાથી કમિશન વસૂલતા હતા

EDએ કોર્ટને કહ્યું છે કે સંજીવ લાલ મંત્રી આલમગીર આલમના નિર્દેશ પર કમિશનની રકમ વસૂલતા હતા. આ ઉપરાંત, કોન્ટ્રાક્ટના સંચાલનમાં તેમની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ હતી. કોન્ટ્રાક્ટ મેનેજ થયા બાદ ફિક્સ કમિશનની રકમ તમામ વિભાગીય લોકોને ઈજનેરો મારફતે મોકલવામાં આવતી હતી.

EDએ કહ્યું- સમગ્ર વિભાગ કમિશન ફ્રોડમાં સામેલ છે

EDએ કોર્ટને કહ્યું કે સમગ્ર ગ્રામીણ વિકાસ વિભાગ કોન્ટ્રાક્ટમાં કમિશન લેવામાં સામેલ છે. કોન્ટ્રાક્ટ મેનેજમેન્ટનો લાભ નિમ્નથી ઉચ્ચ હોદ્દા પરના અધિકારીઓને મળ્યો છે. તપાસમાં મળેલા તથ્યોએ પુષ્ટિ કરી છે કે કોન્ટ્રાક્ટમાં જેણે પણ ભૂમિકા ભજવી હતી, તેને કમિશનમાં સમાન હિસ્સો મળ્યો હતો.

### આલમગીરે એન્જિનિયર પાસેથી ત્રણ કરોડ લીધા હતા

EDને તેની તપાસમાં જાણવા મળ્યું છે કે ગ્રામીણ વિકાસ મંત્રી આલમગીર આલમે સપ્ટેમ્બર ૨૦૨૨માં એક આસિસ્ટન્ટ એન્જિનિયર મારફતે ૩ કરોડ રૂપિયા લીધા હતા. આ રકમ આલમગીરના વિશ્વાસુ સહયોગીએ લીધી હતી. મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા ચીફ એન્જિનિયર વીરેન્દ્ર રામે કમિશન કલેક્શનના સમગ્ર મોડલ અને તેના વિતરણ વિશે પણ માહિતી આપી હતી.


### ‘AI’નો મનુષ્ય જ અસલી માનવીઓની તમામ જરૂરીયાત પુરી કરશે

# AIને કારણે લોકો ‘માનવીય સંબંધો’ માટે તરફડશે

## સૈમ ઓલ્ટમેનની ભવિષ્યવાણીઃ ૫-૧૦ વર્ષમાં જ આ સ્થિતિ નિર્માણ પામશેઃ મનુષ્યો માટે ખતરનાક છતાં શાનદાર અનુભવ હશે



નવી દિલ્હી, તા.૧૭ ડીજીટલ યુગમાં નવા-નવા આવિષ્કારો થતાં જ રહ્યા છે. હવે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સની બોલબાલા છે. તેના ફાયદાની સામે ગેરલાભ વિશે રીપોર્ટ આવતા જ રહ્યા છે. ત્યારે ઓપન એઆઇના વડા સૈમ ઓલ્ટમેને એવી ખતરનાક ભવિષ્યવાણી કરી છે કે આર્ટિફીશીયલ ઇન્ટેલીજન્સ (એઆઇ)ને કારણે આવતા પાંચ-દસ વર્ષમાં લોકો માનવીય સંબંધો માટે રીતસર તરફડતા હશે. કલા ક્ષેત્રમાં ડીમાંડમાં મોટો વધારો થશે. અર્થાત આવનારા સમયમાં એઆઇના અપડેટેશનથી લોકોને ‘એઆઇ માનવી’ની ૮ સુવિધા-સેવા મળતી થઇ જશે અને તેવામાં લોકો ‘માનવીય સંબંધો’ મેળવવા માટે તરસશે.




સૈમ ઓલ્ટમેને એક પોડકાસ્ટ દરમ્યાન જણાવ્યું હતું કે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ (એઆઇ) ઝડપથી અપડેટ-વિકસીત થઇ રહ્યું છે. આવતા પાંચ-દસ વર્ષોમાં લોકોને અસલી માનવી સાથેના સંબંધો મેળવવાનું પણ મુશ્કેલ બનશે. એઆઇનું મનુષ્ય સ્વરૂપ જ લોકોની તમામ જરૂરીયાત પૂર્ણ થઇ શકે તે પ્રકારની સુવિધા-સેવા પ્રદાન કરવા સક્ષમ બની જશે. આવા સંજોગોમાં અસલી માનવોને અસલી માનવોના સંબંધો મેળવવા તરફડવું પડશે.

એઆઇને કારણે આવતા પાંચ વર્ષોમાં સર્જાનારા સંબંધો વિશે સૈમ ઓલ્ટમેને વિવિધ ખુલાસા કર્યા હતાં. તેઓએ કહ્યું કે ૨૦૨૨માં ચૈટજીપીટી લોન્ચ કરવામાં આવ્યું ત્યારે નોકરીને લગતી ચિંતા ઉભી થવા લાગી હતી. ચૈટજીપીટી એવા કાર્યો કરવા સક્ષમ હતું કે જે અગાઉ માત્ર માનવીઓ જ કરી શકતા હતા અને માનવી વિના શક્ય ન હતું. આ તકે લોકો ગભરાવા લાગ્યા હતા કે નોકરી ગુમાવવી પડશે. અનેક વિદ્વાનો-નિષ્ણાંતો પણ તમાં સૂર પુરાવવા લાગ્યા હતા. આ ટેકનોલોજી મનુષ્ય જીવન માટે ખતરનાક હોવાના અભિપ્રાય વ્યકત થવા લાગ્યા હતા. જ્યારે એક વર્ગ ‘આશાવાદી’ પણ હતો અને નવી નોકરીઓનું સર્જન થવાનું માનવા લાગ્યો હતો.

રોજગારી વિશે તેઓએ કહ્યું કે એઆઇના ઉપયોગથી નવી પ્રકારની નોકરી-રોજગારીનું સર્જન થશે તે નવી કલા શ્રેણીમાં હશે. કલાની આ શ્રેણીને વ્યાપક રીતે વિકસિત કરવી પડશે.

આ શ્રેણીની નોકરીને શું નામ અપાશે તે અત્યારે કહી શકાય તેમ નથી. પાંચ વર્ષમાં આ સ્તરે પહોંચી શકશું કે કેમ તે વિશે પણ કહી ન શકું છતાં એટલું નિશ્ચિત છે કે માનવીઓ માટે આ અનુભવ શાનદાર હશે.

ઓપન એઆઇ દ્વારા તાજેતરમાં જ નવા એઆઇ ટુલનું અનાવરણ કરવામાં આવ્યું હતું જે વર્તમાન ચૈટજીપીટીનું સ્માર્ટ વર્ઝન હોવાનું ઉલ્લેખનીય છે.

### કેમ્બ્રિજ વિશ્વ વિદ્યાલયનાં સંશોધકોનો દાવો

# ઉત્તર ગોળાર્ધમાં છેલ્લા ૨૦૦૦ વર્ષનો ગરમીનો રેકોર્ડ ૨૦૨૩ માં તૂટયો

## હાલમાં અલનીનોની ઘટના ૨૦૨૪ ની ગરમીની શરૂઆતથી જ ચાલુ રહેવાની શકયતા છે ત્યારે આ વર્ષે પણ ગરમી ફરીવાર રેકોર્ડ તોડશે

લંડન તા.૧૭

ઉતરી ગોળાર્ધમાં છેલ્લા બે હજાર વર્ષનો ગરમીનો રેકોર્ડ ૨૦૨૩ ની ગરમીથી તૂટયો હતો આ સમય ગાળા દરમ્યાન સામાન્યથી ચાર ડીગ્રી સેલ્સીયસ વધુ તાપમાન રહ્યું હતું.

કેમ્બ્રિઝ વિશ્વ વિદ્યાલયનાં સંશોધકોએ આ દાવો કર્યો છે. સંશોધન અનુસાર ૧૮૦૦ ના દશકાનાં મધ્યમાં હવામાન સંબંધી રેકોર્ડ અને ૯ ઉતરી સ્થળો પર વૃક્ષોની રિંગોના વિશેષણનાં આધારે તાપમાન ડેટાને જોઈને સ્થાપિત કરવામાં આવ્યુ છે. કેમ્બ્રીજ વિશ્વ વિદ્યાલયમાં ભુગોળ વિભાગનાં પ્રોફેસર ઉલ્ફ બંટગેને જણાવ્યું હતું કે ૨૦૨૩ એક અસાધારણ ગરમ વર્ષ હતું અને ત્યાં સુધી ચાલુ રહેશે જયાં સુધી આપણે ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ઘટાડો નહીં કરીએ. ઉતરી ગોળાર્ધમાં તાપમાન ૧.૫ ડીગ્રી સેલ્સીયસ સુધી સીમીત



કરનાર ૨૦૧૫ ના પેરીસ સમજુતીનો ભંગ કરવામાં આવી ચૂકયો છે. દ.ગોળાર્ધ જલવાયું પરિવર્તન પર અલગ પ્રતિક્રિયા આપે છે.કારણ કે તે ઉતરી ગોળાર્ધની તુલનામાં કયાંય વધુ મહાસાગરથી ઢંકાયેલો છે

### મજબુત થઈ રહ્યો અલનીનોઃ

સંશોધકોએ જણાવ્યું હતું કે છેલ્લા ૬૦ વર્ષમાં ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનના કારણે થનારા ગ્લોબલ વોર્મીંગનાં કારણે અલનીનો મજબુત થઈ રહ્યો છે. જેના કારણે ગરમી વધી રહી છે. હાલમાં અલનીનોની ઘટના ૨૦૨૪ ની ગરમીઓની શરૂઆત સુધી ચાલુ રહેવાની આશા છે.જેથી એ સંભાવના છે કે આ ગરમીમાં તાપમાન ફરી એકવાર રેકોર્ડ તોડશે.

# રશ્મિકા મંદાનાએ અટલ સેતુ પુલ પાસ વિડિયો શેર કરી ભરપૂર વખાણ કર્યા - કહ્યું આ છે ન્યુ ઈન્ડિયા, પીએમ મોદીએ આપી પ્રતિક્રિયા

મુંબઈઃ સાઉથ ઈન્ડસ્ટ્રીની અભિનેત્રી રશ્મિકા મંદાના હવે હિંદી ભાષી રાજ્યોમાં પણ ઘણી ફેમસ થઈ ગઈ છે. નેશનલ ક્રશ અભિનેત્રીની ફેન્સની ફેવરિટ છે. હાલમાં રશ્મિકા મુંબઈમાં છે. ત્યારે હવે અભિનેત્રીની એક પોસ્ટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રતિક્રિયા આપી છે.

હાલમાં જ રશ્મિકા મંદાનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર મુંબઈના ટ્રાન્સ હાર્બર લિંક પર મુસાફરી કરતા એક વીડિયો શેર કર્યો છે. જેના કેપ્શનમાં અભિનેત્રીએ લખ્યું છે કે, ’દક્ષિણ ભારતથી ઉત્તર ભારત પશ્ચિમ ભારતથી પૂર્વ ભારત લોકોને જોડે છે, દિલને જોડે છે!’ આ સાથે જ તેને






હેશટેગ માય ઈન્ડિયા પણ લખ્યું છે. આ વીડિયોમાં રશ્મિકાએ અટલ સેતુની પ્રશંસા કરી છે.

રશ્મિકા મંદાનાની આ પોસ્ટ પર પીએમ મોદીએ પ્રતિક્રિયા આપી છે. પીએમ મોદીએ લખ્યું કે, ’સંપૂર્ણપણે! લોકોને જોડવા અને જીવન સુધારવા કરતાં વધુ સંતોષકારક કંઈ નથી.’

રશ્મિકા મંદાનાના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, અભિનેત્રી આગામી સમયમાં અલ્લૂ અર્જૂન સાથે ફિલ્મ ’પુષ્પા ૨ ધ રૂલ’માં જોવા મળવાની છે. આ ફિલ્મ આ વર્ષે સ્વતંત્રતા દિવસના અવસરે ફિલ્મની રિલીઝ થઈ શકે છે. આ સાથે જ હાલમાં રશ્મિકા સલમાન ખાનની આગામી ફિલ્મ ’સિંકદર’માં પણ જોડાઈ છે.



# કાન્સ ૨૦૨૪ઃ રેડ કાર્પેટ પર ગોલ્ડન બ્લેક ગાઉનમાં ઐશ્વર્યાએ પાથર્યા કામણ

મુંબઇઃ

કાન્સ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ઐશ્વર્યા રાય બચ્ચને પોતાના લુકથી સૌ કોઇનું મન મોહી લીધું છે. સોશિયલ મીડિયા પર શેર થયેલી તસ્વીરોમાં જોવા મળે છે કે એક્ટ્રેસે ગોલ્ડન બ્લેક ગાઉન પહેર્યો છે, જેના પર પતંગિયાની ડિઝાઇન છે. એક્ટ્રેસે ગોલ્ડન રંગની ઇયરીંગ પહેરી છે. મિનિમમ મેકઅપ કર્યો છે.

ઐશ્વર્યાના લુકે સૌનું દિલ જીતી લીધું છે. એક ફેને કોમેન્ટ કરતાં લખ્યું છે કે, દરેક વખતની જેમ શાનદાર તો અન્ય ફેન્સે લખ્યું, બેહદ ગ્રેસફુલ.

ઉલ્લેખનીય છે કે ઐશ્વર્યા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પહેલીવાર ૨૦૦૨માં સામેલ થઇ હતી. ત્યારબાદ લોરિયલ પેરિસની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે દર વર્ષે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલની શોભા વધારી હતી.

ઐશ્વર્યા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં બુધવારે રવાના થઇ હતી. મુંબઇ એરપોર્ટ પર તે તેની લાડલી દિકરી આરાધ્યા સાથે જોવા મળી હતી. આ ઉપરાંત ઐશ્વર્યાને હાથ પર થયેલા ફ્રેકચર પણ ધ્યાન ખેંચ્યું હતું.


# સાઉથના સ્ટાર જુનીયર એનટીઆરનું આંધ્રપ્રદેશના મંદિરને ૧૨.૫ લાખનું દાન


મુંબઈઃ તેલુગુ સુપરસ્ટાર જુનીયર એનટીઆર હંમેશા લોકોની મદદ કરતા રહે છે અને નેકકામમાં પોતાનું યોગદાન આપતો રહે છે. હવે ફરી એકવાર તેણે દાન કર્યું છે. તેમણે આંધ્રપ્રદેશના ચેયેરુમાં ભદ્રકાલી સમીતીના વીરભદ્ર સ્વામી મંદિરમાં ૧૨.૫ લાખ રૂપિયાનું દાન કર્યુ છે. આ ખબર એક ફેને સોશ્યલ મીડીયામાં શેર કરી છે. આ ખબરને જુનીયર એનટીઆરની ટીમે પણ કન્ફર્મ કરી છે. એક સૂત્રે જણાવ્યું હતું કે તેણે તેના જન્મદિન પહેલા આ દાન કર્યું છે. આ દાન તેણે પોતાની મા શાલિની, પત્ની લક્ષ્મી પ્રજાતિ અને સંતાનો અભય, ભાર્ગવના નામે કર્યું છે. જો કે ખબર જુનીયર એનટીઆર શેર કરવા નહોતા માંગતા પણ પુર્વી ગોદાવરીથી તેમના ફેન્સે શેર કરી છે. જુનીયર એનટીઆરે અગાઉ પુર પીડિતોની પણ સહાય કરી છે. એકટરે તેના માટે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી રાહત ફંડમાં ૨૫ લાખ રૂપિયાનું યોગદાન કર્યું હતું. હાલ તે તેની ફિલ્મ ‘દેવરા’માં બિઝી છે. તેમાં તેની સાથે જાહનવીકપુર કામ કરી રહી છે.



### ઉત્તરાખંડની ચારધામ યાત્રામાં શ્રદ્ધાળુઓનો ભારે ધસારો સર્જાયો

# હિમાલયમાં વિશાળ ભીડને સમાવવાની ક્ષમતા છે !









### બદ્રિનાથ મંદિર ખુલ્યાના પહેલાં જ દિવસે દર્શન માટે લગભગ ચાર કિ.મી.ની કતાર માના ગામ સુધી લંબાવવામાં આવી

### તા.૧૪ સુધીમાં ચારધામ યાત્રા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવનારા લોકોની સંખ્યા ૨૬,૭૩,૫૧૯ સુધી પહોંચી જતા પ્રવાસન વિભાગે બે દિવસ રજીસ્ટ્રેશન બંધ રાખવાનો નિર્ણય લેવો પડયો

અક્ષય તૃતીયાથી શરૂ થયેલી ઉત્તરાખંડની ચારધામ યાત્રામાં શ્રદ્ધાળુઓનો ભારે ધસારો જોવા મળે છે. ૧૦ મેથી યાત્રા શરૂ થઈ ત્યારથી ૧૪ મે સુધી લગભગ ત્રણ લાખ શ્રદ્ધાળુઓએ યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથની યાત્રા કરી ચૂકયા છે.

**માના ગામ સુધી કતારો**

વધતી ભીડની અનેક જગ્યાએ ટ્રાફિક જામ છે અને મંદિરોમાં લાંબી કતારો છે. બદ્રીનાથ મંદિર ખુલ્યાના પહેલા જ દિવસે દર્શન માટે લગભગ ૪ કિમીની લાઈન માના ગામ સુધી લંબાવવામાં આવી હતી. ૧૪ મેના રોજ સાંજે ૪ વાગ્યા સુધીમાં ચારધામ યાત્રા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવનારા લોકોની સંખ્યા ૨૬,૭૩,૫૧૯ પર પહોંચી ગઈ હતી. જેમાં કેદારનાથ જતા ૯ લાખથી વધુ અને બદ્રીનાથ જતા ૮.૨૫ લાખથી વધુ લોકો હતા. ૪.૨૫ લાખ લોકો યમુનોત્રી જવા ઇચ્છતા હતા અને ૫.૫ લાખ લોકો ગંગોત્રી જવા ઇચ્છતા હતા. વધી રહેલા ઓનલાઈન રજીસ્ટ્રેશનને કારણે પ્રવાસન વિભાગે બુધવાર અને ગુરૂવારે ઓફલાઈન રજીસ્ટ્રેશન બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

**સિસ્ટમમાં સંવેદનશીલતાનો અભાવ**

એવું કહેવામાં આવી રહ્યું છે કે યાત્રાના શરૂઆતના શહેરો હરિદ્વાર-ઋષિકેશથી ચાર ધામ સુધી ફેલાયેલી અરાજકતા દર્શાવે છે કે ઉચ્ચ હિમાલયના પ્રદેશો પ્રત્યે તંત્રમાં સંવેદનશીલતાનો અભાવ છે. રાજ્યના વિપક્ષના નેતા યશપાલ આર્યએ કટાક્ષ કર્યો કે ચાર ધામમાં ઈવેન્ટ મેનેજમેન્ટની નહીં પણ સરળ અને સુરક્ષિત મુસાફરીની જરૂર છે. દરેક ધામમાં દરરોજ કેટલા યાત્રિકોને બેસાડવાની વ્યવસ્થા કરી છે તે સરકાર જણાવી શકે તેવી સ્થિતિમાં નથી. અરાજકતાના બીજા ઘણા કારણો છે.

**ટ્રાફિક જામની સ્થિતિ**

ઉદાહરણ તરીકે, ‘ઓલ વેધર રોડ’ તરીકે પ્રમોટ કરાયેલ ચાર ધામ રસ્તાઓ હજુ પણ સંપૂર્ણ રીતે બન્યા નથી, તેથી ટ્રાફિક જામની સમસ્યા છે. જે અંતર કાપવામાં સામાન્ય રીતે ૨ કલાક લાગતા હતા તે હવે ૮-૮ કલાક લાગી રહ્યા છે. યાત્રાના રૂટ પર પર્યાપ્ત જાહેર શૌચાલયના અભાવે અનેક સ્થળોએ પવિત્ર નદીઓમાં ગંદકી ફેંકવામાં આવી રહી છે.

**સ્થાનિક લોકો ચિંતિત**

કેદારનાથ અને બદ્રીનાથમાં સ્થાનિક રહેવાસીઓ દ્વારા શરૂઆતમાં વિરોધ કરવામાં આવ્યો હતો. ક્યાંક ને ક્યાંક સરકાર નિષ્ફળ સાબિત થઈ છે. બદ્રીનાથમાં જિલ્લા પ્રશાસને સ્થાનિક રહેવાસીઓની તમામ પ્રસાદની દુકાનો હટાવી દીધી છે. વર્ષોથી તુલસીના માળા વેચતી સેંકડો સ્થાનિક મહિલાઓ બેરોજગાર બની ગયા છે. કેદારનાથમાં ઘોડા-ખચ્ચરના માલિકો અને સ્થાનિક દુકાનદારો હજુ પણ તેમની સમસ્યાઓનું નિરાકરણ ન આવવાથી નારાજ છે.

**પર્વતો તૈયાર નથી**

આ વર્ષે અહીં ૮૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ આવવાની આશા છે. આટલી મોટી ભીડ માટે પર્વતો તૈયાર નથી. નીતિ ઘડનારાઓને ચારધામ મુસાફરીની વ્યવસ્થા કરતી વખતે મુસાફરોની સંખ્યામાં થયેલા જંગી વધારાને ધ્યાનમાં રાખવું જોઈએ, નહીં તો આપત્તિને આમંત્રણ આપવા જેવું થશે.

પ્રવાસની શરૂઆત પછી તે જ દિવસે યમુનોત્રી મંદિર તરફ જતા ખતરનાક પહાડી માર્ગ પર ભકતોની ભારે ભીડ જોવા મળી હતી. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ પછી પોલીસે શ્રદ્ધાળુઓને ’ઓછામાં ઓછા એક દિવસ’ માટે મંદિરમાં જવાનું ટાળવાની અપીલ કરવી પડી હતી. આવી સ્થિતિમાં અહીંથી યાત્રાળુઓ ખરાબ યાદગીરી સાથે રવાના થશે. આનાથી ઉત્તરાખંડની પર્યટન સ્થળ તરીકેની છબીને અસર થશે.

**અધિકારીઓ મૂકાયા**

જો કે, ઘણા સ્થાનિક લોકો અને તીર્થધામના પૂજારીઓના વિરોધ બાદ સરકારે કેટલાક પગલા લીધા છે. સીએમએ તેમના સચિવ મીનાક્ષી સુંદરમને ઉત્તરકાશીમાં કેમ્પ કરવા કહ્યું છે. આ પહેલા ચારધામની વ્યવસ્થાની દેખરેખ માટે સરકાર અને જિલ્લા સ્તરે ત્રણ-ત્રણ અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. તેમ છતાં પ્રશ્ન એ રહે છે કે હિમાલયમાં આટલી વિશાળ ભીડને સમાવવાની ક્ષમતા ક્યાં છે?

# ટીવી પર હાલ કપિલ શર્મા નહીં હસાવે, તેની જગ્યાએ ઝાકીર ખાન હસાવવા તૈયાર

## હાલ કપિલનો નેટ ફિલક્સ પર શો પ્રસારિત થઇ રહ્યો છે, જે પુરો થયા બાદ બીજી સીઝન પણ ઓટીટી પર

મુંબઇઃ કોમેડીથી લોકોને હસાવીને લોથપોથ કરનાર કપિલ શર્મા ટીવી બાદ ઓટીટીમાં પણ યુઝર્સના દિલમાં જગ્યા બનાવી ચૂક્યો છે. ‘ધી ગ્રેટ ઇન્ડિયન કપિલ શો’ ભલે જ થોડા સમય માટે ઓટીટી ટેલિકાસ્ટ કરવામાં આવે પણ ફેન્સમાં કપિલ અને બાકી સ્ટાર્સના જોક્સ સાંભળવાનો ક્રેઝ રહે છે.



નેટ ફિલક્સ પર કપિલના શોએ ઝમ્પ મારી હતી, આ સ્થિતિમાં ચેનલે કપિલના કોમેડી શોની જગ્યાએ બીજો કોઇ શો ચલાવવાનો હતો. કેટલાક સમય માટે ‘મેડનેસ મચાયેંગે ઇન્ડિયા કો હસાયેંગે’ ટેલિકાસ્ટ કરાયો પણ લોકોને હસાવવામાં આ શો ચૂકી જતો નજરે પડી રહ્યો છે. હવે આ શો ઓફ એર (બંધ થવાનો) છે. તેના સ્થાને ફેમસ કોમેડિયન ઝાકીર ખાન કપિલ શર્માની જગ્યા લેવા તૈયાર છે. ઝાકીર ખાનના શોની ફોર્મેટ પણ ‘ધી કપિલ શર્મા શો’ જેવી છે. તેમાં પણ બોલીવૂડ સેલિબ્રિટી મહેમાન બનીને આવશે. આ શોનું ઓફિશિયલ ટાઇટલ હજુ જાહેર નથી થયું. ઝાકીર ખાનનો કોમેડી અને શાયરી મિક્સ શો ઓગસ્ટમાં શરુ થશે.

ઉલ્લેખનીય છે કે કપિલ શર્માનો ‘ધી ગ્રેટ ઇન્ડિયન કપિલ શો’નો ફિલીક્સ પર ટેલિકાસ્ટ થઇ રહ્યો છે. જે ઓફ એર થવાનો છે. ત્યારબાદ તેની બીજી સીઝન પણ ઓટીટી પર જ શરૂ થશે.

# ‘ઇશ્ક વિશ્ક રિબાઉન્ડ’ ફિલ્મમાં ઋત્વિકની બહેન પશ્મીના જોવા મળશે !






શાહિદ કપુર અને અમૃતા રાવે પહેલીવાર ૨૦૦૩માં ફિલ્મ ‘ઇશ્ક વિશ્ક’થી ફિલ્મી પડદે ડેબ્યુ કર્યુ હતું. કોલેજ લાઇફ રોમાન્સ પર આધારીત આ ફિલ્મ હિટ સાબિત થઇ હતી, જ્યારે તેના ગીતો સુપરહિટ રહ્યા હતા. હવે ૨૧ વર્ષ પછી પ્રેમનો આ જુસ્સો ‘ઇશ્ક વિશ્ક રિબાઉન્ડ’ સાથે ફરી પાછો ફરી રહ્યો છે. ફિલ્મના પાત્રોનું ફર્સ્ટ લુક પોસ્ટર આવી ગયું છે. સ્વાભાવિક છે કે દરેકની નજર હતિક રોશનની બહેન પશ્મિના રોશન પર છે. સંગીત નિર્દેશક રાજેશ રોશનની પુત્રી પશ્મિના આ ફિલ્મથી ડેબ્યુ કરી રહી છે. આ સાથે મેકર્સ ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર કરી દીધી છે. નિપુણ અવિનાશ ધર્માધિકારી દ્વારા દિગ્દર્શિત ‘ઇશ્ક વિશ્ક રિબાઉન્ડ’ આવતા મહિને ૨૧ જુને સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં પશ્મિના રોશનના પાત્રનું નામ સાન્યા છે. જયારે સાથે જોડી રોહિત સરાફ સાથે છે, જે રાઘવનું પાત્ર ભજવી રહ્યો છે. આ વખતે ફિલ્મમાં બે કપલ જોવા મળશે. બીજી જોડી જીબ્રાન ખાન છે, જે સાહિરનું પાત્ર ભજવી રહ્યો છે. તેમની સાથે નાયલા ગ્રેવાલ છે, જે રિયાની ભૂમિકા ભજવી રહી છે.

# આવતીકાલથી મધ્યભારતમાં હિટવેવની ચેતવણીઃ દિલ્હીમાં ૪૫ ડિગ્રી તાપમાનની શકયતા

## હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને દિલ્હીમાં ‘ઓરેન્જ એલર્ટ’



નવીદિલ્હી,તા.૧૭

ઉત્તર પશ્ચિમ ભારતમાં આગામી પાંચ દિવસમાં કાળઝાળ ગરમીની ચેતવણી આપવામાં આવી છે.પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હી પર હીટવેવની સૌથી વધુ અસર થશે એવી માહિતી ઈન્ડિયા મીટિયોરોલોજિકલ ડિપાર્ટમેન્ટ (આઈએમડી)એ ગુરૂવારે આપી હતી. પૂર્વ અને મધ્ય ભારતમાં ૧૮ મેથી હીટવેવની શરૂઆત થશે.

હવામાન વિભાગે હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને દિલ્હી માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. જેમાં બીમાર લોકો બાળકો, વૃદ્ધોને સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં ગરમીને કારણે સૂર્યના તાપમાં સતત કામ કરતા લોકોને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા થઈ શકે. આઈએમડીએ જણાવ્યું હતું કે ૧૭ થી ૨૦ મેના ગાળામાં પશ્ચિમ રાજસ્થાનના અમુક ભાગોમાં હીટવેવની ગંભીર સ્થિતિ ઉભી થવાની શક્યતા છે. જયારે પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં ૧૮-૨૦ મેના ગાળામાં કાળઝાળ ગરમી પડી શકે.શનિવાર સુધીમાં રાજધાની દિલ્હીમાં પારો ૪૫ ડિગ્રી સેલ્સિયસે પહોંચવાની ચેતવણી જાહેર કરવામાં આવી છે. રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર, ગુજરાત, ઝારખંડ, ઓડિશા, સહિતના રાજયોમાં યેલો એલર્ટ જાહેર દરમ્યાન પશ્ચિમ બંગાળના માલદા જિલ્લામાં વિવિધ સ્થળોએ ગુરૂવારે આકાશીય વીજળી પડવાથી ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા છે.જયારે અન્ય બે લોકો દાઝી ગયા છે.

# ફાયરીંગથી ઘાયલ સ્લોવેકિયાના વડાપ્રધાન ફિકો યુક્રેનને હથિયાર આપનાર દેશોના કટ્ટર વિરોધી

બ્રાતિસ્લાયા (સ્લોવેકિયા), તા.૧૬

સ્લોવેકિયાના વડાપ્રધાન રોબર્ટ ફિકો પર ગઇકાલે એક અજાણ્યા હુમલાખોરે ફાયરીંગ કરતા તેમને ઘાયલ અવસ્થામાં હોસ્પીટલે દાખલ કરવામાં આવ્યા હતા. હાલ તે જીવન-મપણ વચ્ચે ઝોલા ખાઇ રહ્યા છે. સ્લોવેકિયાના વડાપ્રધાન ફિકોને





## તેમણે કીવને મળતા સૈન્ય સમર્થન રોકવાના સોગંદ ખાધેલાઃ યુક્રેનને નાટોમાં સદસ્યતા મળે તો તેની સામે વીટો પાવર વાપરવાની ધમકી ફિકોએ આપેલી

લઇને એવી વાત બહાર આવી છે કે તે યુક્રેનને સૈન્ય સમર્થન આપવાના વિરોધી રહ્યા છે. યુક્રેનને પશ્ચિમ દેશો દ્વારા હથિયાર આપવાનો તેમણે વિરોધ કર્યો હતો.

સ્લોવેકિયાની સીમા યુક્રેનને સ્પર્શે છે. તેઓ સ્લોવેક ક્ષેત્રથી યુક્રેનને હથિયાર સપ્લાય કરવાનો વિરોધ કરી ચૂકયા છે. ફિકો પશ્ચિમી દેશોના પણ વિરોધી રહ્યા છે. રશિયા-યુક્રેન યુદ્ધને લઇને તેઓ પશ્ચિમી દેશોની કડક ટીકા કરતા રહ્યા છે. તેમણે કીવને સૈન્ય સમર્થન રોકવાના સોગંદ ખાધા હતા અને રશિયા પર પ્રતિબંધોનો તેમણે વિરોધ કર્યો હતો. નાટો સભ્ય દેશ સ્લોવેકિયાના વડાપ્રધાન ફિકોએ સાફ કહી દીધું હતું કે જો યુક્રેનને નાટો સદસ્યતાનું આમંત્રણ મળે છે તો તે વીટો કરશે.

ફિકોએ એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે આપણે યુદ્ધરત પક્ષો પર દબાણ કેમ ન લાવી શકીએ. યુરોપીય સંઘ અને અમેરિકાના દબાણથી તેમને એક સાથે બેસાડવા અને કોઇ પ્રકારનું સમાધાન શોધવા માટે મજબૂર કેમ નથી કરતા? જે યુક્રેનની સુરક્ષાની ગેરંટી આપે.

ઉલ્લેખનીય છે કે સ્લોવેકિયાના ઇતિહાસમાં આ પ્રથમ ઘટના છે જેમાં કોઇ શીર્ષ નેતા પર ગોળીબાર કરવામાં આવ્યો હોય.

# ત્રીજી ટર્મમાં મોદી સરકાર ગૌહત્યા પર પ્રતિબંધ લાદશેઃ અમીત શાહ

## ગૌવંશની કત્લ કરનારાને ઉંધા લટકાવીને સીધા કરાશે



પટણા તા.૧૭

કેન્દ્રીય ગૃહપ્રધાન અમીત શાહે એવુ જાહેર કર્યુ છે કે ત્રીજી ટર્મમાં મોદી સરકાર ગૌહત્યા પર પ્રતિબંધ મુકી દેશે અને આવતા કૃત્યોમાં સામેલ લોકોને ઉંધા લટકાડીને સીધા કરવામાં આવશે.

બિહારમાં મધુબની તથા સિતામઢીમાં ચૂંટણી સભાને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે લોકોને ખાતરી આપી હતી કે અહીં ગૌહત્યા અને ગૌ તસ્કરી બંધ કરાવામાં આવશે. એક ચૂંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું કે, મોદીજીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવો, જેઓ ગૌહત્યા કરશે તેમને ઉંધા લટકાવીને સીધા કરી દેવામાં આવશે. આ માતા સીતાની ભૂમિ છે. અહીં, ગૌહત્યા અને ગૌ તસ્કરી ચલાવી લેવામાં આવશે નહીં. આ મોદી સરકારની ગેરંટી છે. પીઓકે અમે લઈને જ રહીશું તે નિવેદનનો પણ તેમણે પુનરોચ્ચાર કર્યો હતો. મહિલા આરક્ષણ વિશે વાત કરતા તેમણે કહ્યું કે લાલુ યાદવ અને કોંગ્રેસ આટલા વર્ષોથી અહીં બેઠા હતા, આ તેમની છેલ્લી ટર્મ હોઈ શકે છે તેમ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે એક ચૂંટણી રેલીને સંબોધીત કરતા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે પીએમ મોદીએ સંસદ અને વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનું કામ કર્યું છે. વિપક્ષી ગઠબંધને વડાપ્રધાન પદના ઉમેદવારની જાહેરાત ન કરવાને લઈને પણ શાહે તેમને આડા હાથે લીધા હતા. તેમણે કહ્યું કે સૌથી પહેલી વાત તો એ છે કે તેઓ જીતી જ શકતા નથી, અને જો જીતી પણ જશે તો તેમનો વડાપ્રધાન કોણ બનશે. તેઓ તો વારાફરતી વડાપ્રધાન બનવાની વાત કરે છે. તેમણે કહ્યું કે શું આ કરિયાણાની દુકાન છે? દેશને એક મજબૂત વડાપ્રધાનની જરૂર છે. વિપક્ષને લઈને અમીત શાહે કહ્યું કે આ લોકો એવી અફવા ફેલાવી રહ્યા છે કે જો પીએમ મોદી બહુમતી મેળવીને સરકાર બનાવશે તો અનામત ખતમ કરી દેશે. તેમને જૂઠું બોલતા પણ આવડતું નથી. અમારી પાસે છેલ્લા ૧૦ વર્ષથી બહુમતી છે, શું અમે અનામત હટાવી દીધી છે?

# ૨૫ મે સુધીમાં ગુજરાતમાં તાપમાન ૪૫ ડિગ્રીને વટાવશે : ૧૦ જુન સુધીમાં ચોમાસુ બેસી જશે

## ૧૪ થી ૧૮ જુનમાં ‘છાપરા ઉડાડી નાખે’ તેવો તોફાની વરસાદ થશે : અંબાલાલ પટેલની આગાહી

અમદાવાદ, તા. ૧૭

ગુજરાતના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. આ વચ્ચે હવે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ગુજરાતમાં ચોમાસાને લઈને ફરી મોટી આગાહી કરી છે. ઉપરાંત આ વખતે ચોમાસામાં આંધી-વંટોળ આવવાની શક્યતા પણ વધારે રહી શકે છે. જેના કારણે કાચા મકાનના પતરા ઉડી જાય તેવા વરસાદની સંભાવના રહી શકે છે.

અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, ગુજરાતમાં ૨૦થી ૨૨ મે દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેશે. આ સાથે ૨૬ મેથી રોહિણી નક્ષત્રમાં વરસાદની શક્યતા છે. ગુજરાતમાં ૭થી ૧૦ જૂન સુધીમાં જુદા જુદા ભાગોમાં ચોમાસું બેસશે. જ્યારે ૧૪થી ૧૮ જૂન દરમિયાન આંધી-વંટોળ સાથે વરસાદ પડી શકે છે. ભારે પવનના કારણે મકાનના છાપરા પણ ઉડી શકે છે. તો ૨૫મી જૂન સુધીમાં સમગ્ર રાજ્યમાં ચોમાસું શરૂ થઈ જશે.



આ ઉપરાંત અંબાલાલ પટેલે કહ્યું કે, ૧૭મી મેથી રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધશે. ૨૫ મેથી સુધીમાં મધ્ય ગુજરાતમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીથી ઉપર જઈ શકે. તો અમદાવાદમાં તાપમાન ૪૬ ડિગ્રી સુધી રહી શકે છે. ઉત્તર ગુજરાતમાં પણ ગરમીનો પારો ૪૩ ડિગ્રી, સૌરાષ્ટ્રમાં ૪૩ ડિગ્રી રહી શકે છે. તો ૨૬ મેથી ૪ જૂન વચ્ચે રોહિણી નક્ષત્રનો વરસાદ ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે પડી શકે છે.

તેમણે વધુમાં કહ્યું કે, જુલાઈ-ઓગસ્ટમાં સારો વરસાદ થવાની શક્યતા છે. હિન્દ મહાસાગરમાં ગરમી વધવાની પણ શક્યતા છે. આથી મેના અંતમાં અને જૂનની શરૂઆતમાં અરબી સમુદ્રમાં ચક્રવાતની હલચલ જોવા મળી શકે છે. બંગાળની ખાડીમાં પણ ૧૬મી મે પછી હલચલ જોવા મળી શકે છે. તો ૧૬થી ૨૪ મે દરમિયાન અંદમાન-નિકોબાર ટાપુ પર ચોમાસું બેસી જશે.



# પાકિસ્તાન ભારતથી પાછળ છે : મિસ્બાહ

નવી દિલ્હી :

પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન મિસવાહ ઉલ હકનું માનવું છે કે જયારે તેમની ટીમ આવતા મહિને યોજાનાર ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતનો સામનો કરવો ત્યારે તેના માટે આગળ વધવું મુશ્કેલ હશે. તેને લાગે છે કે આઇસીસી સ્પર્ધાઓમાં કટ્ટર હરીફો સામે રમતી વખતે તેની ટીમ માનસિક રીતે પાછળ રહી જાય છે. મિસ્વાહે કહ્યું જયારે ભારત સામે પાકિસ્તાનને રમવાનું હોય છે. ત્યારે પાકિસ્તાન તેને દુર્ભાગ્ય અને માનસિક તનાવ કહે છે. પાકિસ્તાને ઘણુ કરવાની જરૂર છે. કારણ કે આ એક મજબુત બોલિંગ લાઇન-અપ અને બે સારા સ્પીનરો સાથે ખુબ જ કાર્યક્ષમ ભારતીય ટીમ છે. ભારત પાસે જસપ્રિત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને હાર્દિક પંડયા જેવા ઝડપી બોલર છે. ભારતીય ક્રિકેટ ટીમનું સ્તર અનેકગણું વધી ગયું છે.

મિસવાહે કહ્યું, વિરાટ એક મોટુ પરિબળ બનશે. તેણે ઘણી વખત પાકિસ્તાનને નુકસાન પહોંચાડયું છે. તે માનસિક રીતે પાકિસ્તાનથી ઉપર છે.

# ધો.૧૦-૧૨ની પૂરક પરીક્ષા તા.૨૪ જૂનથી લેવાશે

## ધો.૧૦માં ત્રણ, ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં બે અને સાયન્સમાં ગમે તેટલા વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થી આપી શકશે પરીક્ષા



અમદાવાદ તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ વખતે પૂરક પરીક્ષા વહેલી યોજવાનું નક્કી કર્યું છે. જે અનુસાર હવે રાજયમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા ૨૪ જૂનથી લેવાશે. આ વખતે પૂરક પરીક્ષામાં મોટાપાયે ફેરફાર થયેલા હોવાથી સમયસર પરીક્ષા લઈ પરિણામ જાહેર કરી શકાય તે માટે વહેલી પરીક્ષા યોજવાનું નક્કી કરાયું છે.

દર વર્ષે શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ માસમાં પૂરક પરીક્ષા લેવાતી હતી, પરંતુ આ વખતે જૂનમાં જ પરીક્ષા લેવાશે. શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસમાં લેવામાં આવતી ધો.૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પૂર્ણ થયા બાદ દર વર્ષે જુલાઈ માસમાં પૂરક પરીક્ષા લેવાતી હોય છે, પરંતુ ચાલુ વર્ષે શિક્ષણ વિભાગ દ્વારા પૂરક પરીક્ષામાં ધરખમ ફેરફાર કરાયા છે. જેમાં ધોરણ ૧૦માં અત્યાર સુધી બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવતી હતી, તેના બદલે આ વખતે ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પણ પૂરક પરીક્ષા લેવાશે. જયારે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં અત્યાર સુધી ૧ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાતી હતી, તેના બદલે આ વખતે ૨ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પણ પૂરક પરીક્ષા લેવાશે. જયારે ધો.૧૨ સાયન્સમાં અત્યાર સુધી ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાતી હતી, તેના બદલે આ વખતે ગમે તેટલા વિષયમાં નાપાસ હોય તેમની પૂરક પરીક્ષા લેવાશે. ઉપરાંત માર્ચની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ જો પોતાનું પરિણામ સુધારવા માગતા હોય તો તેઓ પણ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે તેવો પણ નિર્ણય લેવાયો હતો.

જોકે, બોર્ડ દ્વારા પરીક્ષા અંગેનો વિગતવાર કાર્યક્રમ હજુ જાહેર કરાયો નથી, પરંતુ આગામી દિવસોમાં બોર્ડ દ્વારા પરીક્ષા અંગેનો કાર્યક્રમ જાહેર કરાયો છે.

### પૂરક પરીક્ષા માટે ૨.૦૨ લાખ વિદ્યાર્થીઓ લાયક

આ વખતે ધોરણ ૧૦માં ૩ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકશે. ધોરણ-૧૦માં એક વિષયમાં ૫૮૪૨૪, બે વિષયમાં ૬૩૧૯૭ અને ત્રણ વિષયમાં ૩૫૦૮૭ વિદ્યાર્થી નાપાસ થયા છે. જેથી ધોરણ ૧૦ના ૧૫૬૭૦૮ વિદ્યાર્થી પૂરક પરીક્ષા માટે લાયક બન્યા છે. જયારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકશે.

જેથી સામાન્ય પ્રવાહમાં ૨૫૬૮૦ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે લાયક બન્યા છે. જયારે ધોરણ ૧૨ સાયન્સમાં ગમે તેટલા વિષયમાં નાપાસ વિદ્યાર્થી પૂરક પરીક્ષા આપી શકે છે. જેથી સાયન્સમાં એક વિષયમાં ૨૯૭૯, બે વિષયમાં ૭૭૭૨, ત્રણ વિષયમાં ૫૬૩૮ મળી કુલ ૧૯૭૮૯ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જેથી આ વિદ્યાર્થીઓ પણ પરીક્ષા માટે લાયક છે. સાયન્સમાં આ ઉપરાંત કેટલાક પાસ થયેલા વિદ્યાર્થીઓ પણ પરિણામ સુધારવા પૂરક પરીક્ષા આપશે. આમ, હાલના તબકકે ધોરણ ૧૦ અને ૧૨ના મળી કુલ ૨૦૨૧૭૭ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે લાયક છે.

# લ્યો બોલો! ઓડી કારના ચાલકને ‘હેલ્મેટ’ ન પહેરવાનો દંડ; હવે હેલ્મેટ પહેરી કાર ચલાવે છે





ઉત્તર પ્રદેશ : ઝાંસીમાં એક વિચિત્ર ઘટના જોવા મળી. જ્યાં એક વ્યક્તિને હેલ્મેટ પહેર્યા વગર કાર ચલાવવા બદલ ચલણ જારી કરવામાં આવ્યું હતું. વ્યક્તિને આ વાતની જાણ ત્યારે થઈ જ્યારે તેના ફોન પર મેસેજ આવ્યો. જ્યારે તેણે આ બાબતે ટ્રાફિક પોલીસનો સંપર્ક કર્યો તો તેને ચૂંટણી પછી આવવાનું કહેવામાં આવ્યું. આ કારણોસર, હવે તે કાર ચલાવતી વખતે ઘણીવાર હેલ્મેટ પહેરે છે.

માર્ચમાં, એક ટ્રકર્સ યુનિયનના પ્રમુખ બહાદુર સિંહને તેમના સેલફોન પર એક સંદેશ મળ્યો. જેમાં જણાવાયું હતું કે તેમની કારનું ચલણ કરવામાં આવ્યું છે. જ્યારે તે ટ્રાન્સપોર્ટની વેબસાઈટ પર વિગતો તપાસવા ગયો ત્યારે તે તેની આંખો ચોળતા રહી ગયો હતો કારણ કે તેણે હેલ્મેટ પહેર્યું ન હોવાને કારણે ચલણ જારી કરવામાં આવ્યું હતું. જ્યારે ચલનમાં ફોટો ટુ-વ્હીલરનો છે, ત્યારે વાહનની કેટેગરીનો સ્પષ્ટપણે ’મોટર કાર’ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઝાંસીની નંદુ કોલોનીના રહેવાસીએ ટ્રાફિક પોલીસ અધિકારીઓનો સંપર્ક કર્યો, પરંતુ તેમને કહેવામાં આવ્યું કે તેઓ લોકસભાની ચૂંટણી પૂરી થયા પછી આ બાબતની તપાસ કરશે. ઉત્તર પ્રદેશમાં તમામ સાત તબક્કામાં મતદાન થવાનું છે એટલે કે ૧ જૂને અને મતગણતરી ૪ જૂને થશે, એટલે કે આ પછી તેમણે ઓછામાં ઓછા ત્રણ દિવસ રાહ જોવી પડશે.

બહાદુર સિંહે કહ્યું કે, ત્યાં સુધી તેણે વધુ દંડથી બચવા માટે ડ્રાઇવિંગ કરતી વખતે હેલ્મેટ પહેરવાનું નક્કી કર્યું છે અને તેના આ નિર્ણયે તેને ઝાંસીની સડકો પર પાગલ બનાવી દીધો છે.

પરિહારે કહ્યું, ‘‘હેલ્મેટ પહેર્યા વિના કાર ચલાવવા બદલ મને ચલણ જારી કરવામાં આવ્યું હતું. જો મારે હેલ્મેટ પહેરીને કાર ચલાવવી હોય... તો હું શું કરી શકું? મારે ડ્રાઇવિંગ કરતી વખતે હેલ્મેટ પહેરવી પડશે. ટ્રાફિક પોલીસ અધિકારીઓએ મને કહ્યું છે કે તેઓ ચૂંટણી પછી આ બાબતની તપાસ કરશે

# ઓલિમ્પિકસ માટેની ભારતીય ટેબલ ટેનિસ ટીમમાં ગુજરાતના બે ખેલાડીઓનો સમાવેશ

## હરમીત દેસાઈ અને માનવ ઠકકર પેરિસ જશેઃ મેન્સ-વુમન્સ ટીમ જાહેર



નવી દિલ્હી તા.૧૭

જુલાઈમાં પેરિસ ખાતે યોજાનારી ઓલિમ્પિક ગેમ્સ માટે ગુરુવારે જાહેર કરાયેલી ભારતની ટેબલ ટેનિસ ટીમમાં ગુજરાતના હરમીત દેસાઈ અને માનવ ઠકકર એમ બે ખેલાડીને સામેલ કરવામાં આવ્યા છે. ભારતની મેન્સ ટીમના સુકાની તરીકે શરથ કમાલ અને વિમેન્સ ટીમની સુકાની તરીકે મણિકા બત્રાની વરણી કરાઈ હતી.

ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ટીટીએફઆઈ) ટીમની જાહેરાત કરી હતી. ઓલિમ્પિકસમાં ભારત પહેલી વાર ટેબલ ટેનિસની ટીમ ગેમમાં કવોલિફાઈ થયું છે.

ટીટીએફઆઈની સીનીયર પસંદગી સમીતીએ ગુરુવારે શરથ કમાલની આગેવાની હેઠળની ભારતીય ટેબલ ટેનીસ ટીમની જાહેરાત કરી હતી. ઓલિમ્પિકસના નિયમ મુજબ છ સદસ્યની ટીમમાં કોણ સિંગલ્સમાં રમશે તે પણ જાહેર કરવાનું હોય છે.

આ મુજબ શરથ કમાલ, હરમીત દેસાઈ અને માનવ ઠકકર ત્રણ સદસ્યની મેન્સ ટીમમાં રમશે અને મણિકા બત્રા, શ્રીજા અકુલા અને અર્ચના કામથ વિમેન્સ કેટેગરીમાં ભાગ લેશે.

બંને કેટેગરીમાં વૈકલ્પિક ખેલાડી તરીકે જી.સાથિયાન અને અહિકા મુખરજી રહેશે. મેન્સ સિંગલ્સમાં શરથ કમાલ અને હરમીત દેસાઈ તથા વિમેન્સ સિંગલ્સમાં મણિકા બત્રા અને ત્રીજા અકુલા ભાગ લેનારા છે. તાજેતરના વર્લ્ડ રેન્કીંગને આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

શરથ કમાલ પાંચમી અને છેલ્લી વાર ઓલિમ્પકસમાં રમનારો છે. તે ૨૦૦૪માં બેઈજીંગ ઓલિમ્પિકસમાં પહેલી વાર ભારત માટે રમ્યો હતો.

વિમેન્સ સિંગલ્સમાં ત્રીજી ખેલાડી માટે ચર્ચા થઈ હતી. મણિકા બત્રા અને શ્રીજા અકુલા મોખરાના ૫૦ ખેલાડીમાં સ્થાન ધરાવે છે જયારે અર્ચના કામથ વિશ્વમાં ૧૦૩મો ક્રમાંક ધરાવે છે. બેંગ્લોરની અર્ચના કામથ હાલમાં અહિકા મુખરજી (૧૩૩) કરતાં આગળ છે. મેન્સ ક્રમાંકમાં શરથ કમાલ હાલમાં ભારતનો મોખરાનો અને વિશ્વનો ૪૦મો ક્રમાંકીત ખેલાડી છે તો હરમીત દેસાઈ ૬૩ અને માનવ ઠકકર ૬૨મો ક્રમાંક ધરાવે છે.

**ભારતની ટીમઃ**

**મેન્સઃ** શરથ કમાલ, હરમીત દેસાઈ અને માનવ ઠકકર, વૈકલ્પિક ખેલાડી જી.સાથિયાન.

**વિમેન્સઃ** મણિકા બત્રા, શ્રીજા અકુલા અને અર્ચના કામથ, વૈકલ્પિક ખેલાડીઃ અહિકા મુખરજી.

# વોટસએપમાં નવી ચેનલો સર્ચ કરવી સરળ બનશે



વોટસએપ ચેનલમાં એક નવું ફીચર આવવાનું છે. તેની મદદથી યુઝર્સ નવી ચેનલો સર્ચ કરી શકશે. વેબસાઈટ વેબટેઈનફોના રિપોર્ટમાંથી આ માહિતી મળી છે. ચેનલ્સ ટેબનું ઈન્ટરફેસ સંપૂર્ણપણે પુનઃડિઝાઈન કરવામાં આવ્યું છે. તેમાં એક નવો એક્સપ્લોર શોર્ટકટ ઉમેરવામાં આવ્યો છે. આ ઉપરાંત, ચેનલ નિર્માણ વિભાગને પણ સ્થાનાંતરિત કરવામાં આવ્યો છે. આ સિવાય ઝુમ કંટ્રોલ ફીચર પર પણ કામ ચાલી રહ્યું છે, જેના દ્વારા વોટસએપ કેમેરાને ઝૂમ કરી શકે છે.

### Google One VPN સેવા બંધ થઈ જશે




Google One VPN સેવા ૨૦ જૂનથી બંધ થઈ જશે. તે ઓકટોબર ૨૦૨૦માં રજૂ કરવામાં આવ્યું હતું. એક રિપોર્ટ અનુસાર, ગુગલે અલગ વીપીએન સર્વિસ પર પૈસા ન ખર્ચવાની યોજના બનાવી છે. આ અંતર્ગત વીપીએન સેવા બંધ કરવામાં આવી રહી છે. ગુગલનું ઈન-બિલ્ટ વીપીએન અપડેટ જૂના Google Pixel 7, Google Pixel 7 Pro અને Google Pixel 7A અને ફોલ્ડ ઉપકરણો માટે રિલીઝ કરવામાં આવશે.

### Netflix અન્ય સુવિધાને દૂર કરશે




નેટફિલકસ વધુ એક ફીચર હટાવવાની તૈયારી કરી રહ્યું છે. કંપનીએ પહેલાથી જ પાસવર્ડ શેરિંગ પર પ્રતિબંધ મુકયો છે. એક રિપોર્ટ અનુસાર Netflix તેની Windows 11 અને Windows 10 એપ્સને સમાપ્ત કરવા જઈ રહી છે. તેના બદલે વેબ એપ્લીકેશન રજુ કરી શકાય છે. જો કે, NETFLIX Windows પરના વપરાશકર્તાઓને ડાઉનલોડ/ઓફલાઈન સુવિધા મળશે નહીં. વપરાશકર્તા મૂવી અથવા વેબસીરીઝ ડાઉનલોડ કરીને ઓફલાઈન જોઈ શકશે નહીં.

## દેશમાં હાઈ.બી.પી.ના ૧.૮૮ કરોડ દર્દીઓ


# આજે વર્લ્ડ હાઈપરટેન્શન ડેઃ હાઈ બી.પી.ના ૫૦ ટકા દર્દીઓને કિડનીનું જોખમ

## બી.પી.ને નિયંત્રણમાં રાખવા લોકોમાં જાગૃતિ જરૂરીઃ નિષ્ણાંતો

નવીદિલ્હી,તા.૧૭

હાઈ બ્લડ પ્રેશર (બી.પી.) કે હાઈપરટેન્શનના લગભગ ૫૦ ટકા લોકોને લાંબા ગાળે કિડની પર પ્રતિકૂળ અસર થવાની શકયતા છે.તેમને ડાયાલિસિસ કે કિડની ટ્રાન્સપ્લાન્ટની પર જરૂર પડી શકે એવી ચેતવણી નિષ્ણાતોએ વર્લ્ડ હાઈપરટેન્શન ડે પહેલાં ગઈકાલે ગુરૂવારે આપી હતી.

વર્લ્ડ હાઈપરટેન્શન ડે દર વર્ષે ૧૭ મેના રોજ ઉજવાય છે.તેનો હેતુ સાઈલેન્ટ કિલર તરીકે જાણીતા હાઈબીપી અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં હાઈ બીપીના ૧.૮૮ કરોડ દર્દી છે.લીલાવતી હોસ્પિટલનાં નેફ્રોલોજિસ્ટ એલ.એચ.સુરતકાલે જણાવ્યું હતું કે હાયપરટેન્શનને નિયંત્રિત કરવામાં ન આવે તો કિડનીની આસપાસની નળીઓ સાંકડી બને છે કે નબળી પડે છે. તેને લીધે રકતને શુદ્ધ કરવાની અને શરીરમાં ઈલેક્ટ્રોલાઈટ્સના નિયમનની કિડનીની પ્રક્રિયા ખોરવાય છે. હાયપરટેન્શન કિડનીમાં લોહીની નળીઓ અને ફિલ્ટર્સને નુકશાન પહોંચાડે છે. શરીરનો કચરો બહાર કાઢવા માટે કાર્યક્ષમ કિડની જરૂરી છે. તેમણે કહ્યું હતું કે હાઈ બીપીની સારવાર કરવામાં ન તો કિડની ફેલ્યોરની શકયતા વધે છે અને મૃત્યુનું જોખમ પણ ઉભું થાય છે. હાઈ બીપીના ૩૦ ટકા દર્દીને લાંબા ગાળે કિડનીનું નુકશાન થાય છે. અને ડાયાલિસીસ કે ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે છે. હાઈબીપીની અસર હૃદય, મગજ અને આંખો પર થાય છે. નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર બેઠાડુ જીવન, સ્થૂળતા, શારીરિક શ્રમનો અભાવ અને તણાવને કારણે ૧૫ થી ૬૦ વર્ષના ભારતીયોમાં હાયપરટેન્શનનું પ્રમાણ વધ્યું છે મુંબઈની ઝિનોવા શેલ્બી હોસ્પિટલના કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ અને રિનલ ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન રુજુ ગાલાએ જણાવ્યું હતું.કે કિડનીની બીમારી ધરાવતા દર્દીઓની સંખ્યા વધી રહી છે. દર મહિને લગભગ ૮૦ થી ૧૦૦ દર્દી સારવાર માટે આવે છે. જેમાંથી ૫૦ થી ૭૫ લોકોને હાઈબીપીની સમસ્યા હોય છે. તેમણે સમજાવ્યું હતું કે હાઈબીપી કિડનીમાં લોહીની નળીઓને સાંકડી કરીને તેના માળખાને નુકશાન પહોંચાડે છે. તેને કારણે નેફ્રોસ્કલેરોસિસ થાય છે. જેમાં કિડની સ્થિતિસ્થાપકતા ગુમાવે છે. અને શરીરમાંથી કચરો બહાર કાઢવાની તેની ક્ષમતા ઘટે છે. રુજુએ કહ્યું હતું કે હાઈપરટેન્શનને કારણે બીપીનું નિયમન કરતા અને કિડનીમાં પ્રવાહીનું સંતુલન બગડે છે. WHO ના જણાવ્યા અનુસાર ભારતમાં ૫૦ ટકા લોકો હાઈબીપીને નિયંત્રણમાં રાખે તો ૨૦૪૦ સુધીમાં ઓછામાં ઓછા ૪૬ લાખ લોકોના મૃત્યુ અટકાવી શકાશે.



# ગુજરાતના ખેડૂતો પર બેંકોનું ૮૨,૭૫૩ કરોડનું કરજ

## ૧૦ વર્ષમાં લોનમાં ૪૮,૬૫૩ કરોડનો વધારો : બાકી દેવામાં તામિલનાડુ, આંધ્ર અને યુ.પી. ટોપ-થ્રીમાં



ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સહિત દેશના ખેડુતો માટે સૌથી સંવેદનશીલ અને સળગતો પ્રશ્ન બેંક લોન કે બાકી દેવાનો છે. અનેક રાજયો દ્વારા ખેડુતોના દેવા માફી રાજય કે ભારત સરકાર સમક્ષ હંમેશા માંગણી ઉઠતી રહી છે. આ માટે આંદોલનો પણ થતા રહ્યા છે.

સામાન્ય રીતે, ખેડુતો બિયારણ-રાસાયણિક ખાતરની ખરીદી સહિતની વિવિધ કારણોસર દર વર્ષે અથવા ખેતીની સિઝન દરમિયાન વિવિધ બેંકો પાસેથી હજારો-કરોડો રૂપિયાની લોન લેતા હોય છે. પરંતુ કમોસમી વરસાદ, અતિવૃષ્ટ કે અનાવૃષ્ટિ જેવા કારણોસર ખેડૂતો, બેંકોમાંથી લીધેલી લોન ભરપાઇ કરી શકતા નથી અને આખરે તેમને આત્મહત્યા કરવા સુધી જવું પડે છે. એટલે દર વર્ષે ખેડુતોના દેવા માફીની માંગણી ઉઠવા પામે છે.

ભારત સરકારની માહિતી દેશના તમામ રાજયોના ખેડુતો શિડયુલ કોમર્શિયલ બેંકોમાંથી કુલ ૧૯,૦૭,૪૪૪ કરોડની લોન લીધી છે અર્થાત દેશના ખેડુતોને માથે રૂા. ૧૯.૦૭ લાખ કરોડનું બેંક દેવું છે. જેમાંથી ગુજરાતના લાખો ખેડૂતોએ પણ કુલ ૮૨,૭૫૩ કરોડની લોન લીધી છે. એનો અર્થ પણ એ થાય કે, ગુજરાતના ખેડુતોને માથે પણ રૂા.૮૨,૭૫૩ કરોડનું દેવું છે.

દેશમાં સૌથી વધુ રૂા.૨,૮૮,૯૦૦ કરોડની બેંક લોન તામિલનાડુના ખેડુતોએ લીધી છે. જયારે દેશમાં બીજા ક્રમે રૂા. ૨,૦૮,૪૧૮ કરોડની લોન આંધ્રપ્રદેશના ખેડૂતોએ, ત્રીજા નંબરે રૂા. ૧,૯૧,૩૬૫ કરોડની લોન ઉત્તરપ્રદેશના ખેડુતોએ મેળવી છે.

ગુજરાતના સંદર્ભમાં છેલ્લા એક દસકાની વાત કરીએ તો ગત ૨૦૧૫ના વર્ષમાં ગુજરાતના ખેડુતોને માથે કુલ ૩૪,૧૦૦ કરોડની બેંક લોન કે દેવું હતું જે ૧૦ વર્ષ બાદ ૨૦૨૩ના વર્ષમાં વધીને ૮૨,૭૫૩ કરોડ જેટલું થઇ ગયું છે. એટલે કે, આ એક દસકામાં ૪૮,૬૫૩ કરોડનો

(અનુસંધાન છઠ્ઠા પાને)

### છેલ્લા ૩ વર્ષમાં દેશની ખેત-લોનની સ્થિતિ

| વર્ષ | બાકી બેંક લોન |
|---|---|
| ૨૦૨૧ | ૧૫૧૮૧૧૨ |
| ૨૦૨૨ | ૧૭૦૩૩૧૫ |
| ૨૦૨૩ | ૧૯૦૭૪૪૪ |

### દેશના ટોપ ૫ રાજયમાં છેલ્લા ૩ વર્ષની ખેત-લોનની સ્થિતિ

| રાજયો | ૨૦૨૧ | ૨૦૨૨ | ૨૦૨૩ |
|---|---|---|---|
| તામિલનાડુ | ૨૨૩૦૦૭ | ૨૫૨૪૭૨ | ૨૮૮૯૯૦ |
| આંધ્રપ્રદેશ | ૧૫૮૩૭૧ | ૧૮૦૦૬૧ | ૨૦૮૪૧૮ |
| ઉત્તરપ્રદેશ | ૧૫૯૨૫૭ | ૧૭૩૫૫૭ | ૧૯૧૩૬૫ |
| કર્ણાટક | ૧૨૧૧૯૬ | ૧૩૭૨૪૧ | ૧૫૩૪૪૦ |
| રાજસ્થાન | ૧૦૪૭૯૭ | ૧૧૭૧૩૮ | ૧૨૬૯૮૦ |
| મહારાષ્ટ્ર | ૧૦૨૯૦૦ | ૧૧૧૫૪૭ | ૧૨૧૭૬૫ |

### છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતના ખેડૂતોને માથે કેટલું દેવું વધ્યું

| વર્ષ | બેંકની બાકી લોન દેવું | દેવામાં વધારો |
|---|---|---|
| ૨૦૧૪ | ૩૪,૧૦૦ | ૦ |
| ૨૦૧૫ | ૩૮,૨૦૦ | ૪૧૦૦ |
| ૨૦૧૬ | ૪૪,૮૦૦ | ૬૬૦૦ |
| ૨૦૧૭ | ૫૦,૬૦૦ | ૫૮૦૦ |
| ૨૦૧૮ | ૫૭,૧૦૦ | ૬૫૦૦ |
| ૨૦૧૯ | ૬૦,૯૦૦ | ૩૮૪૪ |
| ૨૦૨૦ | ૬૩,૩૪૯ | ૨૪૦૫ |
| ૨૦૨૧ | ૭૦,૭૨૩ | ૭૨૭૪ |
| ૨૦૨૨ | ૭૪,૧૩૪ | ૩૪૧૧ |
| ૨૦૨૩ | ૮૨,૭૫૩ | ૮૬૧૩ |

## જાનકી નવમીએ રામલલ્લાને કેસરીયો શણગાર



ભગવાન શ્રીરામનાં ભવ્ય મંદિરના નિર્માણ બાદ જન્મભૂમિ અયોધ્યામાં ઉત્સવોની હારમાળા છે. ગુરૂવારે છોટી દેવકાલી મંદિરમાં જાનકી નવમીની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે રામલલ્લાને પણ કેસરીયા વાઘા સાથે શણગાર કરાયા હતા.ભઈ પ્રગટ કુમારી ભૂમિ વિહારી જનહીતકારી સુકુમારી..ની સ્તુતિ સાથે માતા જાનકીનો પ્રાગટય ઉત્સવ મનાવાયો હતો.દેવમાનાં ફુલ બંગલાની ઝાંખી સાથે ૧૦૫૧ દિવડાની મહાઆરતી થઈ હતી. રામમંદિરમાં ઉત્સવ પ્રતિકાત્મક હતો છતાં વિવિધ અનુષ્ઠાન કરાયા હતા.

# સોના પછી ચાંદીનો વારો! ભાવ રૂા.૯૦,૦૦૦ની નજીકઃ નવો રેકોર્ડ

## ચોવીસ કલાકમાં જ ચાર ટકા જેવો તોતીંગ ભાવવધારોઃ સોનાની જેમ લોકો જુની ચાંદી પણ વેચવા લાગ્યા



રાજકોટ, તા.૧૭

બુલીયન માર્કેટમાં ઉથલ પાથલ વચ્ચે તેજીનો દોર ચાલી રહ્યો છે. સોના પછી હવે ચાંદીએ વારો લીધો હોય તેમ ભાવ રેકોર્ડસ્તરે પહોંચવા લાગ્યા છે. આજે ચાંદીનો ભાવ ૯૦,૦૦૦ની નજીક પહોંચી ગયો હતો. હવે ટૂંકાગાળામાં ૧,૦૦,૦૦૦ને આંબે તેવી અટકળો વ્યકત થવા લાગી છે.

રાજકોટમાં આજે ચાંદીનો ભાવ ૧૧૫૦ના જોરદાર ઉછાળાથી ૮૯૧૫૦ થયો હતો. વિશ્વબજારમાં ૨૯.૭૦ ડોલરનો ભાવ હતો. સોનુ ૭૫૭૦૦માં સ્થિર હતાં.

જાણકારોના કહેવા પ્રમાણે કેટલાંક વખતથી ચાંદીની ડીમાંડમાં વધારો થયો છે. અત્યાર સુધી સોનાના પ્રમાણમાં ઓછો ભાવ વધારો હતો. હવે તેનો વારો આવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. છેલ્લા એક મહિનામાં ભાવમાં પાંચ ટકાનો વધારો થયો છે. ઇલેક્ટ્રીક વ્હીકલના વધતા ચલણ તથા સોલાર પેનલમાં વધતા ઉપયોગને પગલે ચાંદીમાં ઔદ્યોગિક ડીમાંડમાં મોટો વધારો થયો છે.

જ્વેરીઓના કહેવા પ્રમાણે ચાંદીનો ભાવ ઉંચકાતા સામાન્ય લોકો સોનાની જેમ જુની ચાંદી પણ બહાર કાઢવા લાગ્યા છે. બજારમાં ચાંદીના બાર, સિક્કા તથા વાસણો વેચવા નીકળ્યા છે.

નિષ્ણાંતોએ એમ કહ્યું કે અમેરિકાએ મોંઘવારીમાં ઘટાડા સાથે વ્યાજદર ઘટાડવાનો નિર્દેશ કરતા તેજીને ટેકો મળ્યો છે.

ભારતને લાગે વળગે છે ત્યાં સુધી ચાંદીની આયાત વધી છે. વર્ષ દરમ્યાન ૧૫૬૧.૮ ટનની આયાત હતી તે આગલા વર્ષે ૧૧૭૩.૮૯ ટનની થઇ હતી. ગત એપ્રિલ મહિનામાં પણ ચાંદીની આયાતમાં વધારો માલુમ પડ્યો હતો.

## રૂપિયામાં કડાકો રોકવા રિઝર્વ બેંકની દરમિયાનગીરી



મુંબઈ,તા.૧૭

અમેરિકી ડોલર સામે છેલ્લા કેટલાક સમયથી રૂપિયો ડગમગી રહ્યો છે. ડોલર ઈન્ડેક્સ મજબૂત બનતાં રૂપિયો નબળો પડ્યો છે. જો કે, આરબીઆઈ રૂપિયામાં ઘટાડો અટકાવવા સતત દરમિયાનગીરી કરી રહી છે. મીડિયા સૂત્રોના જણાવ્યા અનુસાર, આરબીઆઈ રૂપિયા પર પ્રેશર ઘટાડવા માટે મોટાપાયે અમેરિકી ડોલર વેચી રહી છે. જેથી રૂપિયો ૮૫.૦૦થી ૮૫.૬૦ની રેન્જમાં સ્થિર થયો છે. અમેરિકી ડોલર નબળો પડવાની શક્યતા વચ્ચે આજે રૂપિયો ડોલર સામે ફ્લેટ ટ્રેડ થઈ રહ્યો છે. કોમોડિટીના ઉંચા ભાવો અને વિદેશી ફંડ્સની વેચવાલીના પગલે રૂપિયો સહિત એશિયન કરન્સીમાં પ્રેશર સર્જાયું છે. આજે રૂપિયો ડોલર સામે ૮૩.૫૦ના લેવલે ખૂલ્યો હતો. જે ઘટી ૮૩.૪૯ થયો હતો. ગત શુક્રવારે ડોલર સામે રૂપિયો મજબૂત ૮૩.૪૮ના સ્તરે ખૂલ્યા બાદ ગઈકાલે ૮૩.૫૦ના લેવલે બંધ રહ્યો હતો. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો ઈક્વિટી બજારમાં ટેકો આપવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. ડોલર ઈન્ડેક્સ રેકોર્ડ સ્તરે આગળ વધી રહ્યો હતો. જેના લીધે રૂપિયા પર દબાણ વધ્યું હતું. જો કે, અમેરિકી ફેડ દ્વારા વ્યાજદરોમાં ઘટાડાની શક્યતા વચ્ચે હવે આરબીઆઈ સહિત ફોરેક્સ ટ્રેડર્સ દ્વારા ડોલરની વેચવાલી વધી છે. જે રૂપિયાને મજબૂત બનાવવામાં મદદરૂપ સાબિત થશે.

# સેન્સેક્સ ઈન્ટ્રા-ડે ૭૪૦૦૦ની સપાટીને પારઃ શેરબજાર આવતીકાલે બે સેશનમાં ચાલુ, સોમવારે બંધ રહેશે

## હેવીવેઈટ તથા રોકડાના શેરોમાં ઓલરાઉન્ડ લેવાલીઃ મહિન્દ્ર નવી ઉંચાઈએ પહોંચ્યો



રાજકોટ, તા.૧૭

શેરબજારમાં તેજીનો નવો દોર હોય તેમ આજે પણ ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સ ૭૪૦૦૦ની સપાટીને પાર કરીને પાછો ફર્યો હતો.

શેરબજારની આજે શરૂઆત તેજીના ટોને થઇ હતી વિશ્વબજારમાં ઉછાળો હોવાથી સંગીન પડઘો પડ્યો હતો. ખાસ કરીને અમેરિકામાં ડાઉજોન્સ ઈતિહાસમાં પ્રથમ વખત ૪૦૦૦૦ની સપાટીને પાર કરી ગયો હોવાથી સારી અસર થઇ હતી. અમેરિકામાં મોંઘવારી હળવી થતાં આવતા સમયમાં વ્યાજદર ઘટવાનું શરુ થવાના સંકેતોથી જોરદાર તેજી થઇ હતી. જો કે ડાઉજોન્સ ૪૦૦૦૦ ક્રોસ કરી ગયા બાદ પાછો પડ્યો હતો અને મામુલી ઘટાડો સુચવતો હતો જાણીતા શેર બ્રોકરોના કહેવા પ્રમાણે વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલી ધીમી પડતા અને સ્વદેશી ફંડો જંગી રોકાણ ઠાલવતા હોવાથી માર્કેટમાં દબાણ વર્તાતું નથી. સારી અસર પડી રહી છે ચૂંટણીમાં મોદી સરકારની જીત થવાનો આશાવાદ પણ દ્રઢ બનતો

(અનુસંધાન છઠ્ઠા પાને)

# પ્રાંત-૧ કચેરીમાં અશાંત ધારાની ૬૦ ફાઈલોનો ભરાવો, ફટાફટ નિકાલ કરવા તાકીદ

## કર્મચારીઓ સાથે તાબડતોબ બેઠક બોલાવતા પ્રાંત અધિકારી ચાંદની પરમારઃ આરટીઆઈના પેન્ડીંગ કેસોનો પણ નિકાલ કરવા પણ આદેશ



રાજકોટ તા.૧૭

શહેરની જુની કલેકટર કચેરીના કંપાઉન્ડમાં કાર્યરત પ્રાંત-૧ કચેરીમાં અશાંત ધારાની ૬૦ જેટલી ફાઈલોનો ભરાવો થયો હોય આ ફાઈલોનો ફટાફટ નિકાલ કરવા માટે પ્રાંત અધિકારી ચાંદની પરમાર દ્વારા કર્મચારીઓને આદેશ કરવામાં આવેલ હતો.

અહીં ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણીને પગલે કર્મચારીઓ સાથે વહીવટી તંત્ર ચૂંટણીની તૈયારીઓમાં જ વ્યસ્ત હોવાથી અશાંત ધારાની ફાઈલોનો સમયસર નિકાલ થઈ શકયો ન હતો. જેના પગલે અશાંત ધારાના કેસોની ૬૦ જેટલી ફાઈલોનો ભરાવો થવા પામેલ છે.

લોકસભાની ચૂંટણી બાદ હવે વહીવટી તંત્રની કામગીરીની ગાડી પાટા ઉપર ચડી છે ત્યારે પ્રાંત-૧

(અનુસંધાન છઠ્ઠા પાને)

# કાલે ઔપચારિક જનરલ બોર્ડ

## વધુ એક સામાન્ય સભામાં તમામ દરખાસ્તો પેન્ડીંગ રહેશે

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનનું દ્વિમાસિક જનરલ બોર્ડ આવતીકાલે મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને મળશે. જોકે ચૂંટણી આચારસંહિતા લાગુ હોય બોર્ડમાં કોઇ કાર્યવાહી થઇ શકવાની નથી.

લોકસભાની ચૂંટણીની આચારસંહિતા આ વખતે સૌથી લાંબી છે. છેલ્લે સ્ટે કમીટીની બેઠક અને જનરલ બોર્ડ ચૂંટણીના કારણે પેન્ડીંગ રહ્યા હતા. પરંતુ દર મહિને સ્ટે.કમીટી અને દર બે મહિને સામાન્ય સભા બોલાવવી નિયમ મુજબ જરૂરી હોય છે. જેથી કાલે શનિવારે સવારે ૧૧ કલાકે સામાન્ય સભા મળશે.

આ બેઠકમાં માત્ર વંદે માતરમ ગાન કરીને તમામ દરખાસ્તો પેન્ડીંગ રાખવામાં આવશે. નાના મવાના પ્લોટની ફાળવણી રદ કરવા, છઠ્ઠા પગાર પંચની વિસંગતતા દુર કરવા, કાયમી સેટઅપ, રામનગરમાં પાણીની સુવિધા, શ્રમિક બસેરા સહિતની કુલ પાંચ દરખાસ્તો પર હવે પછીના બોર્ડમાં નિર્ણય લઇ શકાશે.

NEW ACTIVA
મેગ્નેટ (શટર લોક ચાવી)
માત્ર ૫ મિનિટમાં
(ઈટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.

પેટ્રોલ પંપ માટે જોઈએ છે
ફિલર મેન
સંપુર્ણ બાયોડેટા સાથે રૂબરૂ મળો.
સમય : સવારે ૧૧ થી ૧, સાંજે ૫ થી ૭
ગીતા પેટ્રોલ પંપ
કુવાડવા રોડ, રાજકોટ.
Mo. 98242 11531

પ્રવેશ પ્રક્રિયા શરૂ છે
સમય : સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે
પટેલ પાર્ક, શેરી નં. ૧, રામધણ બંગ્લોઝની પાછળ, રાજકોટ
Mo. 95100 99686, 82000 07672
લિટલ હેવન પ્રી સ્કુલ
ગુજરાતી માધ્યમ
શિવમ વિદ્યાલય
Play House Nursery L.K.G. H.K.G.
મવડી પ્લોટ વિસ્તારની મોટામાં મોટી પ્રી સ્કુલ કે જયાં બાળકોને જ્ઞાન સાથે ગમત અને બેસ્ટ એજ્યુકેશન આપતી પ્રિ-સ્કુલ
અમારી ખાસીયતો
– આપના બાળકોના પાયાનું સર્વશ્રેષ્ઠ ઘડતર એટલે લીટલ હેવન પ્રી સ્કુલ.
– આનંદપૂર્ણ હવા ઉજાસવાળુ પાંચ માળનું વિશાળ બિલ્ડીંગ.
– બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત-ગમતનું વિશાળ ગ્રાઉન્ડ.
– સ્કુલનો પ્રાઈવેટ સ્વીમીંગ પુલ.
– બાળકોને રમત-ગમત સાથે જ્ઞાન મળે તેવી વ્યવસ્થા.
–સમયાંતરે વાલી મીટીંગ.
– દર અઠવાડિયે વિકલી ટેસ્ટ.
– દર છ માસના અંતે બાળકોને અપાતો પ્રોગ્રેસ રીપોર્ટ.
–અનુભવી નિષ્ણાંત શિક્ષકો દ્વારા અપાતુ શિક્ષણ.
– શનિવારના દિવસે બાલસભા, કસરત, અવનવી પ્રવૃતિઓનું આયોજન.
– દરેક વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાનો હોવાથી વહેલાસર પ્રવેશ મેળવી લેવો.



